(ગુજરાતમાં ચાલુ)

વતન-ઇનામ

સંબંધી

કાયદા કાનુનો

ટીકા તથા ફેસલા સહિત.

તૈયાર કરનાર

ગોવિંદજી ગોપાળજી દેશાઇ

માજી મામલતદાર.

भला थवुं अने भलुं करवुं, ए जींदगीनुं सार्थक छे.

ધી સુરત 'જૈન' પ્રીન્ટીંગ પ્રેસમાં મહુભાઇ આહાદામે છાપ્યું.
૯૦ ખપાટીઆ ચકલા—સુરત.

સને ૧૯૧૨.

કીંમત રૂ૦ ૨-૦-૦.

અર્પણ પત્રિકા-

સ્વર્ગસ્થ રા. બ. ભીમભાઇ કીરપારામ,

માજી તાલુકદારી સેટલમેન્ટ ઑફીસર સાહેબ

બહાદુર, ગુજરાત.

એમના સ્મર્ણાર્થે,

આ વતન ઇનામ નામનો લઘુ ગ્રંથ, એમના

અમર આત્માને અર્પણ કરૂં છું.

કતારગામ
તા. ૨૯—૬—૧૨ } ગોવિંદજી ગોપાળજી દેસાઇ.

પ્રસ્તાવના.

મુંબઇનો વંશપરંપરાના હુદ્દાઓ સંબંધી આકટ સન ૧૮૭૪ નો ૩ જો (વતન આકટ,) ૩૭ વર્ષ થયાં અમલમાં છે તે દરમ્યાન એ આકટ પાંચ કરતાં વધારે વખત થોડા થોડા વર્ષને અંતરે જુદા જુદા આકટોથી સુધારવામાં આવ્યો છે. આ સઘળા કાયદા એક ઠેકાણે નહીં હોવાથી ગુજરાતમાં વતન સંબંધી શું કાયદો હાલ અમલમાં છે તે ઘણા ખરા વતનદારો, મતાદારો, તેમજ રૈયતના બરાબર જાણવામાં હોય એમ લાગતું નથી. સબબ સુધારા વધારા સાથે એ કાયદા એક પુસ્તક આકારમાં મલી આવે એવા હેતુથી આ પ્રયત્ન કર્યો છે.

૨. વતન સંબંધી કાયદો સમજવો ઘણોજ કઠણ હોવાથી તેની ટીકા પણ આપી છે.

૩. વતન ઇનામ સબંધી કાયદો છપાવી પ્રસીદ્ધ કરવાનું આવી રીતે કારણ મળી આવવાથી ઇનામ સબંધી બીજા કાયદા કાનુનો પણ છપાવી પ્રસીદ્ધ કરવાની જરૂર જણાઇ, તેથી આ પુસ્તકમાં તોડાગીરાસ આકટ, સમરી સેટલમેન્ટ આકટ, પેનશન આકટ, તથા તે ઉપરની કાનુનોનો સમાસ કર્યો છે.

૪. ભાગદારી તથા તાલુકદારી આકટ, જોકે ખરેખરા ઇનામ સંબંધના નથી, તોપણ આ પુસ્તકનું ઉપયોગીપણું વધારવાને, તથા ભાગદારો અને તાલુકદારો, ઘણુંખરૂં, વતનદાર-ઇનામદાર હોવાને લીધે, તે આકટો સુધારા વધારા સાથે આ પુસ્તકમાં આપ્યા છે.

૫. ઇનામના પ્રકાર સહેજ, ઝટ, સમજાય એવી રીતનો એક તખ્તો તૈયાર કરી ટુંક સમજુત સાથે આપ્યો છે.

૬. આ પુસ્તક વતનદારો, ઇનામદારો, હકદારો, ભાગદારો, તથા તાલુકદારોને, તથા સરકારી નોકરોને ઉપયોગી થઇ પડશે, તો મારી મહેનતનો બદલો મળી ચુકયો એમ સમજી સંતોષ માનીશ.

૭. આ પુસ્તક તૈયાર કરવામાં મહેરબાન ફડનીસ સાહેબે પ્રસીદ્ધ કરેલા ઘણાજ ઉપયોગી અંગ્રેજી વતન આકટની મદદ લેવામાં આવી છે. તેથી તેઓ સાહેબનો મોટો આભાર માનું છું.

કતારગામ
તા. ૧૧ માહે જુન સને ૧૯૧૨. } ગોવિંદજી ગોપાળજી દેશાઇ.

જરૂર વાંચો.

પ્રવેશ.

૧. વતન ઇનામ સંબંધી કાયદા વાંચતાં પહેલાં "વતન," તથા "ઇનામ" એ શબ્દોના અર્થ તથા એ સંબંધી ઇતિહાસ જાણવાની પ્રથમ જરૂર છે.

૨. "વતન" એ આરબી ભાષાનો શબ્દ છે. એનો અર્થ "સ્વદેશ." "ઇનામ" એ પણ આરબી ભાષાનો શબ્દ છે. એનો અર્થ "બક્ષીસ." "વતન ઇનામ" એટલે સ્વદેશની નોકરી બદલ મળેલી વંશપરંપરા બક્ષીસ. રોકડ, યા જમીન, યા જમીન મહેસુલની માફી. અથવા રોકડ તથા જમીન મહેસુલની માફી. "ઇનામ" એ શબ્દ ગુજરાતીમાં સામાન્ય રીતે સઘળી જાતની બક્ષીસ માટે વપરાય છે. ઇનામ એટલે બક્ષીસ એ વાતતો ખરી, પરંતુ બક્ષીસ કેવા પ્રકારની તે "ઇનામ" શબ્દ આગળ કોઇ ગુણવાચક શબ્દ મુકયા સિવાય બરાબર સમજાય નહીં. ઇનામ ઘણાં પ્રકારના હોય છે. જેમકે:—વતન ઇનામ, જાત ઇનામ. દેવસ્થાન ધર્માદા ઇનામ. રાજકીય ઇનામ, વીગેરે.

૩. માજી રાજ્યમા ગામનો કારભાર ઘણું કરી ગામના પટેલો, મુખી તથા ઉઘરાતદાર—અને કુલકરણી અથવા તલાટી, ગામના હલકા દરજ્જાના નોકરની મદદથી ચલાવતા. બધા મળીને, બાર, ગામ નોકરો હતા. (૧) સોની અથવા પારેખ, (૨) જોશી, (૩) બ્રાહ્મણ, ગામોટ, ભટ્ટ, (૪) સુથાર (૫) લુહાર, (૬) કુંભાર, (૭) નાવી (હજામ) (૮) ધોબી (૯) ઢેડા અથવા વેઠીઆ, (૧૦) વરતણીઆ અથવા રખા, આ દશ હલકા દરજ્જાના નોકર કહેવાતા. ગામના કારભારમાં તો પટેલ, તલાટી, સોની અને ઢેડ ખરેખરા ઉપયોગમાં આવતા. થોડા વેપારી દુકાનદા , અને કારીગરો સિવાય, બધી વસ્તી ખેડુતની હતી.

૪. મુખી ન્યાય ખાતાનું તથા પોલીસનું ઉપરીપણું કરતા અને ગામની સુલેહશાંતી જાળવતા. ઉઘરાતદાર અથવા મુલકી પટેલ, જમીન વગરના ખેડુતોને જમીન ખેડવા આપતા, દરેક ખેડુતે આપવાનું ગણોત નક્કી કરતા, અને તમામ રૈયત પાસેથી મહેસુલ ઉઘરાવતા. તલાટી ગામોનો હિસાબ તથા દફતર લખતા. સોની નાણું પારખવાનું કામ કરતા, અને ઢેડા તમામ જાતનું પરચુરણ કામ પટેલ તલાટી સોંપે તે કરતા. બીજા હલકા દરજ્જાના નોકરો ગામલોકની નોકરી, સો સોના ધંધા પ્રમાણે, બજાવતા. એ લોકોને ગામમાં સુખવસ્તીના લોકોની નોકરી કરવા સારૂ ગામમાં વસાવેલા માટે ગુજરાતમાં એ લોકોને "વસવાયા" કહે છે. આ સઘળા નોકરોને ચાકરીના બદલામાં જમીન, થોડી-ઘણી માફીમાં, પળતી.

૫. પરગણાનો કારભાર, કમાવીસદાર (મામલતદાર), પરગણાના વતનદાર જેવા કે દેસાઇ, મજમુદાર, સેખદાર વીગેરેની મદદથી કરતા. પરગણાના ત્રણ કે ચાર ભાગ પાડવામાં આવતા. ભાગને "તરફ" કહેતા. દરેક "તરફ" ની વસુલાત ઉપર દેસાઈ દેખરેખ રાખતા, અને જમાબંધી ઠરાવવામાં તથા ઠરાવેલો આંકડો રૈયત પાસેથી વસુલ કરવામાં મદદ કરતા. જીલ્લાનો કારભાર સુબા કરતા. કમાવીસદાર તથા સુબાની નીમણુંક ઘણું કરી રાજા પંડે કરતા.

૬. આ બધા નોકરોને, મુખ્યત્વે કરીને ગામના પરગણાના નોકરોને, હાલ જેમ રોકડ પગાર મળે છે, તેમ રોકડ પગાર મળતો નહીં. પરંતુ પગારના બદલામાં જમીન, તથા બીજા લાગા અથવા હક આપવામાં આવતા હતા. આવી રીતે આપેલી જમીન લાગા અથવા હક તે વતન ઇનામ. આ વતન ઈનામ વંશપરંપરા ઉતરતું. અને વતનદાર યા ઇનામદારની ગેરવર્તણુંક કે બેવફાદારી માલમ પડતી તો સરકાર પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે વતન ઇનામ ખાલસા કરતી. તે વખતમાં વતન ઇનામ સંબંધી કાયદા

હતા કે નહીં તે જાણુવામાં નથી. ઘણુંકરીને લેખી કાયદા નહતા; અને કદાચિંત્ હશે તો તેનો પત્તો લાગતો નથી.

૭. હિંદમાં અંગ્રેજ સરકારનું રાજ દાખલ થતાં અવલ રાજ્યક્રાંતી ના સમયમાં, કેટલાક ખટપટીઆ લોકો જમીન પચાવી પડી ઇનામ તરીકે ધારણુ કરવા લાગ્યા. ગામનો તથા પરગણુાનો કારભાર સુધારવા તજવીજ થઇ. રાજ્ય વહિવટ ઠર ઠામ પડતાં મુંબાઇ સરકારે સન ૧૮૨૭ની શાલમાં ફોજદારી, દીવાની તથા મહેસુલ બાબતના કાયદા બાંધ્યા. મહેસુલ બાબતના કાયદા સન ૧૮૨૭નો રેગ્યુલેશન ૧૭ની કલમ ૨૦થી ગામના તથા વંસપરંપરાના નોકરના વતન તબદીલ થઇ શકે નહિ અને કુટુંબ બહાર જઇ શકે નહિ એવો ઠરાવ થયો. વળી વંશપરંપરા ના નોકરો પોતાની ફરજો બરાબર બજાવે એવા હેતુથી સન ૧૮૪૩ નો ૧૧મો આકટ થયો. એ કાયદો ત્રીસવરસ સુધી અમલમાં રહ્યો તે દરમ્યાન વતનદાર કુટુંબો વખતની સાથે વધી પડ્યા. અને નોકરીને માટે દાવો કરનારા પણુ તેની સાથે વધી પડયા. માંહો માંહે કજીઆ તંટા એટલા બધા વધી પડ્યા કે વતનદાર કોણુ, તેમાં વારસ વકીલ વતનદાર કોણુ, તથા ખરેખર નોકરી કરવાના કોના કોના હક છે—એ શોધી કહાડવાનું મુશ્કેલ થઇ પડ્યું. સબબ એ સવાલો સંબંધી તપાસ કરી હમેશને માટે નિરાકરણુ કરવાની તથા તે નોંધી રાખવાની, તથા ખરેખર નોકરી કરનાર ના મુસારા બદલ કહાડી આપેલાં વતનનું તથા બીજા વતનદારોના વતનનું સંરક્ષણુ કરવા સારૂં કાયદામાં સુધારો વધારો કરવાની જરૂર જણાઇ આવી.

૮. ઉપરના હેતુ અને કારણોસર સન ૧૮૭૪ નો ૩ જો આકટ પસાર થયો. આ કાયદાથી ગામના તથા પ્રગણાના વતનદાર કુટુંબોના હકો નક્કી થયા. નોકરી કરવાના તથા નોકરી લેવાના નિયમો બંધાયા, અને વતન ગીરો થતું, તથા દીવાની કોર્ટથી હરરાજ થતું અટક્યું. કેટલાક વંશપરંપરાના ગામના

તથા પ્રગણાના વતનદારો જેમની નોકરીની સરકારની જરૂર ન જણાઇ તેવા નોકરના વતનનું સેટલમેન્ટ કરી તેમને નોકરી કરવાની જવાબદારીમાંથી મુક્ત કર્યા.

૯. આટલી તજવીજ કર્યા છતાં, આ આકટમાં એક મ્હોટી ખામી રહી ગઈ. સન ૧૯૨૭ના રેગ્યુલેશન ૧૭થી વતન કુટુંબ બહાર જતું અટકાવવામાં આવેલું, તે વાત આ કાયદામાં દાખલ થવી રહી ગઇ. પરિણામ એ થયું કે કેટલાંક કામોમાં દીકરાની ગેરહાજરીમાં વતન દીકરી વંસમાં ઉતરવા લાગ્યું. વતની કુટુંબના પુરૂષો બુમાટો કરવા લાગ્યા. સરકારે તે ઉપરથી તપાસ કરી સન ૧૮૮૬નો આકટ ૫ મો પસાર કર્યો. આ આકટથી સ્ત્રીને વતનનો મળતો વારસો મોકુફ રાખવામાં આવ્યો છે. વતનદાર કુટુંબોમાં પુરૂષ વંસમાં કોઈ વારસ ન હોય તોજ વતન ખાલશા થતું અટકાવવાને, સ્ત્રીને વારસો મળે એવો ઠરાવ થયો છે.

૧૦. ઉપર મુજબ સુધારો વધારો વતન સંબંધી કાયદામાં થયા છતાં, તે કેટલીક બાબતોમાં, એટલે વારસ વકીલ વતનદાર ઠરાવવાની બાબતમાં, નોકરી કરવાની મુદત બાબતમાં, વહિવટદાર તથા ગુમાસ્તાની નીમણુંકની બાબતમાં, તથા શિક્ષાની બાબતમાં ગુજરાતમાં મતાદારોના ઈલકાબથી ઓળખાતા વતનદારોને બંધ બેસતો આવ્યો નહિ. તે ઉપરથી આ વતનદારોના ચાલતા આવેલા વહિવટને અનુકુળ થઈ પડે એવો આકટ સન ૧૮૮૭નો ૬ઠો પસાર કરવામાં આવ્યો. આ આકટને સન ૧૮૯૦નો ૩જા આકટથી સુધારવામાં આવ્યો છે. અમુક મતાદાર કુટુંબ અથવા કુટુંબોમાં નોકરી કરવાનો હક અસલથી ચાલ્યો આવ્યો છે, અને બીજા મતાદાર કુટુંબમાં નોકરી કરવાનો હક નથી, એમ જાહેર કરવાની તથા ઠરાવવાની સત્તા આ સુધારાથી સરકારને આપવામાં આવી છે.

૧૧. આવી રીતે સુધારો વધારો થયાં છતાં, સન ૧૮૭૪ના ૩જા આક્ટમાં તેમજ મતાદારી આક્ટમાં વળી એક સુધારો કરવાની જરૂર જણાઇ આવી. અને વારસ વકીલ વતનદાર કે મતાદારના મૃત્યુ પછી સીધી લીટીમાં વડીલ વંસના વડીલ દીકરાને, નજીકના વારસને પડતા મુકી, વારસ વકીલ વતનદાર તરીકે દાખલ કરવાનું ઠર્યું છે.

૧૨. ઉપરનો ઇતિહાસતો ફક્ત ગામના તથા પ્રગણાના વતનદારો બાબતના ઇનામને લગતો છે. હવે બીજા ઇનામો માટે શી તજવીજ થઇ છે, તે જણાવીસું. સન ૧૮૨૭માં જમીન મહેસુલ સંબંધી કાયદો રચવામાં આવ્યો હતો, એમ ઉપર જણાવેલું છે; સન ૧૮૨૭ના રેગ્યુલેશન ૧૭ની બીજી કલમમાં જમીન મહેસુલ સંબંધી મૂળનો કાયદો જાહેર કરવામાં આવ્યો હતો. સઘળી જમીન, તેની પ્રત મુજબ, ધારો આપવાને પાત્ર છે, એમ એ કલમથી ઠરાવવામાં આવ્યું હતું. જમીન મહેસુલની માફીનો દાવો કોઇ કરતું તો અમુક કાનુનોને આધારે દાવો મંજુર થતો; પરંતુ તેથી ગમે તે પ્રકારની જમીન ઉપર જરૂર પડે ત્યારે જમીન મહેસુલ લેવાના સરકારના મૂળ હકને બાધ આવતો નથી. હાલમાં પણ આવીજ એક કલમ, (૪૫મી) જમીન મહેસુલના કાયદામાં છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ઇનામ જમીન ખાનગી મિલકત નહોતી હાલમાં પણ નથી. કાયદો સ્પષ્ટ છતાં, ઇનામી જમીન બાબતમાં, અમલદારોના અભીપ્રાય એક એકથી વિરૂદ્ધ પડતો. અને વખત એવો હતો કે સરકાર તેમાં દરમ્યાનગીરી કરવા માંગતી નહિ. કેટલાક અમલદારો ઇનામી જમીનને ખાનગી ગણતા, અને કેટલાક વંશપરંપરાની ગણતા નહી. આવી રીતે ઇનામી જમીન સંબંધમાં ગોટાળો થયો, જમીન અસલથી માફી આપવામાં આવી છે, એવા ઘણા દાવા થવા લાગ્યા. તેનું નિરાકરણ કરવાને સન ૧૯૪૧-૪૨માં ઈનામ કમીશન નિમવામાં આવ્યું. ઇનામ કમીશનથી આવા દાવાનો નીકાલ થઇ શકયો નહિ. ત્યારે

આખરે મુંબઇ સરકારે આવા દાવાનો નીકાલ કરવાને સન ૧૮૯૩માં સમરી સેટલમેન્ટ આકટ પસાર કર્યો. આ આકટ ફકત ગુજરાત અને કોકણને લાગુ છે. આ કાયદાને આધારે તથા સરકારે કરેલા ઠરાવો તથા કાનુનો મુજબ ચોકસી થઇ બધા દાવાઓનો નિકાલ થઈ, સનદો આપવામાં આવી છે. સનદોમાં લખેલી સરતો મુજબ ઇનામી જમીન પાળવામાં આવે છે. રોકડ હકની બાબતમાં સરકારનાં ઠરાવ નંબર ૪૩૦૯ તા૦ ૨૭–૧૧–૧૮૬૨ મુજબ તપાસ થઇ સેટલમેન્ટ કરવામાં આવ્યું છે.

ઘણું ખરૂં સઘળા પ્રકારની ઇનામી જમીન બદલ તથા રોકડ હક બદલ આપેલી સનદોમાં અંગ્રેજ સરકાર સાથે વફાદારીથી તથા નિમકહલાલીથી ચાલવું એ મ્હોટામાં મ્હોટી અને ઘણીજ અગત્યની સરત છે. વતનદારોએ, ઇનામદારોએ, તથા હકદારોએ આ શરત હમેશાં લક્ષમાં રાખી રાજ્ય વિરૂદ્ધ કંઇપણ કૃત્ય કરવું નહિ જોઇએ.

ઇનામના પ્રકાર સમજવા માટે તખતા રૂપે સારાંશ.

ઇનામ. ૧

- વતન (ચાકરીયાત)
  - ગામ નોકર
    - સરકાર તથા ગામ ઉપયોગી (વંશપરંપરાના)
      - ચઢીઆતા નોકર. ૮
      - ઉતરતા નોકર ૯
    - ફક્ત ગામ ઉપયોગી. ૬
    - નિરોપયોગી. ૭
  - પ્રગણા નોકર. ૫
- ખેરાત
  - દેવસ્થાન. ૨ ધર્માદા.
- બીન ચાકરીયાત
  - જાત ઇનામ. ૩
- રાજકીય. ૪ સરંજામ, જાગીર.

નોટ—૧થી ૯ સુધીના અંક જે લખ્યા છે તેના ખુલાસા માટે જુઓ પાનું ૧૨.

નોટ અથવા ટુંકી નોંધ.

૧. ઇનામ, એટલે બક્ષીસ. જમીન બક્ષીસ અથવા જમીન મેહેસુલની, સઘળી અથવા થોડી, બક્ષીસ અથવા રોકડ હક્ક અથવા એ ત્રણે.

૨. દેવસ્થાન ધર્માદા—દેવની પુજા કરવા બદલ, તથા દેવસ્થાનના સંરક્ષણ સારૂ કહાડી આપેલી જમીન અથવા રોકડ હક, અથવા બંન્ને. જુઓ પા. ૮૩.

૩. જાત ઈનામ—પાછલી નોકરીના બદલામાં, અગર ફકત મેહેરબાનીના રાહે મેહેસુલ માફીથી આપેલી જમીન, અથવા બાંધી આપેલો રોકડ હક. જુઓ પા. ૮૩.

૪. રાજકીય, સરંજામ કે જાગીર સન ૧૮૬૩ના આકટ ૭ની કલમ ૨ તથા તે નીચેની કાનુનો જુઓ (પા. ૭૮-૮૦). માજી રાજ્યમાં, અમીર ઉમરાવોને, લશકરના નિભાવ માટે અથવા તેમની જાતની નોકરી બદલ, અથવા તેમના દરજ્જાનો મોભો જાળવવા ખાતર, અથવા એવા બીજા ખાસ કારણસર, મેહેસુલ માફીથી આપેલી જમીન તે સરંજામ કે જાગીર.

૫. પ્રગણાના નોકર, જેવા કે દેશાઇ, મજમુદાર, સેખદાર. આવા નોકરોની નોકરી બંધ થઇ છે. વતન આકટ કલમ ૫ તથા ૧૫ તથા તે નીચેની ટીકા જુઓ.

૬. ફકત ગામ ઉપયોગી નોકર, જેવા કે કાજી, જોશી, ભટ, ગામોટ, સુથાર, લુહાર, કુંભાર. આ લોકોને ગામની નોકરી થાય ત્યાં સુધી ઇનામ પાળવામાં આવશે. સન ૧૮૬૩ના આકટ ૭ની કલમ ૨ તથા તે નિચેની કાનુન જુઓ. પા. ૮૧-૮૨

૭. નિરોપયોગી, જેવા કે, મહાજન, એલદાર:—આવા લોકોની નોકરી બંધ થઈ છે. સાધારણ રૈયતની જમીન માફક આ લોકોની જમીન ઉપર પુરો આકાર લેવામાં આવે છે.

૮. ચઢીયાતા નોકર, એટલે પટેલ તથા તલાટી. વતન આકટ તથા મતાદાર આકટ, આવા વંશપરંપરાના નોકરોને માટે છે.

૯. હલકા નોકર એટલે ઢેડ, મ્હાર, વીગેરે વતન આકટની કલમ ૧૮-૨૦ તથા ૬૪ જુઓ.

અનુક્રમણિકા.

વતન ઇનામ સબંધી કાયદા.

વંશપરંપરાના હુદાઓ સંબંધી કાયદો છે તે સુધારવા બાબતના આકટો.

સન ૧૮૭૪ નો મુંબઇનો આકટ ૩ જો

સન ૧૮૮૬ નો	,,	,,	૫ મો
સન ૧૮૮૭ નો	,,	,,	૬ ઠો
સન ૧૮૯૭ નો	,,	,,	૩ જો
સન ૧૯૧૦ નો	,,	,,	૩ જો

વંશપરંપરાના હુદા સંબંધી કાયદો છે તે સુધારીને ઠરાવવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ભાગ ૧ લો.

પ્રથમ નિયમો.

ટુંકુ નામ તથા ૧. આ આકટને "વંશપરંપરાના હુદાઓ બાબતનો મુંબઇનો આકટ" કેહેવો.

લાગૂ થવું તે

જે ડિસ્ટ્રિકટોને કાયદા લાગુ છે તે ડિસ્ટ્રિકટોને આ આકટ લાગુ છે. અને તેઓમાંના દુમાલા અથવા બીજા પ્રકારનાં સઘળાં ગામોને હેઠલ લખ્યું છે તેટલે સુધી લાગુ છે એટલે સહર્હ પ્રકારનું કોઈપણ દુમાલા ગામ જે શરતે તેના ધારણ કરનારાની તરફ ચલાવ્યું હયે તે શરતે આ આકટના ઠરાવ જેટલે સુધી વિરૂદ્ધ નહીં હોય તેટલે સુધી લાગુ છે.

હરકોઇ વતનની અથવા વતનના ભાગની વ્યવસ્થા અથવા હરકોઈ વતનનાં અથવા વતનના ભાગની ઉપજની વ્યવસ્થા સન ૧૮૫૨ ના ૧૧ મા આકટ પ્રમાણે અથવા સન ૧૮૬૩ ના મુંબઇના ૨ જા અને ૭ મા આકટ પ્રમાણે અથવા તે સંબંધી બીજો કોઈ કાયદો હાલમાં અમલમાં હોય તે કાયદા પ્રમાણે વ્યવસ્થા કરવાનો સરકારને અધિકાર છે તે અધિકારને આ આકટ ના કોઇપણ ઠરાવ ઉપરથી બાધ આવે છે એવું સમજવું નહીં.

ટીકા:—આ કાયદો ઇનામી કે ખાલસા ગામોને એકસરખીરીતે લાગુ છે. પરંતુ ઇનામી ગામોને જે શરતોએ તે ગામો આપેલા હશે તે શરતોને અનુસરીને આ કાયદો લાગુ છે એમ સમજવું. "દુમાલા" એટલે ઇનામી.

"સન ૧૮૫૨ના ૧૧મો આકટ" આ આકટ ગુજરાતને લાગુ નથી. સન ૧૮૬૩ના બીજા તથા સાતમાં આકટ-સન ૧૮૬૩નો ૨ જો ગુજરાતને લાગુ નથી. સન ૧૮૬૩નો ૭ મો સમરી સેટલમેન્ટ આકટ આ કાયદાથી ઇનામી જમીન સંબંધી તપાસ થઇ આકારના રૂપીએ બે આના, ચાર આના, છ આના, કે આઠ આના સરકાર ભરવાના ઠરાવવામાં આવ્યા છે.

તાલુકદારી ગામોમાં, તાલુકદારે ચાકરી બદલ આપેલી ઇનામી જમીનને તથા તેવા ઇનામદારોને આ આકટ લાગુ નથી. ઠરાવ નંબર ૪૩૭૮, તા૦ ૧૪-૫-૧૯૧૦.

૨. આ કલમ ૧૮૭૬ના ૧૨મા આકટથી રદ છે.

૩. ૬ તથા ૭ તથા ૮ અને ૯ એ ભાગ પટેલ અથવા કુલકર્ણી (એટલે તલાટી) ના દરેજ્જા કરતાં નીચા દરજ્જા ના વંશપરંપરાના હુદ્દાઓને અથવા સદહુ પ્રકારના હુદ્દાનાં વતનને લાગુ નથી.

૬ ઠ્ઠો તથા ૭મો તથા ૮ મો અને ૯ મો ભાગ લાગુ થવા બાબત.

ટીકા:—"પટેલ અથવા તલાટીના દરજ્જા કરતાં નીચા દરજ્જાના વંશપરંપરાના હોદ્દાઓ"—એટલે મહાર, દેઢ, રાવણીઆ, કે રખા એઓના હુદ્દાઓ.

૬ ઠ્ઠો ભાગ—વારસ વકીલ વતનદાર બાબત.

૭ મો ભાગ—ચાકરીની મુદ્દતો બાબત.

૮ મો ભાગ—વહીવટ કરનારા વતનદારો તથા તેઓના ગુમાસ્તા બાબત.

૯ મો ભાગ—શિક્ષા બાબત.

૪. વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો નહીં હોય તો આ આક્ટમાં,

અર્થ.

"વતની માલમિલકત" આ શબ્દોનો અર્થ વંશપરંપરાના હુદ્દાનું કર્તવ્યકર્મ કરવાનાં મહેનતાણાં સારૂ જે જંગમ અથવા સ્થાવર માલમિલકત ધારણ કરેલી હોય અથવા સંપાદન કરેલી હોય અથવા કાહાડી આપેલી હોય તે માલમિલકત. નગદ અથવા ઍનજીનસી જે મામુલ ફી અથવા લાગો ઠરાવેલી વખતે અથવા બીજી રીતે લેવાનો હક હશે તે હકનો સમાસ "વતની માલમિલકત" આ શબ્દોમાં થાય છે.

અસલી વતની માલમિલકત શિવાય વળી જે નગદ અવેજ પોતાની ખુશીથી સરકાર આપતી હશે તથા જે વખતે વખતે ઓછો વધતો થવાને અથવા બંધ થવાને પાત્ર હશે તે નગદ અવેજનો સમાસ "વતની માલમિલકત" આ શબ્દોમાં થાય છે.

"વંશપરંપરાનો હુદ્દો" આ શબ્દોનો અર્થ સરકારી મેહેસૂલનો કારભાર કરવા સંબંધી અથવા તે વસુલ કરવા સંબંધી અથવા ગામની પોલીસ સંબંધી અથવા સીમાડો ઠરાવવા સંબંધી અથવા મુલકી કારભારની બીજી બાબતો સંબંધી કર્ત્તવ્યકર્મો કરવા સારૂ વંશપરંપરા ધારણ કરેલો દરેક હુદ્દો. સદરહુ પ્રકારના હુદ્દાની અસલની ચાકરી લેવાનું બંધ થયું હોય તોપણ તે હુદ્દાનો સમાસ આ સંજ્ઞામાં થાય છે.

હરકંઇ વતની માલમિલકત હશે તે તથા વંશપરંપરાના હુદ્દા તથા તે બાબતના હક તથા અધિકાર મળીને વતન થાય છે.

"વતનદાર" આ શબ્દની વ્યાખ્યા મુંબઈના સને ૧૮૮૭ના ૬ ઠા આક્ટથી રદ થઇ છે.

"કુટુંબ" આ શબ્દમાં અસલના વતનદારથી થયલા કુટુંબની શાખાઓમાંની દરએક શાખાનો સમાસ થાય છે. પણ એવું ઠરાવ્યું છે કે આ આક્ટમાં આગળ ૨૬મી કલમમાં ઠરાવ કર્યો છે તે પ્રમાણે જે પેટા વિભાગ થયો નહીં હશે તે કબુલ કરવામાં આવનાર નથી.

"કુટુંબનો મુખ્ય" આ શબ્દોમાં કુટુંબની હરએક શાખાના મુખ્ય વારસવકીલનો સમાસ થાય છે.

"વારસ વકીલ વતનદાર" આ શબ્દની વ્યાખ્યા મુંબઇના સને ૧૮૮૭ ના ૬ ઠા આકટથી રદ થઇ છે.

"વહિવટદાર" આ શબ્દનો અર્થ જે માણસ વંશપરંપરાના હુદ્દાનાં કર્ત્તવ્યકર્મો ખરેખર કરતો હશે તે માણસ એવો થાયછે. પછી તે માણસને આ આકટના હરકોઇ ઠરાવ પ્રમાણે વારસ વકીલ વતનદાર અથવા ગુમાસ્તો અથવા બદલી નેમેલો હશે તોપણ ચીંતા નથી.

"પાલન કરનારો" આ શબ્દનો અર્થ જે સગાંની પાસે અથવા બીજાં માણસની પાસે હરકોઈ છોકરાંનું જતન અથવા પોષણ અથવા સંભાળ કરવાનું કામ સ્વાભાવિક અધિકાર ઉપરથી અથવા કબુલ કરેલા રિવાજ ઉપરથી આવ્યું હશે અથવા જેણે હરકોઇ છોકરાંનુ જતન અથવા પોષણ અથવા સંભાળ કરવાનું કામ પ્રત્યક્ષ સ્વીકાર્યું હશે અથવા લીધું હશે તે સગું અથવા બીજું માણસ અથવા તકરાર પડી હશે તે પ્રસંગે જે કોર્ટને અધિકાર હોય તે કોર્ટની પાસેથી પાલન કરવાનું સર્ટિફિકેટ જેને મલ્યું હશે તે.

ટીકાઃ—મામુલ ફી અથવા લાગો, નગદ કે ઐનજીનસી (જનસ) પાકેલી ચીજ અનાજ, ઘાસ, પરાળ, લેવાના હકનો પણ સમાસ "વતનની માલમીલકત" એ શબ્દમાં થાય છે. **લાગો** એટલે કંઇ અવેજ લેવાનો હક. મુવેલા ઢોરના ચામડા લેવાનો હક એ લાગો કહેવાય (૧) સરકારી મહેસુલનો કારભાર કરવા સંબંધી (૨) ગામના પોલીસ સંબંધી (૩) સીમાડા ઠરાવવામાં સંબંધી અથવા (૪) મુલ્કી કારભારની બીજી બાબતો સંબંધી—કર્ત્તવ્ય કર્મો કરવા સારૂ વંશપરંપરા ધારણ કરેલા હુદ્દાને, "વંશપરંપરાનો હુદ્દો" એવું નામ આપેલું છે. એ હુદ્દો સ્થાવર મિલકત છે. સબબ એ સંબંધનો રૂપીઆ એકસો ઉપરનો દસ્તાવેજ રજીસ્ટર કરાવવોજ જોઇએ.

વતન એટલે–(૧) વતનની માલમીલકત, તથા (૨) વંશપરાના હુદ્દા, તથા (૩) તે હુદ્દાને લગતા હક તથા અધિકાર.

"મુખ્ય" એટલે ઉમરે મ્હોટો. વડીલ. એકથી વધારે ધણીઆણીઓની બાબતમાં જે પહેલી પરણી હોય તે "મુખ્ય" ગણાય.

ભાગ ૨ જો.

વતની માલમિલકત અને તેની ઉપજ.

વતન તથા વતનમાં ૫ (૧). સરકારની મંજુરી વગર, એટલેઃ—
નો હક દુમાલા કરી
આપવાની મના.

(અ). વતનદારને કોઇપણ વતન, અથવા તેનો કાંઇપણ ભાગ અથવા તેમાંનો કાંઇપણ હક સંબંધ પોતાની હયાતી કરતાં વધારે મુદત માટે, જે પુરૂષ તેજ વતનનો વતનદાર નહી હોય એવા કોઇ પુરૂષને અથવા તે પુરૂષના હિત સારૂ ગીરવી મુકવાનો અથવા તેની ઉપર કરજનો બોજો નાખવાનો અથવા તે દુમાલા કરી આપવાનો અથવા પટે આપવાનો;

(બ). વારસ વકીલ વતનદારને, આ આકટ મુજબ, એવા વારસ વકીલ વતનદાર તરીકે તેને જે કાંઇપણ હક મળેલો હશે તે હક ગીરવી મુકવાનો, તેની ઉપર કરજનો બોજો નાખવાનો, તે પટે આપવાનો અથવા દુમાલા કરી આપવાનોઃ

અધિકાર નથી.

(૨). જે વતન સંબંધી, ૧૫મી કલમ મુજબ અથવા તે કલમ અમલમાં આવ્યાની અગાઉ, ચાકરીના બદલાનો ઠરાવ કર્યો હશે તેવું હરકોઈ વતન સરકારની મંજુરી વગર દુમાલા કરી આપવાનો હક વતનદારોને સદહું ઠરાવની શરતથી આપ્યો નહીં હશે અથવા સદહું શરત મુજબ તેમને પ્રાપ્ત થયો નહીં હશે તો, તે વતનને આ કલમની રકમ (અ) લાગુ પડશે.

ટીકાઃ—કોઇ પણ વતનદાર સરકારની મંજુરી વગર પોતાની હયાતી કરતાં વધારે મુદતને માટે, વતન અથવા તેમાંનો હક બીજાને (એટલે વતનનો વતનદાર ન હોય એવા માણસને અથવા એવા માણસના હિત સારૂ)

ગીરો, વેચાણ કે બીજી રીતે આપી શકતો નથી, એટલે વતનદાર સરકારની મંજુરી વગર પોતાની હયાતી સુધીનો હક માત્ર બીજા કોઈ પણ સખસને આપી શકે છે.

જે વતન સંબંધી ચાકરી બંધ કરી બદલો આપવાનો ઠરાવ થયો હશે તે વતનને તે ઠરાવની સરતો લાગુ પડશે એટલે તે ઠરાવમાં જો વતન સરકારની મંજુરી વગર બીજાને કરી આપવાનો હક આપ્યો નહિ હશે તો તેને (અ) રકમ લાગુ પડે છે. ઠરાવમાં એવો હક આપ્યો હશે તો (અ) રકમ લાગુ પડતી નથી; એટલે એવા વતનદારને વતન દુમાલા કરી આપવાને હરકત નથી (જુઓ કલમ ૧૫ તથા તે નીચેની ટીકા)

આ આખી કલમ સને ૧૮૮૬ના આકટ ૫ થી નવી દાખલ થઇ છે.

સરકારની મંજુરી માંગવા બાબતની અરજી કલેકટરને આપે, તો તે લઇ, જોઇતી તપાસ કરી, સરકારમાં મોકલવાનો કલેકટરને અધિકાર છે.

"વતન" સહભાગદારોમાં વેચાણ થવામાં ઉત્તેજન આપવું. એમ કરવાથી ભાગની સંખ્યામાં ઘટારો થશે.

વતનનાં સંરક્ષણ સારૂ ફરિયાદી કરવાનો અધિકાર કલેકટરને છે.

૬. રકમ ૧. જે પ્રકરણમાં હરકાંઈ વતન બાબત અથવા વતનનાં ઇસ્ટેટ બાબત અથવા માલમિલકત બાબત અથવા ફંડબાબત અથવા કામકાજ બાબત ફરિયાદ કરવી જરૂર અથવા યોગ્ય છે એવું કલેકટરની નજરમાં આવશે તે પ્રકરણ લખીને તથા તેના ઉપર પોતાની સહી કરીને કમીશનર ની પાસે મોકલવું. અને તે પ્રકરણ સમજવા સારૂ જે કેફીયત તથા વિગત પોતાનાં મત પ્રમાણે અવશ્ય અથવા જરૂરની હશે તેપણ તેની સાથે મોકલવી, અને પછી હકિકતનો વિચાર કર્યાઉપરથી પોતાને યોગ્ય દેખાય તો સદહું કમિશનરે વતનનાં અથવા તેનાં ઇસ્ટેટનાં અથવા માલમિલકતનાં અથવા ફંડના અથવા કામકાજના સંરક્ષણ સારૂ જે ફરિયાદી કરવી જરૂર અથવા યોગ્ય દેખાસે તે બાબતમાં હકુમતવાળી હરકોઇ દિવાની કોર્ટમાં કલેકટરને પોતાને નામે દાવો કરીને અથવા અરજી કરીને કરવાનો તથા ચલાવવાનો અધિકાર કલેકટરને આપવો. સદહું પ્રકારની ફરીયાદીનો ખરચ પ્રતિપક્ષકારની પાસેથી વસૂલ ન થાય તો વતનના ફંડમાંથી આપવો.

રકમ ૨. આ કલમ પ્રમાણે ફરિયાદ કરવાને અથવા ચલાવવાને બદલે પોતાને યોગ્ય દેખાયતો આ આકટની ૮મી અથવા ૯મી અથવા ૧૦મી અથવા ૧૧મી અથવા ૧૩મી કલમમાં ઠરાવ્યા પ્રમાણે કામ ચલાવવાનો અધિકાર કલેકટરને છે.

૮થી૧૧ કલમ સુધી અથવા કલમ ૧૩ પ્રમાણે કામ ચલાવવાનો અધિકાર કલેકટરને છે.

ટીકાઃ—આ કલમને આધારે કમીશનર દરેક કામની કેફીઅત તપાસી જોઇને વતનના સંરક્ષણ સારૂ દાવો કરવાનો અથવા અરજી કરવાનો કલેકટરને મંજુરી અથવા અધિકાર આપી શકે છે. જે કામમાં વતનદારો સરકારનો હેતુ બર લાવવા ન દેતા હોય, અથવા આ કાયદો અમલમાં આવતાં પેહેલાના દુમાલા કરેલાં, ગુંચવણ ભરેલાં મામલાને સારૂજ આ કલમનો ઉપયોગ કરવાનો છે. આ કલમને બદલે કલમ ૮-૯-૧૦-૧૧ તથા ૧૩ મુજબ કામ ચલાવવાને કલેકટરને અધિકાર છે.

૭. વહિવટદારનાં મેહેનતાણાં દાખલ જે વતની માલમિલકત આ આકટની ૨૩મી કલમ પ્રમાણે કાહાડી આપેલી હોય તે તથા સદહું પ્રમાણે કાહાડી આપેલી વતની માલમિલકતની ઉપજ સરકારની મંજુરી વગર કોઇ માણસને દુમાલા કરી આપવી નહીં અથવા કાહાડી આપવી નહીં.

મેહેનતાણાં દાખલ જે વતન કાહાડી આપેલું હોય તે મંજુરી વગર દુમાલા કરી શકાશે નહીં.

ટીકાઃ—જે વતની માલમિલકત કામ કરનાર એટલે નોકરી કરનારના મહેનતાણા દાખલ કાહાડી આપેલી હોય તે અને તે મિલકતની ઉપજ, સરકારની મંજુરી વગર કોઇ પણ સખસને આપી શકાતી નથી. કોઇ ડેપ્યુટી એટલે પટેલ તથા કુલકરણીનીવતી કામ કરનાર સખસ પોતાને ચાકરી કરવાનું મેળવી આપવા બદલ, વતનદારને રોકડ હકમાંથી કાંઇ આપવાની કબુલત કરે તો તે નિરર્થક છે. (૧૮ મુંબઈ ૭૫૨)

૮. હરકોઇ વતન અથવા તેનો હરકાંઇ ભાગ અથવા તેની હરકાંઇ ઉપજ વહિવટદારનાં મેહેનતાણાં દાખલ કહાડી આપેલી હોય કે નહીં હોય તે તે વખતે વહિવટદાર હોય તે માણસ શિવાય, બીજા માણસનાં ધણીપણામાં અથવા કાયદાવાળા

વતની માલમિલકત વહિવટદાર શિવાય બીજા માણસના કબજામાં ગઇ હશે તે

વહિવટદારનાં મેહેનતાણું બાબત (અવેજ) આપવાને પાત્ર થશે.

કબજામાં હરકોઇ બ્રિટિશ કોર્ટનાં હુકમનામા ઉપરથી અથવા હુકમ ઉપરથી અથવા તે બજાવ્યાઉપરથી આ આકટ અમલમાં આવ્યા ની તારિખની અગાઉ ગઇ હશે અથવા સદહું પ્રકારના વહિવટદાર શિવાય બીજા માણસનાં ધણીપણામાં અથવા ફાયદાવાળા કબજામાં હરકોઈ બ્રિટિશ કોર્ટનાં હુકમનામાં શિવાય અથવા હુકમ શિવાય અથવા તે બજાવ્યા શિવાય બીજી રીતે સદહું તારીખની અગાઉ ગઇ હશે ત્યારે અથવા હરકોઇ વતન અથવા તેનો ભાગ અથવા ઉપજ, વહિવટદારનાં મેહેનતાણું દાખલ કાહાડી આપેલી નહીં હોય તે સદહું પ્રકારના વહિવટદાર શિવાય બીજા માણુસનાં ધણીપણામાં અથવા ફાયદાવાળા કબજામાં હરકોઇ બ્રિટિસ કોર્ટનાં હુકમનામાં ઉપરથી અથવા હુકમ ઉપરથી અથવા તે બજાવ્યા ઉપરથી અથવા બીજીરીતે આ આકટ અમલમાં આવ્યાની તારીખ પછી ગઇ હશે ત્યારે સદહુંપ્રકારનું હુકમનામું થયું નહીં હોત અથવા તે વતન અથવા તેનો હરકોઇ ભાગ અથવા તેની હરકાંઇ ઉપજ સદહુંપ્રમાણે બીજાની પાસે ગઈ નહીં હોત ત્યારે સદહું પ્રકારના વહિવટદારનાં મેહેનતાણું બદલ જે રીતે તથા જેટલો અવેજ તે વતન ઉપર અથવા તેના ભાગ ઉપર અથવા તેની ઉપજ ઉપર બેસત તેરીતે તથા તેટલો અવેજ કલેકટરના હુકમ ઉપરથી બેસવાને તે વતન અથવા તેનો તે ભાગ અથવા તેની તે ઉપજ પાત્ર થશે.

ટીકા:—આ કાયદો અમલમાં આવતાં પહેલા:—

(૧) વતનની માલમિલકત, મહેનતાણા દાખલ કાહાડી આપેલી હોય કે ન હોય તે બ્રીટીશ કોર્ટના હુકમનામાની રૂયે, વહિવટદાર શિવાય બીજા વતનદારના કબજામાં ગઇ હોય તો અથવા

(૨) કોઇ બ્રીટીશ કોર્ટના હુકમ શિવાય બીજાના કબજામાં ગઇ હોય તો

તે મિલકત કલેકટરના હુકમ મુજબ મહેનતાણાનો અવેજ બેસાડવાને (લેવાને) પાત્ર છે.

આ કાયદો અમલમાં આવ્યા પછી:—

(૩) વતનની માલમિલકત મહેનતાણા દાખલ કહાડી આપેલી ન હોય તે, વહિવટદાર શિવાય બીજાના કબજામાં બ્રીટીશ કોર્ટના હુકમનામાની રૂયે, ગઇ હોય તો તે મિલકત કલેકટરના હુકમ મુજબ મહેનતાણાનો અવેજ બેસાડવાને (લેવાને) પાત્ર છે.

આ કલમના ઉપરના ત્રણ ઠરાવો કલમ ૯ ના અપવાદ રૂપ છે. એટલે કલમ ૯ ના ઠરાવથી બીજાના કબજામાં ગયેલું વતન પાછું લઇ લેવાની સત્તા છે. પરંતુ કલેકટરને યોગ્ય લાગે તો કલમ ૮ મુજબ અમલ કરી શકે.

કલેકટરને ભર આકાર અથવા પુરેપુરૂં ગણોત મેહેનતાણા સારૂ માંગવાનો અને વસુલ કરવાનો અધિકાર છે.

૯. રકમ ૧. હરકોઇ વતન અથવા તેનો હરકાંઇ ભાગ અથવા તેની હરકાંઇ ઉપજ વહિવટદારનાં મેહેનતાણાં દાખલ કાહાડી આપેલી હોય કે નહીં હોય તે તેજ વતનનો વતનદાર નહીં હોય એવા હરકોઇ માણુસનાં ધણીપણામાં અથવા ક્રાયદાવાળા કબજામાં હરકોઇ બ્રિટિશ કોર્ટનાં હુકમનામાં શિવાય અથવા હુકમ શિવાય અથવા તે બજાવ્યા શિવાય બીજીરીતે તથા કલેકટરની મંજુરી વગર તથા રેવેન્યુ દફતરમાં ધણીપણું તેના નામ ઉપર દાખલ થયા વગર આ આકટ અમલમાં આવવાની તારીખની અગાઉ ગઇ હશે ત્યારે પોતાનાં કારણો દફતરમાં લખીને સદરહુ પ્રકારનું દુમાલા રદ બાતલ છે એવો ઠરાવ કરવાનો અધિકાર તથા તે વતન ઉપર અથવા તેના હરકોઇ ભાગ ઉપર અથવા તેની હરકોઇ ઉપજ ઉપર જે વતનદારનો અગાઉ હક હતો તે વતનદારનું તે વતન અથવા વતનનો તે ભાગ અથવા વતનની તે ઉપજ હુકમની તારીખથી થાય તેવો હુકમ કરવાનો અધિકાર તથા તે પ્રમાણે તેની હરકોઇ ઉપજ વસૂલ કરીને સદર્હૂ પ્રકારના વતનદારને આપવાનો અધિકાર કલેકટરને છે.

વતની માલમિલકતનો દુમાલા કટલે એક પ્રસંગે રદ બાતલ છે એવું ઠરાવવાનો અધિકાર કલેકટરને છે.

કલમ ૨. વતનનો સહદું પ્રકારનો ભાગ જમીન હોય તો તે જમીનનો કબજો બીજાને આપ્યો કરી ન હેતાં તેજ લતામાંની તેવાજ પ્રકારની જમીનના ખેડુતો જે કમાલ ભાડું હમેંશાં આપતા હોય તેટલું ભાડું માગવાનો તથા વસૂલ કરવાનો અધિકાર કલેકટરને છે, અને સહદું પ્રમાણે વસૂલ કરેલો અવેજ ઉપજ છે એમ સમજવું. કમાલ ભાડું કેટલું છે એ બાબત કલેકટર ઠરાવ કરશે તે આખરનો સમજવો.

જમીનને પ્રસંગે કમાલ ભાડું વસૂલ કરવાનો અધિકાર કલેકટરને છે.

ટીકાઃ—(૧) આ કાયદો અમલમાં આવતાં પહેલાં જે વતન—

(અ) બ્રીટીશ કોર્ટના હુકમનામા શિવાય, તથા (બ) કલેકટરની મંજુરી શિવાય, તથા. (ક) રેવીન્યુ દફતરમાં ધણીપણાનો ફેરફાર થયા શિવાય તેજ વતનના વતનદાર શિવાય બીજા સખસના માલીકીપણામાં અથવા કબજામાં ગયું હોય તો તે દુમાલા રદ બાતલ છે એવો ઠરાવ કરવાને કલેકટરને સત્તા છે. રદ બાતલ કરવાના કારણો દફતરમાં લખવાં જોઇએ.

"દુમાલા રદ બાતલ કરવું" એટલે તે વતન બીજાના ભોગવટામાંથી કહાડી લઇ અસલ વતનદારને તે વતન પાછું આપવું તે.

(૨). કલેકટરને એવો પણ હુકમ કરવાને અધિકાર છે કે તે વતન તથા તેની ઉપજ હુકમની તારીખથી જે વતનદારનો અગાઉ હક હતો તેનો છે.

(૩). તે વતનની ઉપજ વસુલ કરીને તે વતનદારને આપવાનો અધિકાર પણ કલેકટરને છે.

(૪). વતન જો જમીન હોય તો, કબજો લઇ લેવાને બદલે કમાલ ભાડું (ભર–આકાર) વસુલ કરવાનો પણ અધિકાર છે. વસુલ કરેલુ ભાડું એ વતનની ઉપજ સમજવી.

(૫). ગણોતની રકમનો કલેકટરે કરેલો ઠરાવ આખરનો સમજવો. એટલે તે ઠરાવ ઉપર અપીલ ચાલશે નહિ.

(૬) આ કલમ કયારે લાગુ પડતી નથી, ?

(અ) તેજ વતનના વતનદારને વતન દુમાલા કર્યું હોય તો,

(બ) સીવીલ કોર્ટના હુકમનામાની બજાવણીમાં દુમાલા થયું હોય તો,

(ક) કલેકટરની મંજુરીથી થયું હોય તો,

(ઙ) અંગ્રેજી રાજ્ય શરૂ થતાં પેહેલાંનું તે વતન મેળવેલું હોય તો,

(૭) કલેકટરની મંજુરી મોઘમ ન ચાલે, ચોખ્ખા શબ્દોમાં થયેલી હોવી જોઇએ.

કલમ ૮ ના ઠરાવો આ કલમનાં અપવાદ રૂપ છે.

(૮) નોકરી કરવાની સરતે આપેલી જમીન પાછી લઇ શકાય નહિ. પરંતુ નોકરીના મેહેનતાણા દાખલ આપેલી જમીન, વંશપરંપરાના હુદ્દા બદલ જે લોકોને આપી હોય તે શીવાયને પ્રસંગે, પાછી લઇ શકાય છે. એવા પ્રસંગે તો જ્યારે નોકરીની જરૂર ન હોય તોજ જમીન પાછી લઇ શકાય છે. નોકરીની જરૂર હોય અને વંશપરંપરાનો હુદ્દો જેને ભોગવવાનો હક હોય તેની પાસથી, બીજા કોઇને વહિવટદાર નિમવાના કારણને લીધેજ, જમીન પાછી લેઇ શકાય નહી. (૨૨ મુંબઇ ૪૨૨ બીમાપાયા).

વહિવટદારનાં મેહેનતાણાં દાખલ કાહાડી આપેલી વતની માલમિલકત ઉપરની જપ્તી કલેકટરનો દાખલો આવ્યા પછી દિવાની કોર્ટે કાહાડી નાખવી.

૧૦. હરકોઇ વતન અથવા તેનો હરકોઇ ભાગ અથવા તેની હરકાંઇ ઉપજ દાખલ રેવેન્યુ દફતરમાં દાખલ કરીને અથવા આ આકટ પ્રમાણે નોંધીને વહિવટદારનાં મેહેનતાણાં દાખલ આ આકટની ૨૩મી કલમ પ્રમાણે કાહાડી આપી હશે તે વતન અથવા તેનો તે ભાગ અથવા તેની તે ઉપજ હરકોઇ બ્રિટિશ કોર્ટનાં હુકમનામાં ઉપરથી અથવા હુકમ ઉપરથી અથવા તે હુકમનામું અથવા તે હુકમ બજાવ્યા ઉપરથી તે વખતે વહિવટદાર શિવાય બીજા માણસનાં ધણીપણામાં અથવા ફાયદાવાળા કબજામાં સરકારની મંજુરી વગર આ આકટ અમલમાં આવ્યાની તારીખ પછી ગઇ છે અથવા જશે એવું, અથવા સદહુ પ્રકારનું હરકાંઇ વતન અથવા તેનો હરકાંઇ ભાગ અથવા તેની હરકાંઇ ઉપજ સદહુ પ્રમાણે કાહાડી આપેલી નહીં હોય તે તેજ વતનના વતનદાર શિવાય બીજા માણસનાં ધણીપણામાં અથવા ફાયદાવાળા કબજામાં સદહુ પ્રમાણે ગઇ છે અથવા જવાનો અધિકાર છે એવું કલેકટરને દેખાય ત્યારે જે માલમિલકતને તે હુકમનામું અથવા હુકમ લાગુ હશે તે માલમિલકત વતન છે અથવા વતનનો ભાગ છે અથવા તે માલમિલકત વતનની ઉપજ અથવા ઉપજનો ભાગ છે

અથવા તે વહિવટદારના મેહેનતાણાં દાખલ કાહાડી આપેલી છે અને તેથી તે દુમાલા થવાને પાત્ર નથી એવા મજકુરનો દાખલો કલેકટરના સહી શિક્કાનો આવ્યા પછી કોર્ટે સદહું વતન ઉપર અથવા તેના હરકાંઇ ભાગ ઉપર અથવા તેની ઉપજ પૈકી હરકાંઇ ઉપજ ઉપર હરકાંઇ જપ્તી અથવા બીજું પ્રોસેસ ચાલુ હશે તે દુર કરવું. તથા તેનું વેચાણ અથવા વેચાણનો હુકમ અથવા તે બીજાનાં નામ ઉપર કર્યું હોય તે રદ કરવું તથા જે હુકમનામાં બાબત અથવા હુકમબાબત તકરાર લખાઇ આવી હશે તે હુકમનામાનો અથવા હુકમનો સદહું વતન સાથે અથવા તેના હરકાંઇ ભાગ સાથે અથવા તેની હરકાંઈ ઉપજ સાથે જેટલો સંબંધ હશે તેટલે સુધી તે હુકમનામું અથવા હુકમ રદ કરવો.

ટીકા:—જયારે હવે પછી હરકાંઇ વતન દીવાની કોર્ટના હુકમથી જપ્ત થાય અથવા વેચાય ત્યારે આ કલમ લાગુ પડે છે.

કલેકટરનું સરટીફીકિટ આવ્યા ઉપરથી દીવાની કોર્ટે—(૧) હરકાંઈ સખસની અરજ ઉપરથી વહીવટદારના મેહેનતાણા સારૂં કહાડેલાં વતન ઉપરની જપ્તી અથવા બીજી પ્રોસેસ. દુર કરવી. (૨) વતનદાર શિવાય બીજા કોઇ સખસની અરજ ઉપરથી બીજાં વતન ઉપરની જપ્તી અથવા બીજી પ્રોસેસ પણ દુર કરવી.

કલેકટરનું સરટીફીકિટ જે વતનની, વતનદારોએ માંહોમાંહે દાવા કરીને વ્યવસ્થા કરી હશે તે વતનને (વહીવટદારના મેહેનતાણા સારૂ જુદાં કાહાડેલા વતન શીવાય) લાગુ પડતું નથી.

જે વતન દફતરમાં દાખલ થયું હશે, અને નોંધાયું હશે તેવા વતનને આ કલમ લાગુ પડે છે.

સરકારની મંજુરીથી વતન ગીરો વેચાણ થયું હશે તો સરટીફીકિટ આપી શકાતું નથી. (૫. મુંબઈ. ૨૮૩.)

વતનમાંથી જુદા પડેલા ન હોય એવા કોઈ વતનના ભાગ અથવા હિસ્સા માટે પણ સરટીફીકિટ આપી શકાય છે.

જે વતન વહિવટદારના મેહેનતાણા સારૂ જુદું કાહાડેલું હશે તે વતન બાબતમાં, તેમજ (૨) કોઇ ગુજરી ગયેલા વતનદારે તે વતન ઉપર કંઇ બોજો ધયા દેણુ કર્યું હશે તે વતનની બાબતમાં કલેકટરે આ કલમ

મુજબ દરમીયાનગીરી કરવાની છે પરંતુ કોઇ વતનદારે પોતાની જીંદગી પર્યંતનો હક ગીરોવેચાણ કર્યો હોય તે બાબતમાં કલેકટરે દરમ્યાનગીરી કરવાની નથી.

સરટીફીકટથી દીવાની કોર્ટ હુકમનામુ કરતી અટકતી નથી, પરંતુ સરટીફીકિટના જોરથી તે હુકમનામું નકામા જેવું થઇ પડે છે. (સીદ્દેશ્વર. ૬. મુંબઇ. ૪૬૩)

અમુક જમીન ચાકરીઆત વતનની જમીન નથી એવું સરટીફીકિટ આપ્યા પછી તે જમીન વેચાણ થયા બાદ તે વેચાણ રદ કરાવવા બીજું સરટીફીકિટ આપે તો તે નિરઉપયોગી છે (દીનકર. મુંબઇ. લો-રી-૮૨૫)

"વતન" શબ્દની વ્યાખ્યાની ગેરસમજુતીને લીધે સરટીફીકિટ આપ્યું હોય તો તે સરટીફીકિટ નકામુ છે. વળી સરટીફીકિટ મોઘમ અને અચોકસરીતે લખેલું હોય તો તે પણ નકામું છે. (રામચંદ્ર, ૨૨, મુંબાઇ ૬૬)

વતનદારના મરણ બાદ બાર વરસ પછી સરટીફીકિટ આપ્યું હોય તોપણ દીવાની કોર્ટે તે સરટીફીકિટનો અમલ કરવો જોઇએ. (ચતરા, વિ બેહીનાબાઇ ૧૭. મુંબઇ ૩૬૨)

સરટીફીકિટ આપવું ન આપવું એ કલેકટરના ડહાપણ ઉપર રાખેલું છે. અને જે કામમાં ડહાપણ વાપરેલું ન જણાય અને અધિકારનો ખોટો ઉપયોગ કરેલો જણાય તેવા કામમાં હાઇકોર્ટને હાથ ઘાલવાની સત્તા છે. (થાણાનો કલેકટર વિરૂદ્ધ ભાસ્કર, ૮ મુંબઇ, ૨૬૪)

જે દીવાની કોર્ટના હુકમથી વતન ઉપર કોઇપણ અસર થતી હશે. તે દીવાની કોર્ટ તરફ કલેકટરે સરટીફીકિટ મોકલવાનું છે.

આ કલમ સન ૧૮૮૬ના આકટ-૫ થી સુધારા મુજબ દાખલ કરી છે. "અથવા જવાનો અધિકાર છે" એટલા શબ્દો નવા છે.

આ આકટ ઠર્યા પછી વતની માલમિલકત હુમાલા કરી આપી હશે તે હુમાલા રદ બાતલ છે એવું ઠરાવવાનો અધિકાર કલેકટરને છે.

૧૧. આ આકટની ૧૦મી કલમમાં કહેલા પ્રકારનું હરકાંઇ હુમાલા હરકોઇ બ્રિટિશ કોર્ટનાં હુકમનામાં શિવાય અથવા હુકમ શિવાય અથવા તે બજાવ્યા શિવાય બીજી રીતે થશે ત્યારે પોતાનાં કારણ દફતરમાં લખીને સદહું પ્રકારનું હુમાલા રદ બાતલછે એવો ઠરાવ કલેકટરે કરવો.

ટીકાઃ—હવે પછી ડ્યાટીશ કોર્ટના હુકમ શિવાય, (૧) વહિવટદારના મેહેનતાણા બદલ કાહાડી આપેલાં વતન તથા (૨) બીજું વતન બીજા કોઇ બહારના સખસના કબજામાં ગયેલાં વતન બદલ સંક્ષિપ્ત ચોકસી કરીને તે વતન ઉપરનો ગીરો વેચાણ વગેરે રદ બાતલ ઠરાવવાનો કલેકટરને આ કલમથી અધિકાર મળે છે.

વતન ઉપરનું ગીરો, વેચાણ રદ બાતલ થાય છે. પરંતુ તેથી વતનદાર દેણદાર દેણમાંથી મુકત થતો નથી.

૧૧. અ. કલેકટરને યોગ્ય દેખાય તે પ્રમાણે, ૧૦મી કલમ મુજબ તેનો દાખલો આવ્યા ઉપરથી અથવા ૧૧ મી કલમ મુજબ તેણે પોતે કરેલા ઠરાવ ઉપરથી કોર્ટે જે મિલકત સબંધી હુકમ કર્યો હોય તેવી સઘળી મિલકતનો કબજો એકદમ પાછો લેવો અથવા ૯મી કલમની ૨જી રકમમાં કહેલાં દર પ્રમાણે તેના ઉપર આંકડો ઠરાવવો અને ત્યાર પછી સદહું મિલકત વતનમાં પાછી આવશે.

૧૦મી અથવા ૧૧ મી કલમ પ્રમાણે કરેલો હુકમ જે મિલકતને લાગુ પડતો હોય તે મિલકત પાછી લેવા બાબત

ટીકાઃ—જે વતન બાબતમાં કલમ. ૧૦ તથા ૧૧ મુજબ હુકમ થયા હોય તે વતનની મિલકતનો કબજો એકદમ કલેકટર પાછો લેવાને મુખત્યાર છે. અથવા તો કલમ. ૯. ની રકમ-૨-મુજબ કમાલ આકાર ઠરાવવાને મુખત્યાર છે. કમાલ આકાર લેવાનો ઠરાવ કર્યો એટલે તે મિલકત વતનમાં પાછી આવી એમ સમજવું.

આ કલમ. સન ૧૮૮૬ ના ૫ થી દાખલ થઇ છે.

૧૨. આ આકટની ૮ મી તથા ૯ મી તથા ૧૧ મી કલમના ઠરાવ અમલમાં લાવવા સારૂ જરૂર હોય ત્યારે હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર કલેકટરને છેઃ—

૮ મી તથા ૯મી તથા ૧૧મી કલમના ઠરાવ અમલમાં લાવવા બાબતનો કલેકટરનો અધિકાર.

(અ) હરકોઇ જમીનનો કબજો ખોટી રીતે હરકોઇ આસામીની પાસે આવ્યો હશે તે સંક્ષિપ્તરીતે કામ ચલાવીને કાહાડી લેવાનો અથવા,

(બ) હરકોઇ માણસની પાસેથી કાંઇ ભાડું આવવાનું હશે તે, ધારો વસુલ કરવા બાબત જે કોઈ કાયદો ચાલુ હોય તે કાયદામાં જે રીત કહી હશે તે રીતે વસુલ કરવાનો અધિકાર છે.

ટીકાઃ—કલમ. ૮. ૯. અને ૧૧ના ઠરાવો અમલમાં લાવવા સારૂ કલેકટરને નીચે મુજબનો અધિકાર આ કલમથી મળે છેઃ—

(૧) ખોટી રીતે જે માણસના કબજામાં જમીન ગઇ હોય તો તે માણસના કબજામાંથી તે સંક્ષિપ્ત ચોકશી કરીને લેઇ લેવાનો, અથવા

(૨) જમીન મેહેસુલ વસુલ કરવાની રીત મુજબ ભાડું તથા આકાર વસુલ કરવાનો.

૧૩. વહિવટદારનાં મેહેનતાણાં દાખલ વતની માલમિલકત આ આકટની ૨૩મી કલમ પ્રમાણે કાહાડી આપેલી હોય તે તથા તે વતની માલમિલકતની ઉપજ કોઇ દિવાની કોર્ટના પ્રોસેસને પાત્ર નથી.

મેહેનતાણાં દાખલ કાહાડી આપેલું વતન કોર્ટનાં પ્રોસેસને પાત્ર નથી.

ફલાણી માલમિલકત સદહુ પ્રમાણે કાહાડી આપેલી વતની માલમિલકત છે એવા મજકુરનો દાખલો કલેકટરના સહી શિક્કાનો પોંહોંચ્યા પછી સદહુ પ્રકારની માલમિલકત ઉપર અથવા તેની ઉપજ ઉપર જપ્તી અથવા બીજું પ્રોસેસ બેસાડયું હોય તે કોર્ટે ઉઠાડવું અથવા સદહુ પ્રકારની માલમિલકતનું અથવા તે માલમિલકતને લાગુ હોય તેવું અથવા તે માલમિલકતની ઉપજનું અથવા તે ઉપજને લાગુ હોય તેવું હરકાંઇ વેચાણ રદ કરવું.

ટીકાઃ—વતનદારના મૃત્યુ પછી દેવો થયેલો હક તેની મિલકતના ભાગ તરીકે જપ્તીમાં લઇ શકાય નહી. (હનમંતરાવ, ૧૦ મુંબઇ ૨૯૪).

વંશપરંપરાના નોકરોના મુસારાને દીવાની કોર્ટના પ્રોસેસ સામે જે ખાશ રક્ષણ મળે છે તે રક્ષણ, મુસારો એવા નોકરોના હાથમાં જાય કે તુરત, બંધ થઇ જાય છે. એટલે નોકરના હાથમાં નાણા ગયા પછી તે દીવાની કોર્ટના પ્રોસેસને પાત્ર થાય છે. (ગણપતલાલ, ૧૦ મુંબઈ ૪૦૮)

૧૪. રકુમ ૧. એકજ ગામમાં અથવા એકજ ગામના ભાગમાં સરખીજ ચાકરી કરવા બાબત બે અથવા વધારે વતનો ધારણ કરેલાં હોય તે એકઠાં કરી નાંખવાના જે કારણો હોય તે લખી મુકીને એકઠાં કરી નાખવાનો અધિકાર કલેકટરને છે.

વંશપરંપરાના જુદા એકઠા કરી નાંખવા.

રકુમ ૨ જી. આ આકટ અમલમાં આવ્યાની તારીખ પહેલાં સદહું પ્રમાણે એકઠું કર્યું હોય તે આ આકટ પ્રમાણેજ એકઠું કર્યાની પેઠેજ ચાલશે.

ટીકા:—એકજ ગામમાં સરખીજ ચાકરી કરવાના બે અથવા વધારે વતનો હોય તે એકઠાં કરી નાંખવાનો કલેકટરને અધિકાર આપ્યો છે. પરંતુ સંગીન કારણો શીવાય વતનો એકત્ર કરવાં નહીં.

ભાગ ૩ જો.

વતનનો બદલો.

૧૫. રકુમ ૧. વતન ધારણ કરનારાની લખેલી સંમત્તીથી તેને તથા તેના વારસને તથા સ્થાનાપન્નને ચાકરી કરવાની પાત્રતામાંથી કલેકટર અને તે વતન ધારણ કરનારો જે શરતો કબુલ કરશે, તે સરતો આ આકટના ઠરાવને અનુસરીને હોય કે નહીં હોય તોપણ તે સરતો પ્રમાણે નિરંતર મુકત કરવાનો અધિકાર કલેકટરને છે.

ચાકરીનો બદલો.

રકુમ ૨ જી. આ કારણ સારૂ કરેલો હરકોઇ ઠરાવ હરકોઇ કલેકટરે અથવા સરકારની તરફથી કામ કરનારા બીજા અમલદારે કોઇ વતન ધારણ કરનારાની સાથે આ આકટ અમલમાં આવ્યા પેહેલાં કર્યો હશે તે આ આકટ પ્રમાણે કર્યો હોય તે પ્રમાણેજ ચાલશે.

આ આકટ ઠર્યા પેહેલાં ઠરાવ કર્યા હશે તે આ આકટ પ્રમાણે કર્યા હોય તે પ્રમાણેજ ચાલશે

રકમ ૩ જી. આ કલમ પ્રમાણે જે જે ઠરાવ કર્યા હશે અથવા મંજુર કર્યા હશે તે ઠરાવ પ્રમાણે સરકારને અને વતન ધારણ કરનારને અને તેના વારસોને તથા સ્થાનાપન્નાને ચાલવું પડશે.

ઠરાવ પ્રમાણે કોણે ચાલવું જોઇએ.

રકમ ૪ થી. આ કલમનાં કારણ સારૂ " ધારણ કરનારો " આ શબ્દમાં એકલોજ કોઇ ધણી હોય તેનો અથવા મજીઆરા ધણી હોય તે સઘળા જણાનો અથવા ક્રાયદાના હક સંબંધવાળા માણસોના વારસ વકીલ પ્રમાણે જે કોઈ માણસની સાથે વહેવાર કરવામાં આવતો હશે અથવા ક્રાયદાના હક સંબંધવાળા માણસોનો વારસ વકીલ છે એ રીતે જેનું નામ ઠરાવ કરતી વખતે સરકારી દફ્તરમાં હશે તે માણસનો સમાસ થાય છે.

" ધારણ કરનાર " કોણ.

ટીકા:—આ કલમની રકમ બીજીથી, આ આકટ થતાં પહેલાંના ચાકરીમાંથી મુકત કરવાના થયેલા ઠરાવો, કાયમ રાખવામાં આવ્યા છે. અને આ આકટ પસાર થયા પછી ને માટે, પેહેલી રકમથી વતનના ધારણ કરનાર જે શરતો કબુલ કરે તે શરતો પ્રમાણે તે વતનદારને તથા વંશજોને ચાકરી કરવાની ફરજમાંથી હમેશને માટે મુક્ત કરવાનો, કલેકટરને અધિકાર છે. પરંતુ વતનદારની સાથે આવો ઠરાવ કરતાં પહેલાં તેની લેખી સમજી લેવી જોઇએ. કરેલા ઠરાવની શરતો મુજબ ચાલવાને એક તરફથી સરકાર તેમજ બીજી તરફથી વતનદાર તથા તેના વંશજો બંધાયલા છે. જે વતનો સેટલમેન્ટની શરતો મુજબ જારૂ રાખવાના છે, તે વતનોને, આ કાયદામાં આગળ કહેલા વતન ગીરો, વેચાણ કરવાની બંધી બાબતના ઠરાવો, લાગુ પડતા નથી. એટલે જે વતન બાબત સેટલમેન્ટ થયું છે, અથવા થાય, તે સેટલમેન્ટની (સનંદમાં લખેલી) સરતોને અનુસરીને ગીરો યા વેચાણ કરવાને બીલકુલ હરકત નથી. દાખલા તરીકે દેશાઇગીરીનો હક, સેટલમેન્ટની સનંદમાં વેચવાની મના કરેલી ના હોય તો, વેચવાને તથા વેચાતો લેવાને હરકત નથી. પરંતુ એવો હક ગીરો વેચાણ રાખતાં પહેલાં સનંદની શરતો ખાસ જોવી જોઇએ.

દેસાઇગીરી હક એ વતન છે. સુરત અને ભરૂચ જીલ્લામાં દેસાઈ-ગીરી અને બીજા વતનને, તદન ખાનગી મિલકત ઠરાવવામાં આવ્યાં છે. તોપણ તે આ આકટની કલમ પાંચની રકમ બીજી મુજબ વતન છે એવા હક વેચાણ થઇ શકે પરંતુ વતનદારના વારસોના હકને નુકશાન થવું ન જોઇએ. ઠરાવ નંબર ૩૯૨૯ તા. ૧૪-૧૧-૧૮૬૭.

ગાંમના નોકરો પાસે મામુલ ચાકરી લેવા નો જે હક કોઇ આસામીનો હોય તે હકને આ આકટ ઉપરથી બાધ આ-વતો નથી.

૧૬. ગાંમના જે નોકરોનાં વતન, ચાકરી કરવાને પેટે અસલથી આપ્યાં હતાં, અથવા ચાકરી કરવા ને પેટે તેઓની તરફ હમણા ચાલે છે પણ સરકારની તે ચાકરી કરવાની પાત્રતાથી સરકારે તેઓને મુકત કર્યાં છે, તે નોકરો પાસેથી તે ચાકરી મામુલ પ્રમાણે લેવાનો હક જે આસામીનો હોય તેના અથવા ગામના લોકોના હરકાંઇ હકને ઉપરની છેલ્લી કલમ માંહેના હરકાંઈ ઠરાવ ઉપરથી બાધ આવે છે એવું સમજવું નહીં.

ટીકાઃ—ગામ નોકરો જેઓને સરકારે સરકારની તેમજ ગામની નોકરી કરવામાંથી મુકત કર્યાં છે, તેઓની પાસેથી મામુલ નોકરી લેવાનો ગામ લોકોના તથા ગામના દરેક આસામીના હકને આ કલમથી કંઇપણ બાધ નથી. દાખલા તરીકે અગાઉ ભંગીઆ, સુથાર, હજામ, ધોબી, વેશી વતનદાર ગણાતા હતા, અને તેમની ચાકરી બદલ જમીન પળતી હતી, અને કેટલીક જગાએ હજી પણ પળે છે. એવા વતનદારને સરકારે નોકરીમાંથી ઘણું કરીને મુકત કરેલા છે. તોપણ તેઓની પાસેથી નોકરી લેવાના ગામ લોકોના તથા ગામના દરેક આસામીના, ચાલતા આવેલા રીવાજ મુજબના, હકને કાંઇ બાધ આ કાયદાથી નડતો નથી. એટલે ચાલુ રીવાજ મુજબ આવા લોકો પાસેથી નોકરી લેવીજ જોઇએ. ગુલામગીરી કરાવવાની નથી. પરંતુ વાજબી પૈસા લઇને નોકરી કરવાને ચાલતા આવેલા રીવાજથી તેઓ બંધાયલા છે. આ કલમના ઠરાવો કલમ ૧૫-ના ઠરાવોના અપવાદ રૂપ છે એમ સમજવું. જૂના રિવાજ તથા હકમાં હાથ ઘાલવાની સરકારની મરજી નથી એવું આ કલમ બતાવી આપે છે.

૧૭ જ્યારે વતનની સઘળી માલમિલકત અથવા તેમાંની હરકાંઇ માલમિલકત હેઠળ લખેલા પ્રકારનો અવેજ હોય એટલે જાગીરદાર અથવા ઇનામદાર અથવા મેહેવાસી ઠાકોર અથવા બીજા લોક કુલ માફીની અથવા કાંઇ માફીની સ્થાવર મિલકતના ધણી હોય અથવા ભોગવટો કરનારા હોય તેઓની પાસેથી હરકોઇ પ્રકારનો અવેજ રોકડ અથવા ઐનજીનસી મળવાનો હોય ત્યારે તે અવેજની રકમ વખતે વખત ઠરાવવાનો અધિકાર કલેકટરને છે. પણ એવું ઠરાવ્યું છે કે સરકારી ગામમાં જે પરિમાણ ચાલતું હશે તે પરિમાણ પ્રમાણે જે રકમ આપવી પડે તેના કરતાં વધારે રકમની માગણી કરવી નહીં.

દુમાલા ગામમાંથી અવેજ આપવો હોય તેની રકમ ઠરાવવા બાબત.

ટીકા:—આ કલમની ભાષા ગુંચવણ ભરેલી છે, પણ એની મતલબ નીચે મુજબ છે.

જ્યારે કોઇપણ જાગીરદાર, ઇનામદાર, અથવા ઠાકોર પાસેથી કાંઇ અવેજ, રોકડ અથવા ઐનજીનસી, મળવાનો કોઇ આશામીનો હક હોય ત્યારે તે અવેજની રકમ વખતે વખત ઠરાવવાનો અધિકાર આ કલમથી કલેકટરને છે. ઇનામી ગામોમાં કુલકર્ણી [તલાટી] વગેરેના હકને આ કલમ લાગુ પડે છે.

સરકાર ફરમાવે તેટલી મુદતના ઠરાવ કરવાના છે. જુઓ કલમ ૨૧. જાગીરદાર વગેરે ઉપર નવો કર કયા બોજો નાંખવાનો કલેકટરને અધિકાર નથી. (૧૯, મુંબઇ ૫૮૧).

આ કલમને આધારે કલેકટર નવો બોજો ઇનામદાર ઉપર નાંખી શકે નહીં. જે હક નકકી થએલો હોય તેટલોજ કલેકટર અપાવી શકે. વધારે અપાવી શકે નહી. જે હકની રકમ નકકી થઇ ન હોય તે નકકી કરવાનો અધિકાર કલેકટરને આ કલમથી છે.

૧૮. જ્યારે પટેલના અથવા કુલકર્ણીનાં (એટલે તલાટીનાં) વતનના કરતાં ઓછા દરજાનાં ગામનાં વતનની સઘળી માલમિલકત અથવા તેમાંની કંઈ માલમિલકત હેઠળ લખેલા પ્રકારની હોય એટલે લોકોની પાસેથી બારોબાર રોકડ અથવા ઐનજીનસી અવેજ લેવાનો હક હોય ત્યારે જે માણસનો સંબંધ હોય તેણે અરજી

કેટલાએક વર્ગોના વતનદારોના હક અને કર્તવ્ય કર્મો ઠરાવવા સારૂ પંચની નીમણુંક.

કરી હોય તો તે હકનો તથા કર્તવ્યકર્મો કરવાં હોય તેઓનો પ્રકાર તથા માન અને તે હકનો અવેજ આપવાને અને તે કર્તવ્ય કર્મો કરવાને કયાં કયાં માણુસો અથવા કુટુંબો અથવા વર્ગનાં લોક પાત્ર છે તે વાતનો લખેલો ઠરાવ પાંચ જણાની પંચ પાસે કરાવી લેવાનો અધિકાર કલેકટરને છે. તે પાંચ જણામાં બે જણાને ગામવાળાઓએ ઠરાવવા તથા બે જણાને વતનદારોએ ઠરાવવા અને એક જણને કલેકટરે ઠરાવવો, તે સરપંચ થશે. પંચની આસામીઓમાંના ઘણા જણાનાં મત પ્રમાણે ઠરાવ થશે. પણ એવું ઠરાવ્યું છે કે ગામવાળા અથવા વતનદાર સાત દહાડામાં પંચ ન નીમી આપે તો પાંચ જણાની પંચ કરવાને જેટલા પંચની જરૂર હોય તેટલા પંચ કલેકટરે નીમવા.

અને વળી એવું ઠરાવ્યું છે કે સરપંચ નીમ્યાની તારીખથી સાત દહાડામાં પંચ ઠરાવ નહીં કરશે તો કલેકટર પોતાની જાતે ઠરાવ કરવાને મુખત્યાર છે.

ઉપર કહ્યા પ્રમાણે પંચે અથવા કલેકટરે ઠરાવ કર્યો હશે તે આખરનો થશે, અને સદરહુ પ્રમાણે ઠરાવ થવા સારૂ જે માણુસોના અથવા જે વર્ગના માણુસોના હકની અથવા કર્તવ્ય-કર્મોની પાત્રતાની હકીકત ગુજારી હોય તે સઘળા માણુસોને તે ઠરાવ પ્રમાણે ચાલવું પડશે.

ટીકાઃ—૧ લોકોની પાસેથી બારોબાર રોકડ અથવા ઍનજીનસી (જણસ, દાણા, ઘાસ, પરાળ, ફળ વગેરે) અવેજ લેવાના ગામના મ્હાર, રખા, વરતણીઆ વીગેરે હલકી જાતના વતનદારના હકને આ કલમ લાગુ છે.

૨ લાગતાવળગતા માણુસની અરજી ઉપરથીજ આ કલમનો કલેકટરે ઉપયોગ કરવાનો છે.

૩ ખેડુતો પાસેથી લેવાતા આવા હક બાબત કાંઇ તકરાર પડે, અને તેવી અરજી કલેકટરને મળે ત્યારે પંચ નીમવી; પંચના બે માણુસો ગામ લોકોએ નીમવા, અને બે માણુસો આવા હલકા વર્ગના વતનદારોએ નીમવા અને એક સરપંચ કલેકટરે નીમવો. પંચે લખેલો ઠરાવ કરીને

(અ) તકરારી હકના પ્રકાર તથા મર્યાદા.

(ગ) શી શી ફરજો બજાવવી તે; તથા

(ઘ) ક્યાં ક્યાં માણસો, અથવા કુટુંબો, અથવા વર્ગના લોકોએ તે ફરજો બજાવવી—તથા

(ચ) ક્યાં ક્યાં માણસો, અથવા કુટુંબ અથવા વર્ગના લોકો તે હકનો અવેજ આપવાને પાત્ર છે.

એ ચારે બાબતો પંચે સરપંચ નિમાયા પછી સાત દિવસમાં ઘણાના મત પ્રમાણે લેખી ઠરાવ કરી નકકી કરવી, સાત દિવસમાં પંચ ફેસલો ન આપે તો કલેકટરે તકરારનો નિકાલ કરવાની તજવીજ કરી, કલમ ૧૯ મુજબ ઠરાવ કરવાનો કલેકટરને અધીકાર છે.

ગામના મ્હાર (ઢેડ) તથા રખાના હક તથા ફરજો શું શું છે તે કાયદેશર રીતે નક્કી કરવાના હેતુથી આ કલમ દાખલ કરેલી છે.

આ કલમ મુજબ કોણ કોણ વંશપરંપરાની નોકરી કરવાને પાત્ર છે તે ઠરાવવાનો અધિકાર દીવાની કોર્ટને નથી (૧૮, મુંબઇ, ૮૩) મ્હાર ના વતનમાં ત્રીજા હીસ્સાનો ભાગીદાર હોવાનો હક સાબીત કરવાનો દાવો લેવાને દીવાની કોર્ટને અધિકાર નથી. (૨૫, મુંબઇ ૧૮૬)

વતનની ઉપજ કોઇ કોઇ વાર વધઘટ થતી હોય ત્યારે જે રકમ આપવી તે ઠરાવવાની રીત

૧૯. પંચે ઠરાવ ન કરવાને લીધે કલેકટર ઉપલી કલમ પ્રમાણે ઠરાવ કરે અને વતનની અથવા વતનના ભાગની ઉપજ વધઘટ થાય છે અથવા ઍનજીનસી આપવામાં આવે છે એવું નજરમાં આવે ત્યારે રકમ આપવી તે ઠરાવવાનો તથા તે રોકડ કે ઍનજીનસી આપવી તે ઠરાવવાનો અધિકાર કલેકટરને છે.

આ આકટ થયાં પહેલાં કરેલા ઠરાવોનું વહેવાર ઉપયોગી પણું.

૨૦. આ આકટની ૧૭મી અથવા ૧૮ મી અથવા ૧૯મી કલમમાં કહેલા પ્રકારનો હરકોઈ ઠરાવ કલેકટરે અથવા સરકારે યોગ્ય રીતે અધિકાર આપેલા બીજા અમલદારે આ આકટ અમલમાં આવ્યાની તારીખ પહેલાં કર્યો હશે તે આ આકટ પ્રમાણે કર્યો હોય તેજ પ્રમાણે ચાલશે.

૨૧ આ આકટની ૧૭મી તથા ૧૮મી તથા ૧૯મી કલમમાં કહેલા પ્રકારના ઠરાવ આ આકટ અમલમાં આવ્યા પછી કરવા હોય તે ગવરનર ઇન્ કૌંસિલ વખતે વખતે ફરમાવે તેટલી મુદ્દતના કરવા.

સરકાર ફરમાવશે તેટલી મુદ્દતના ઠરાવ કરવા.

ટીકાઃ—કલમ ૧૭, ૧૮ તથા ૧૯ મુજબના ઠરાવ સરકાર ફરમાવે તેવી મુદ્દતના–ઘણું કરીને દસ વરસની મુદ્દતના–કરવા.

ભાગ ૪ થો.

નવાં વતનો કરવા બાબત અને વતનો સરકારમાં આવવા બાબત.

૨૨. અસલનું વતન નહીં હોય ત્યારે નવું વતન કરવાનો અને તે પ્રમાણે કરતી વખતે પોતાને યોગ્ય જણાય તેવી સરકારી માલમિલકત કોઇ ચાલુ કાયદા પ્રમાણે અથવા ઇંડિયાના ગવરનર જનરલ ઇન્ કૌંસિલના ચાલુ હોય તેવા હરકોઇ હુકમ પ્રમાણે જે મંજુરી જરૂરની હોય તે લઇને, કાહાડી આપવાનો અધિકાર સરકારને છે.

નવાં વતનો કરવા.

સઘળું પ્રકારનાં વતનને આ આકટના સઘળા ઠરાવ લાગુ થશે. અને આ આકટ ઉપરથી અથવા બીજા કોઇ ચાલુ કાયદા ઉપરથી આપેલો અધિકાર વતનદારોએ ચલાવવો, અને તેમાં કહેલાં કર્તવ્ય કર્મો કરવા.

વતન અથવા વતનનો ભાગ સરકારમાં આવ્યો હોય અથવા દંડ બાબત ખાલસા કર્યો હોય અથવા સરકારે બીજી કાયદાસર રીતે સરકારમાં લીધો હોય અથવા વતન ધારણ કરવાનો હરકોઇ વિશેષ કુટુંબનો હક નહીં હોય અથવા સાબેત થયો નહીં હોય ત્યારે પોતાને યોગ્ય જણાય તે માણસને અથવા માણસોને સઘળું

પ્રકારનું વતન અથવા વતનનો ભાગ આ કલમની પેહેલી રકમમાં કહેલી મંજુરી લઈને કાહાડી આપવાનો અધિકાર સરકારને છે.

ટીકાઃ—નવું વતન કરી આપવાનો સરકારને અધિકાર આ કલમથી મળે છે. એવા નવા વતનને આ કાયદો લાગુ પડશે. વળી ખાલસા થએલું વતન બીજા યોગ્ય માણસને કરી આપવાનો પણ અધિકાર સરકારને છે.

ભાગ ૫ મો.

વહિવટદારોનું મેહેનતાણું.

વહીવટદારોના વતનો કલેકટરે ઠરાવવાં.

૨૩. આ આકટના ઠરાવનું ધોરણ રાખીને અને ચાકરીના ઇનામ બાબત તથા નગદ નીમણૂક બાબત તથા પેનશન બાબત જે બીજો કોઇ કાયદો ચાલૂ હોય તેના ઠરાવનું ધોરણ રાખીને આ આકટના ઠરાવ પ્રમાણે નીમેલા વહિવટદારોનાં વાર્ષિક વેતનો ઠરાવવાં એ અને જે વખતે જે વહિવટદાર હોય તેઓને તે વેતનનો અવેજ આપવાનું ફરમાવવું એ કલેકટરનું કર્ત્તવ્યકર્મ છે.

તે કારણ સારૂ વતની માલમિલકત કાહાડી આપવાનો અધિકાર કલેકટરને છે.

એ મતલબ સારૂ વતની માલમિલકત અથવા તેની ઉપજ વહિવટદારોનાં વેતનને પેટે કાહાડી આપવાનો અધિકાર કલેકટરને છે. હાલમાં જે આસેનમેંટો (મેહેનતાણા બાબત જે કાંઈ કાહાડી આપ્યું હોય તે) હશે તેમાં અધિકારવાળો અમલદાર ફેરફાર કરે ત્યાહા સુધી તે આ કલમ પ્રમાણે કર્યા છે એવું સમજવું. અસૈનમેંટમાં કામ પડે તે પ્રમાણે સરકારની મંજુરી લઇને ફેરફાર કરવાનો અને આસૈનમેંટની રકમ વધારવાનો અથવા ઘટાડવાનો અધિકાર કલેકટરને છે. જે રકમ વધારવી કે ઘટાડવી તે વતનમાંથી તેના ધારણ કરનારાઓને જે ઉપજ મળતી હશે તેનાં પ્રમાણ પ્રમાણે તે ધારણ કરનારાઓમાં ફાળા પડતી વધારવી અથવા ઘટાડવી.

ટીકા:—વહિવટદારોના વાર્ષિક મુસારા ઠરાવવા અને ઠરાવ્યા મુજબ વતનદારો પાસે અપાવવા એ કલેક્ટરની ફરજ છે. અને એ કારણસર વતનની મિલકત અથવા ઉપજ મુસારા પેટે કહાડી આપવાનો અધિકાર કલેકટરને છે. મુસારા પેટે કહાડી આપેલી મિલકત અથવા ઉપજમાં જરૂર પ્રસંગે, વધારો ઘટારો કરવાનો અધિકાર પણ કલેકટરને છે.

જમીન જેના કબજા ભોગવટામાં હોય તે નોકરી કરવાને અશકત હોય ત્યારે તેની પાસેથી કમાલ આકાર ઉપરાંત, વહિવટદારના મેહેનતાણા પુરતું, વધારે ગણોત માંગવાને હરકત નથી. જો કબજેદાર વધારેલા ગણોતની રકમ આપે નહીં તો જમીન પાછી લઇ શકાય છે.

મજમુનદારી વતનનો વારસો સ્ત્રીને મળી શકે છે. તે વતનની બધી ઉપજ વહિવટદારને મેહેનતાણા દાખલ આપવા ને કલેકટરને અધિકાર છે. (બાઇ. સુરજ. ૮ મુંબઇ. ૮૭).

૨૪થી ૩૧ સુધીની કલમો સને ૧૮૮૭ના આકટ ૬થી રદ થઇ છે.

ભાગ ૬ ઠો.

વારસવકીલ વતનદાર.

વતની માલમિલકત મુકી દીધા પછી ચાકરીનો હક રહેશે.

૩૨. ચાકરીનો હક મુકી દીધા વગર વતની માલમિલકત અથવા ઉપજ પોતાની ગરજીખુશીથી મુકી દીધી હોય ત્યારે ચાકરી કરવાના સદહું પ્રકારનાં હકની તજવીજ વતનદારોને સદહું પ્રકારનાં વેતનો મળતાં હોય તેજ પ્રમાણે કરવી.

મતાદાર આકટ થયા પહેલાં દત્તક લઇને વારસ કર્યો હશે તો દત્તવિધાનની નોટીસ

૩૩. હરકોઇ મતાદાર અથવા તેની વિધવાએ આ આકટ અમલમાં આવવાની અગાઉ દત્તક લઇને વારસ કર્યો હશે તે પ્રસંગે તે દત્તવિધાન બાબતની નોટીસ મતાદાર આકટ અમલમાં આવ્યા પછી બાર મહિનાની અંદર તે દત્તક વારસે અથવા તેની તરફથી કલેકટરને આપવી અને કલેકટરે પછી તે વારસનું નામ રજીસ્ટરમાં દાખલ

કરવું. પણ તે દત્તવિધાન અધિકારવાળી કોર્ટનાં હુકમનામા ઉપરથી રદ થયું છે એવું દેખાડવામાં આવશે અથવા આગલ રદ થાય તો કલેકટરે તે નામ રજીસ્ટરમાંથી કાહાડી નાખવું.

ટીકાઃ—દત્તક લેવાનું મના કરવાનો કે તેમાં બીજી રીતની દર્મ્યાન ગીરી કરવાનો સરકારને હક નથી (૧ મુંબઇ ૬૦૭ નરહર)

વતનદાર કુટુંબનો નહિ એવા કોઇ બહારના માણુસને દત્તક લીધો હોય, તો તે દત્તક રદ બાતલ નથી, પરંતુ જો સનંદમાં એવી પરવાનગી ન આપી હોય તો રદ બાતલ થાય છે. (બાલાજી વિ. દત્તુ ૨૭ મુંબઇ ૭૫)

સને ૧૮૮૭ના આકટ ૬ની કલમ ૩ રકમ ૨જી થી સુધાર્યા મુજબ આ કલમ દાખલ કરેલી છે.

મતાદાર આકટ ક્યાં પછી દત્તક લઇને વારસ કરવામાં આવે ત્યારે દત્તવિધાનની નોટીસ.

૩૪. હરકોઇ મતાદાર અથવા તેની વિધવા મતાદાર આકટ અમલમાં આવ્યા પછી દત્તક લઇને વારસ કરસે તે પ્રસંગે તે દત્તવિધાન બાબત ત્રણ મહિનાની અંદર તે વતનદારે અથવા તેની વિધવાએ અથવા તેઓ મરણ પામ્યા હોય તો તે દત્તક વારસે અથવા તેના પાલન કરનારાએ કલેકટરને રિપોર્ટ કરવો અને કલેકટરે તે વારસનું નામ તે પ્રમાણે રજિસ્ટરમાં દાખલ કરવું પણ તે દત્તવિધાન અધિકારવાળી કોર્ટનાં હુકમનાંમાં ઉપરથી આગળ રદ થાય તો કલેકટરે તે નામ રજીસ્ટરમાંથી કહાડી નાખવું.

ટીકાઃ—દત્તવિધાન બાબત ત્રણ મહિનાની અંદર રીપોર્ટ કર્યો હોય તો કલેકટર દત્તકનું નામ રજીસ્ટર કરવાને ના પાડી શકે નહીં. મુસલમાની સીરેહ મુજબ દત્તવિધાનથી વારસાનો હક પ્રાપ્ત થતો નથી.

સને ૧૮૮૭ના આકટ ૬ની કલમ ૩ રકમ ૨જી થી સુધાર્યા મુજબ આ કલમ દાખલ કરેલી છે.

દત્તવિધાનની નોટીસ યોગ્ય રીતેઆપવામાં નહીં આવે તો કામ ચલાવવાની રીત.

૩૫. સહર્હૂ પ્રકારનાં દત્તવિધાન બાબત આ આકટમાં ફરમાવ્યા પ્રમાણે નોટીસ આપવામાં અથવા રિપોર્ટ કરવામાં નહીં આવે તે પ્રસંગે વારસાનું સર્ટિફિકેટ હાજર કર્યા વગર અથવા તે દત્તવિધાનનું ખરાપણું સાબેત છે એવું

અધિકારવાળી કોર્ટનું આપેલું હુકમનામું હાજર કર્યા વગર તે દત્તવિધાન કલેકટરે કબૂલ કરવું નહીં.

ટીકા:—દત્તવિધાનની નોટીસ આપવામાં કે રીપોર્ટ યોગ્ય મુદતમાં કરવામાં ન આવે તો "દત્તવિધાનનું ખરાપણું સાબીત છે" એવું યોગ્ય દીવાની કોર્ટનું હુકમનામું હાજર કરે તો તે દત્તવિધાન કલેકટર કબુલ કરશે.

૩૬ અને ૩૭મી કલમ સને ૧૮૮૯ના આકટ ૬થી રદ થઇ છે.

ભાગ ૭ મો.

ચાકરીની મુદતો.

૩૮થી ૪૧ સુધીની કલમો સને ૧૮૮૭ના આકટ ૬થી રદ થઇ છે.

ભાગ ૮ મો.

વહીવટ કરનારા વતનદારો તથા તેઓના ગુમાસ્તા.

૪૨થી ૫૬ સુધીની કલમો સને ૧૮૮૭ના આકટ ૬થી રદ થઇ છે.

ભાગ ૯ મો.

શિક્ષા.

૫૭-૫૮-૫૯ કલમો સને ૧૮૮૭ના આકટ ૬થી રદ થઇ છે.

વતન ખાલસા કરવાનું ફરમાવવાને સરકાર મુખ્ત્યાર છે.

૬૦. જ્યારે કોઈપણ વારસ વડીલ વતનદારને અથવા તેણે નીમેલા કોઇ ગુમાસ્તાને અથવા અવેજીને, સેશન કોર્ટ કરતાં કનિષ્ઠ નહીં એવી કોઇ ફોજદારી કોર્ટે, પોતાના હોદ્દાને લગતાં કામ કરવા સંબંધી અથવા બીજા વસિલિકામાં

કહેલા ગુન્હાઓમાંના કોઈ ગુન્હાનો અથવા કોઈ એવા ગુન્હામાં મદદગારી કરવાનો તકસીરવાર ઠરાવ્યો હોય અને એવો ઠરાવ અપીલથી ફેરવ્યો અથવા રદ કર્યો નહીં હોય ત્યારે ગવર્નર ઈન કૌંસિલ જે કોઈપણ વતનમાં તેનો હિત સંબંધ હોય તે સઘળું વતન અથવા વતનનો કાંઈપણ ભાગ ખાલસા કરવાનું ફરમાવવાને મુખ્ત્યાર છે. એ પ્રમાણે વતન ખાલસા કરવું તે હમેશને માટે અથવા તો ગવર્નર ઈન કૌંસિલ યોગ્ય ધારે તેટલી મુદત સુધી થઈ શકે.

ટીકા:—સને ૧૮૮૬ના આકટ ૫થી આ કલમ દાખલ થઈ છે.

૬૧–૬૨ મી કલમો સને ૧૮૮૭ના આકટ ૬થી રદ થઈ છે.

ભાગ ૧૦ મો.

ગામના વંશપરંપરાના હલકા દરજાના હુદ્દા.

૬૩. પટેલ અથવા કુલકર્ણી (એટલે તલાટી)ના દરજા કરતાં નીચા દરજાના ગામના વંશપરંપરાના હુદ્દાઓનેજ આ ભાગ લાગુ છે.

૧૦ મો ભાગ લાગૂ થવા બાબત.

ટીકા:—"નીચા દરજાના" એટલે મ્હાર વીગેરે.

૬૪. સરકારના સામાન્ય નિર્બંધથી કલેકટરને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે.

કલેકટરને જે અધિકાર આપ્યો છે તે અધિકાર.

(અ) હુદ્દો ધારણ કરનારા દાખલ વતનદાર આસામીઓનાં નામો રજીસ્ટરમાં દાખલ કરવાં અથવા વતનદારોની આખી મંડળીએ મળીને હુદ્દો ધારણ કીધો છે એ રીતે રજીસ્ટરમાં દાખલ કરવું.

(ખ) આસામીઓનાં નામો રજીસ્ટરમાં સદહું પ્રમાણે દાખલ કર્યા હોય ત્યારે રજીસ્ટરમાં સદહું પ્રમાણે દાખલ કરેલાં માણસોનો માંહોમાંહેનો હક તથા કર્ત્તવ્ય કર્મો અને જવાબદારી ઠરાવવી અને કર્ત્તવ્યકર્મો કરવા સારૂ તેઓને ટાળી કાહાડવા તે કલેકટરે ટાળી કાહાડવા કે ઠરાવેલા વારા પ્રમાણે ટાળી કાહાડવા અથવા વતનદારોએ પસંદ કરવા કે યોગ્ય જણાય તેવી બીજી રીતે ટાળી કાહાડવા તે ટાળી કાહાડવાની રીત ઠરાવવી.

(ક) વતનદારોની આખી મંડળીને નામે રજીસ્ટરમાં વતન દાખલ કર્યું હોય તે પ્રસંગે તેઓને જે કર્ત્તવ્યકર્મો એકાજતે એકામતે કરવા સારૂ કલેકટરે શોંપ્યાં હોય તે કરવા સારૂ જેટલાં માણુસોની જરૂર હોય તેટલાં યોગ્ય માણુસો નીમવાનું તેઓને ફરમાવવું. સદહું પ્રકારની નીમણુક કરવી તે વાજબી મુદત કલેકટરે અગાઉથી ઠરાવીને તેઓને જણાવી હોય તે મુદતમાં કરવી જોઇયે. સદહું નીમણુક કરવામાં નહીં આવે તો કલેકટરે પોતાની જાતે નીમણુક કરવી.

(ડ.) તેઓમાંથી અથવા તેઓના વારસ વકીલોમાંથી કોઇ કર્ત્તવ્ય કર્મો કરવાની ગફલત કરશે અથવા ગેરવર્તણુક કરશે તો આખી મંડળીને એકામતે એકાજતે જવાબદાર કરવા બાબત તજવીજ કરવી તથા તે અમલમાં લાવવી; અને ઢોરને ઝેર આપવાનો ગુન્હો કરવા કામ ચાલુ હશે તે પ્રસંગે જે માણુસોએ તે ગુન્હો કર્યો છે અથવા જેઓએ તે ગુન્હો કરવા વીશે આંખ આડા કાન કર્યા છે એવુ જણાવાનો શબબ હશે તે માણુસોના વતન સરકારની મંજુરીથી મરજીમાં આવે તેટલી મુદત સુધી જપ્ત કરવાં.

(ધ) વહિવટ કરનારા માણુસોને નીમવા બાબત તથા તેઓનાં મેહેનતાણા બાબત તથા તેઓની ચાકરીની મુદત બાબત તથા તેઓને કામ ઉપરથી સસ્પેંડ કરવા બાબત તથા દંડ કરવા બાબત તથા બરતરફ કરવા બાબત તથા ગેરહાજર રેહેવાની રજા આપવા બાબત અને આ આકટમાં અથવા બીજા કોઈ ચાલૂ કાયદામાં બંદોબસ્તની જે બીજી વાતો બાબત ખસૂસ કરીને ઠરાવ કરેલો નહીં હોય તે વાતો બાબત હુકમ કરવો.

ટીકા:—રકમ (ધ) મુજબ કરેલા હુકમ ઉપર આખરનો હુકમ થતાં પહેલાં અપીલ નથી. જુઓ કલમ ૭૬.

ભાગ ૧૧ મો.

રજીસ્ટર.

કલેકટરે રજીસ્ટરો તૈયાર કરીને રાખવાં.

૧૫. આ આકટનાં કારણુ સારૂં જરૂર હોય તેટલાં સઘળાં રજિસ્ટરો સરકાર વખતે વખતે જે નમુનો ઠરાવે તે નમુના પ્રમાણે કલેકટરે તૈયાર કરીને રાખવાં. જે જમીનના અને નીમણૂકોના અવેજમાં ચાકરી કરવી પડતી હોય તે જમીનનું અને નીમણૂકોનું એક રજીસ્ટર જોઇયે. અને જે જમીન બાબત અને નીમણૂકો બાબત સઘળું પ્રકારની ચાકરી કરવી પડતી નહીં હોય તેઓનું બીજું રજીસ્ટર જોઇએ.

ટીકા:—આ રજીષ્ટરો રેવિન્યુને માટે છે. તે કોઇના હકનો પુરાવો નથી (૧૦ મુંબઇ હાઇકોર્ટ ૮૭) રજીષ્ટરમાં સુધારો વધારો કરવાને કલેકટર મુખત્યાર છે જુઓ કલમ ૧૮.

૧૬. જે જમીન તથા નીમણકો ધારણુ કરનારાઓને ચાકરી

ખાકરી ન કરવાનાં રજીસ્ટરમાં શો શો મજકૂર જોઇએ.

કરવાની માફી હોય તે જમીનનાં તથા નીમણુકોનાં રજીસ્ટરમાં કલેકટરે હેઠળ લખેલો મજકુર લખવો:—

(અ) જમીનનું ક્ષેત્રફળ તથા સર્વે નંબર તથા ધારો તથા સલામી લેવી હોય તે તથા સરકારે ઠુમાલાકરી આપેલી નક્કી ઉપજ.

(બ) રોકડ અથવા બીજી નીમણુકોની રકમ તથા પ્રકાર અને તે નીમણુકો શામાંથી આપવી તે.

(ક) જે ઠરાવથી માફી ચાલતી હોય તે ઠરાવની શરતો.

(ડ) સરકારની સાથે થયલા સહહું ઠરાવના પક્ષકારોનાં નામો તેઓને આપેલી સનદમાં લખેલાં હોય તે પ્રમાણે.

(ઇ) બીજી કાંઇ વિગત દાખલ કરવા બાબત સરકાર વખતે વખતે હુકમ કરશે તે બીજી વિગત.

૬૭.મી કલમ સને ૧૮૮૭ના આકટ ૬થી રદ થઇ છે.

રજીસ્ટર દુરસ્ત કરવાં.

૬૮. આ આકટ પ્રમાણે રાખેલું રજીસ્ટર ઉપર લખેલી વાતમાં આ આકટના ઠરાવ પ્રમાણે કાંઇ ફેરફાર કરવામાં આવે ત્યારે દુરસ્ત કરવું અથવા તેમાં મજકુર વધારવો.

ભાગ ૧૨ મો.

પરચુરણ.

૬૯.મી કલમ સને ૧૮૮૭ ના આકટ ૬થી રદ થઇ છે.

વતનના દફતર એ સરકારની મિલકતછે

૭૦. સઘળાં દફતર જે કોઇ વતનદારે અથવા વંશપરંપરાના હુદા ઉપર રહીને વહિવટ કરનારા કોઇજણે તે હુદાનાં કામની રૂએ અથવા વરિષ્ટ અમલદારના અથવા હાલની અથવા

માએ સરકારના હુકમથી તૈયાર કર્યો હોય અથવા તૈયાર કરવાનો અધિકાર હોય તે આ આકટ ઉપરથી સરકારી મિલકત છે એમ ઠરાવ્યું છે, અને સને ૧૮૭૯ના મુંબઇના જમીન મેહેસુલના કાયદાની ૨૫મી અને ૨૬મી કલમના ઠરાવ મુજબ કલેકટર તે દફતર રજુ કરવાનો હુકમ કરી શકે.

ટીકાઃ—સન ૧૮૮૬ના આકટ ૫થી નવી દાખલ થઇ છે. રેવીન્યુ કોડ કલમ ૨૫ આધારે દફતરો હાજર કરવાનું ફરમાવી શકાય.

ઇનામી ગામના હીસાબી કાગળો ઇનામદારની ખાનગી મિલકત છે.

૭૧. કલમ સને ૧૮૮૭ના આકટ ૬ થી રદ થઇ છે.

ભાગ ૧૩ મો.

કામ ચલાવવાની રીત અને અપીલો.

૭૨. રકમ ૧ લી. કલેકટર અથવા બીજો અમલદાર આ આકટ પ્રમાણે ચોકશી કરતો હશે ત્યારે તેને સાહેદી લેવાનો અધિકાર છે. અને હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ૧૯૩મી અને ૨૨૮મી કલમમાં "ઇનસાફી મુકદમો" આ શબ્દો લખેલા છે તેમાં આ આકટ પ્રમાણે ચલાવેલાં હરકોઇ કામનો સમાસ થાય છે એવું સમજવું.

સાહેદી લેવી.

રકમ ૨ જી. કલેકટર અથવા બીજો અમલદાર આ આકટ પ્રમાણે ચોકશી કરતો હશે ત્યારે તેણે જે જે માણસને સાહેદી આપવા સારૂ અથવા તેના કબજામાના કાંઇ દસ્તાવેજ રજુ કરવા સારૂ સમન કર્યા હોય તે તે માણસે કાયદા પ્રમાણે હાજર થવું જોઇએ અથવા સદરહુ પ્રકારના દસ્તાવેજ કાયદા પ્રમાણે હાજર કરવા જોઇએ.

૭૩. રકમ ૧ લી. આ કલમની બીજી રકમમાં આગળ ઠરાવ કર્યો છે તે શિવાય વતનનો બદલો કરવા બાબત આ આકટના ૩જા ભાગ પ્રમાણે અથવા વહિવટદારોને મેહેનતાણું કાહાડી આપવા બાબત આ આકટના ૫ માં ભાગ પ્રમાણે અથવા ચાકરી બાબત વતનનો શિરસ્તો ઠરાવવા બાબત અને કુટુંબના મુખ્યો દાખલ અથવા વારસ વકીલ વતનદાર દાખલ કયાં કયાં માણસનાં નામો રજિષ્ટરમાં દાખલ કરવાં તે ઠરાવવા બાબત આ આકટના ૬ઠા ભાગ પ્રમાણે અથવા, ચાકરીની મુદ્દત ઠરાવવા બાબત ૭મા ભાગ પ્રમાણે હુકમ કરવો હોય તો લખેલી ચોકશી કર્યા વગર અને દાવાની રજુઆત થવાની અને પુરાવો હાજર કરવાની યોગ્ય તક આપ્યા વગર કરવો નહીં. સદહુ પ્રકારની દરએક ચોકશીમાં અને આ આકટની ૫૮મી કલમ પ્રમાણે હુદ્દા ઉપરથી દૂર કરવાને પ્રસંગે કલેકટરે અથવા બીજા અમલદારે પોતાનો ફેસલો કારણો સુદ્ધાં પોતાને હાથે લખવો જોઇએ.

૩જા તથા ૫મા ભાગ પ્રમાણે હુકમ કરવા હોય તો લખેલી ચોકશી કરીને પછી કરવા.

ટીકાઃ—(૧) આ કલમની રકમ ૨ જી સને ૧૮૮૭ના આકટ ૬થી રદ થઇ છે.

(૨) ભાગ ૬ અથવા ૭ આધારે કરેલા હુકમોના સંબંધમાં જેટલે સુધી આ કલમ લાગુ છે તેટલે સુધી રદ કરવામાં આવી છે. (જુઓ સને ૧૮૮૭ના આકટ ૬ની કલમ ૩ની રકમ ૧)

૭૪. કલેકટરે જે કામ ચલાવ્યું હોય તે કામ ઉપર કમિશનરનો અને સરકારનો સામાન્ય નિર્બંધ ચાલશે.

કલેકટરે ચલાવેલાં કામ ઉપર કમિશ્નરનો સામાન્ય નિર્બંધ.

૭૫. આ આકટના ૧૦ મા ભાગ પ્રમાણે હરકાંઇ ચોકશી કરવી હોય તે કરવાનું મામલતદારને અથવા માહાલકરીને ફરમાવવાનો અધિકાર કલેકટરને છે; પણ તેનો ફેસલો કલેકટરે કરવો જોઇયે.

૧૦મા ભાગ પ્રમાણે ચોકશી કરવાનો અધિકાર મામલતદારને છે.

ટીકા:—"આ આકટના ૧૦માં ભાગ" એટલે ગામના વંશપરંપરાના હુલકા દરજાના જુદા બાબતનો ભાગ.

૭૬. આ આકટની ૬૪ મી કલમની ઇ રકમ પ્રમાણે કરેલા હરકોઇ હુકમ ઉપર આખરનો હુકમ થતાં પેહેલાં અપીલ ચાલશે નહીં અથવા આ આકટની ૬૭મી કલમની બ તથા ક તથા ઠ અને ઈ રકમમાં લખેલી હરકાંઇ વાત રજિષ્ટરમાં દાખલ કરવા બાબતના હરકોઇ હુકમનું ફળ જે વાતો કાયદા પ્રમાણે અથવા સરકારના હુકમથી રાખેલા હમણાંનાં રજિષ્ટરમાં દાખલ થઇ ચુકી છે તે વાતો રજિષ્ટરમાં દાખલ કરવી એટલુંજ હશે તો તે હુકમ ઉપર અપીલ ચાલશે નહીં.

જે પ્રસંગે અપીલ ચાલશે એવો ખસુસ કરીને ઠરાવ કર્યો હોય તે સિવાય બીજે પ્રસંગે અપીલ ચાલશે નહીં.

ટીકા:—કલમ ૬૪ નીચે જુઓ.

૭૭. આ આકટમાં પાછળ ઠરાવ કર્યો છે તે શિવાય કલેકટરે અથવા આસિસ્ટંટ કલેકટરે અથવા ડેપ્યુટી કલેકટરે લખેલી ચોકશી કરીને જે ઠરાવ કર્યો હશે તે દરએક ઠરાવ ઉપર એકજ અપીલ ચાલશે.

અપીલો.

સદહુ પ્રકારની અપીલ આસિસ્ટંટ કલેકટરના અથવા ડેપ્યુટી કલેકટરના ઠરાવ ઉપર હશે તો તે કલેકટરને ત્યાંહાં ચાલશે, અને જે હુકમ ઉપર અપીલ હોય તે હુકમની તારીખથી તે સાઠ દાહાડામાં કરવી જોઇયે.

સદહું અપીલ કલેકટરના ઠરાવ ઉપર હશે તો કમિશનરને ત્યાંહા ચાલશે. અને જે હુકમ ઉપર અપીલ હોય તે હુકમની તારીખથી તે નેવું દાહાડામાં કરવી જોઇયે.

જે હુકમ ઉપર અથવા ઠરાવ ઉપર અપીલ હોય તે હુકમની અથવા ઠરાવની નકલ તૈયાર કરતાં જેટલી મુદત લાગે તેટલી મુદત સદહું મુદત ગણતી વખતે મુકી દેવી.

ટીકાઃ—ફક્ત એકજ અપીલ ચાલશે. એટલે કલેકટરના હુકમ ઉપર કમીશનરને નેવું દીવસમાં કરશે તો. આસીસ્ટન્ટ તથા ડેપ્યુટી કલેકટરોના હુકમ ઉપર કલેકટરને અપીલ ચાલશે સાઠ દિવસમાં કરશે તો. અપીલ કરવામાં ઢીલ થઇ હોય તો તે માફ કરવાનો કલેકટર તથા કમીશનરને અધિકાર છે. એક અપીલ ઉપર બીજી અપીલ નથી.

કલેકટર પોતે કરેલો હુકમ રીવ્યુ કરી ફેરવી શકતો નથી.

અપીલની અરજી સાથે હુકમની નકલ જોઇયે. અપીલ સંક્ષેપ રીતે નામંજુર કરવાનો અધિકાર છે.

૭૮. જે હુકમ ઉપર અથવા ઠરાવ ઉપર અપીલ હોય તે હુકમની અથવા ઠરાવની નકલ અપીલની હરએક અરજી સાથે જોઇયે. અને જે ઠરાવ ઉપર અપીલ હોય તે ઠરાવનાં ખરાપણાં બાબત શક આવવાનો અથવા જે હુકમ ઉપર અપીલ હોય તે હુકમમાં દખલ કરવાનો પાકો સબબ નથી એવું જે અમલદારને ત્યાંહાં અપીલ કરી હોય તે અમલદારને અરજી વાંચતાં દેખાય તો તે અપીલ નામંજુર કરવાનો તેને અધિકાર છે.

ટીકાઃ—"હુકમ અથવા ઠરાવની નકલ" એટલે ખરી નકલ અપીલ સાથે મોકલવી જોઇએ. અપીલ સંક્ષેપરીતે નામંજુર કરવાનો અધિકાર અપીલ સાંભળનાર કલેકટર અથવા કમીશનરને છે.

ચલાવેલું કામ મંગાવવાનો અધિકાર સરકારને છે.

૭૯. કાંઇ હુકમ કર્યો હોય તેનાં કાયદાસરપણા બાબત અથવા વાજબીપણા બાબત પોતાની ખાતરી કરી લેવા સારૂ સરકારને હરકોઇ અમલદારે કામ ચલાવ્યું હોય તે કામનું દફતર મંગાવીને તપાસવાનો અને યોગ્ય જણાય તે પ્રમાણે તે હુકમ ફેરવવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો અથવા જરૂર જણાયે તો નવેસરથી ચોકશી કરવાનો હુકમ ફરમાવવાનો અધિકાર છે.

૨૫મી કલમ મુજબ કલેકટરે કાઢેલો કોઇપણ હુકમ તપાસવાના અધિકાર સિવાય આ કલમ મુજબ પોતાના સઘળા અથવા કોઇપણ અધિકાર કોઇપણ કમિશનરને સોંપવાનો સરકારને અધિકાર છે, અને તે ઉપરથી એવો કમિશનર, આ કલમ મુજબ સરકારના

તપાસવાના અધિકારોને અને જે કોઇપણ બંધનો નાંખવાનું સરકારને યોગ્ય લાગે તે બંધનોને પાત્ર રહીને, પોતાની હકુમતની સ્થાનિક હદની અંદર તે અધિકાર ચલાવવાને મુખત્યાર છે.

ટીકા:—દફતર મંગાવી તપાસવાનો તથા હુકમ ફેરવવાનો સરકારને અધિકાર છે. જે મુદ્દા ઉપર અપીલ થઇ હોય તે મુદ્દાનો નિકાલ અપીલ સાંભળનાર અમલદારે કરવાનો છે. એવો કંઇ મુદ્દો આગલ કરવામાં ન આવ્યો હોય, પરંતુ અપીલ સાંભળનારને એમ લાગે કે કરેલો હુકમ ખોટો છે, તો તે કામ સરકાર ઉપર રીવીઝન માટે મોકલવાને તે મુખત્યાર છે.

નવો પેરેગ્રાફ સન ૧૯૧૦ ના આકટ ૩ જાથી દાખલ થયો છે.

નોટીસ શીરીતે પોહોંચાડવી.

૮૦ આ આકટ પ્રમાણે આપવાની હરકાંઇ નોટીસ પોહોચાડવી હોય તે આ નોટીસ ઉપરથી કોઇ માણસે જે કરવું જોઇયે તે કરવાની તેને જરૂર પડવાની અગાઉ ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ લખીને ગામના ચોરાની અથવા ગામની બીજી સાર્વજનિક જગાની ભીંત ઉપર મારી એટલે પોહોચાડી એવું સમજવું.

વસુલાત શીરીતે કરવી

૮૧. આ આકટ પ્રમાણે જમીનની ઉપજો અથવા ધારા અથવા વેતનો અથવા ગુન્હેગારીઓ, જમીનનો ધારો વસુલ કરવા બાબતના હરકોઈ ચાલુ કાયદામાં ઠરાવ્યું હોય તે પ્રમાણે તે સઘળાં વસુલ કરવાનો અધિકાર છે.

ટીકા:—(જુઓ જમીન મહેસુલ કાયદાનું પ્રકરણ ૧૧)

સરકારે કાનુનો કરવી.

૮૨. જે પ્રસંગ બાબત ખસુસ કરીને ઠરાવ કરેલો નહીં હોય તે પ્રસંગે પોતાના અમલદારોએ શીરીતે વહિવટ કરવો તે વાતની તેઓને સમજણ પડવા સારૂ આ આકટ વિરૂદ્ધ નહીં હોય તેવી કાનુનો કરવાનો અને સદહું પ્રકારની હરકોઈ કાનુનમાં વખતે વખતે ફેરફાર કરવાનો અથવા તે રદ કરવાનો અધિકાર સરકારને છે.

ટીકા:—(૧) આ કાયદા મુજબના સઘળા હુકમો અંગ્રેજીમાં લખવા જોઇએ. (ઠરાવ નંબર ૩૦૭૩ તા. ૧૧ જુન ૧૮૭૯.)

(૨) રજુ કરેલા દસ્તાવેજોની ખરી નકલ રાખી જેના તેના અરજ કરેથી પાછા આપવા (ઠરાવ નંબર ૧૪૮ તા. ૧૧ જાનેવારી ૧૮૮૬)

(૩) સરકારના ઠરાવોની નકલો જે પક્ષકાર માગે તેને આપવી પણ જેમાં સરકારના ધારાશાસ્ત્રીનો અભીપ્રાય હોય તેવા ઠરાવની નકલ આપતાં પહેલાં સરકારનો હુકમ મેળવવો (ઠરાવ નંબર ૬૪૩૦ તા. ૧૧ સપ્ટેમ્બર ૧૮૮૬)

વંશપરંપરાના હુદ્દેદારોનાં કર્તવ્યકર્મો સરકારે ઠરાવવાં.

૮૩. આ આક્ટની ૧૮મી કલમમાં બીજી રીતે ઠરાવ કર્યો છે તે શિવાય હરકોઈ વંશપરંપરાના હુદ્દાનાં કયાં કયાં કર્ત્તવ્યકર્મો છે તે બાબત શક પડે ત્યારે તે ઠરાવવાનો અધિકાર સરકારને છે.

વિશેષ અમલદારને આ આક્ટ પ્રમાણે અધિકાર આપવો.

૮૪. જે અધિકાર તથા કર્તવ્યકર્મો આ આક્ટ ઉપરથી કમિશનરે અથવા કલેકટરે કરવાં જોઇયે તે સઘળા અધિકાર તથા કર્તવ્યકર્મો અથવા તેમાંનો કાંઈ અધિકાર અને કર્તવ્યકર્મો ખસુસ ટાળી કાહાડેલા કોઈ અમલદારને અથવા કોઇ પણ હુમાલા કરેલા ગામના સંબંધમાં, એવા ગામના ધારણ કરનારને, અથવા ધારણ કરનારાઓ પૈકી હરકોઇને અથવા એવા ગામના ધારણ કરનારના કોઇ એજન્ટને વખતે વખતે સોંપવાનો અને વંશપરંપરાના ગામના અમલદારોને ઘણુંમાંઘણું બે રૂપિઆ સુધી દંડ કરવાનો અધિકાર મામલતદારને અથવા માહાલકરીને આપવાની મુખત્યારી આપવાનો અધિકાર ગવરનર ઇન્ કૌંસિલને છે.

આ કલમની રૂએ આપેલી સત્તા અને કામ વાપરવામાં અથવા કરવામાં આવે તે જો કાંઇ શરતો, આ આક્ટમાં ઠરાવેલી શરતો ઉપરાંત ગવર્નર ઇન્ કૌંસિલ વખતે વખત ઠરાવવાનું યોગ્ય ધારેતો તેવી શરતોને પાત્ર છે, અને આ કલમની રૂએ જે હુકમથી સત્તા અને કામો આપેલાં હોય તે હુકમ કોઇપણ વખતે ગવર્નર ઇન્ કૌંસિલને રદ કરવાનો અધિકાર છે.

ટીકાઃ—(૧) આ કલમ સન ૧૮૮૬ના આક્ટ ૫ ની કલમ ૧૫થી સુધારેલી વધારેલી દાખલ કરેલી છે.

(૨) આ કલમ આધારે મોટા ઈનામદારો તથા જાગીરદારોને તથા તેમના એજન્ટોને કલેકટરની સત્તા આપી શકાય છે.

(૩) ગામના વતનદાર મુલકી નોકરોને રૂ. ૨) બે સુધી દંડ કરવાનો અખ્તિયાર મામલતદાર તથા મહાલકરીને આ કલમ આધારે આપવામાં આવે છે. મામલતદાર તથા મહાલકરીને ગામના પોલીસ કામદારને સજા કરવાનો અધિકાર નથી.

[જુઓ વીલેજ પોલીસ એક્ટ સને ૧૮૬૭ના ૮ માની કલમ ૯.]

સન ૧૮૬૭ના મુંબઇના ૮મા આકટને આ આકટ ઉપરથી હરકત થતી નથી.

૮૫. ગામના અમલદારોનાં કર્ત્તવ્યકર્મોની અને અધિકારની વ્યાખ્યા કરવા બાબત અથવા ગેરચાલ બાબત શિક્ષા ઠરાવવા બાબત સન ૧૮૬૭નો મુંબાઇનો ૮મો આકટ છે. તે આકટને અથવા બીજા કોઈ ચાલુ કાયદાને આ આકટના કોઇ ઠરાવથી હરકત થાય છે એવું સમજવું નહીં, અને સદહું કાયદામાં સન ૧૮૪૩ના ૧૧મા આકટ ઉપર હવાલા આપ્યા હોય તે સઘળા હવાલા આ આકટ ઉપર આપ્યા છે એવું સમજવું.

ટીકા—સન ૧૮૬૭નો આકટ ૮મો એટલે વીલેજ પોલીસ આકટ.

પહેલું પરિશિષ્ટ.

આ પરિશિષ્ટ સને ૧૮૭૬ના આકટ ૨૨થી રદ થયું છે.

બીજું પરિશિષ્ટ.

૬૦ મી કલમમાં કહેલા ગુન્હા.

ગુન્હાનું વર્ણન.	ફોજદારી કાયદાની જે કલમ મુજબ શિક્ષા કરી શકાય તે કલમ.
"(૧) હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૬ ઠા બાબમાં બયાન કરેલો દરેક ગુન્હો ...	૧૨૧, ૧૨૧અ, ૧૨૨–૧૨૪ ૧૨૪ અ, ૧૨૫–૧૩૦
"(૨) કોઇ ગુન્હો કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુન્હો થયાનો પૂરાવો ઉડાવવો અથવા તે બાબત ખોટી ખબર આપવી, તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ અથવા જીવતા સુધી સમુદ્રપારની અથવા દસ વર્ષસુધી કેદની શિક્ષા જોગ હોય તો.	૨૦૧.
"(૩) કોઈ ગુન્હેગારને ઘરમાં રાખવો, તે ગુન્હેગારનો ગુન્હો દેહાંત શિક્ષા જોગ અથવા સમુદ્રપારની અથવા દસ વર્ષ સુધી કેદની શિક્ષા જોગ હોય તો.	૨૧૨.
"(૪) કોઈ ગુન્હેગારને શિક્ષાથી બચાવવાને બક્ષિશ વિગેરે લેવી, તે ગુન્હેગારનો ગુન્હો દેહાંત શિક્ષા જોગ અથવા જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષ સુધી કેદની શિક્ષા જોગ હોય તો. ...	૨૧૩.
"(૫) જે ગુન્હેગાર કેદમાંથી નાહાઠો હોય અથવા જેને પકડવાને હુકમ થયો હોય તે ગુન્હેગારને ઘરમાં રાખવો, તે ગુન્હેગારના ગુન્હો દેહાંત શિક્ષા જોગ અથવા જીવતાં સુધી સમુદ્રપારની "અથવા દસ વર્ષ સુધી કેદની શિક્ષા જોગ હોય તો. ...	૨૧૬."
"(૬) અપહરણ અને ઠેકાઇટી કરનારાઓને ઘરમાં રાખવા.	૨૧૬ અ"

મુંબઈ સને ૧૮૮૬ ના આકટ ૫ મો*

સને ૧૮૭૪નો મુંબઇનો ૩જો આકટ સુધારવા બાબતનો આકટ.

(આ આકટ હિંદુસ્તાનના ગવરનર જનરલે મંજુર કર્યો તે મુબઇના ગવરનરે સને ૧૮૮૭ના જાનેવારી મહિનાની ૨૮મી તારીખે પહેલ વહેલો છાપી પ્રસિદ્ધકર્યો હતો.)

જે અર્થે સને ૧૮૭૪નો વંશપરપરાના હુદ્દાઓ બાબતનો મુંબઇનો આકટ આમાં આગળ કહેલી રીતે સુધારવો ચોગ્ય છે; તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

૨. વતની કુટુંબના છેલ્લા મરદ માલિકની વિધવા શિવાયની દરેક સ્ત્રી આસામીને તથા સ્ત્રીને આધારે દાવો કરનારા દરેક શખસને, આ આકટ અમલમાં આવ્યાની તારીખ પછી વારસામાં મળે એવા હરકોઇ વતનના અથવા તેના ભાગના અથવા તેમાંના હક સંબંધના વારસાના અનુક્રમમાં, તે કુટુંબનો જે મરદ આસામી સદહું વતન અથવા તેનો ભાગ અથવા તેમાંનો હકસંબંધ વારસામાં લેવાને લાયક હોય તેવા દરેક મરદ આસામીની પાછળ રાખવા.

સ્ત્રી આસામીને મોકુફ રાખવી.

હરકોઇ વતનમાં અથવા તેના ભાગમાં વિધવાનો હકસંબંધ માત્ર તેની હયાતીની મુદત સુધી અથવા તેનું લગ્ન થતાં સુધી છે એમ સમજવું.

વિધવાનો હકસંબંધ

---

* આ આકટ મુજબના સુધારા, જેની તે જગ્યાએ સન ૧૮૭૪ના ૩જા આકટમાં દાખલ કર્યા છે. વધારાની કલમ ફકત એક આ બીજી છે.

ટીકાઃ—સને ૧૮૨૭ના રેગ્યુલેશનમાં એક એવી કલમ હતી કે "વતનની મીલકત" કુટુંબ બહાર જઇ શકે નહિ. આ કલમ સન ૧૮૭૪ ના ૩ જા આકટથી રદ થઇ, પરંતુ સ્ત્રીને તથા સ્ત્રીને આધારે વારસાઇનો દાવો કરનારાઓને આ હકમાંથી બાતલ કરવા સંબંધી કોઇ ઠરાવ થયો નહિ. આ ખામી દુર કરવાનો આ કલમનો મુખ્ય હેતુ છે. સને ૧૮૩૨માં સદર દીવાની અદાલતે એવું ઠરાવ્યું હતું કે આ રેગ્યુલેશન મુજબ સ્ત્રીઓ વતન ધારણ કરી શકે નહિ. સદર દીવાની અદાલતના આ ઠરાવને ઘણા વર્ષો સુધી કાયદા જેટલુંજ વજન આપવામાં આવ્યું હતું; પરંતુ સન ૧૮૬૮માં હાઇકોર્ટે ઠરાવ્યું કે સન ૧૮૪૩ના ૧૧માં આકટથી સ્ત્રીયોને નોકરી કરવા ડીપુટી (ગુમાસ્તો) નીમવા રજા મલી, સબબ કાયદા બાંધનારાઓએ સ્ત્રીનો વતન ધારણ કરવાનો હક સ્વિકાર્યો અને સદર દીવાની અદાલતનો ફેસલો હવે લાગુ પડી શકતો નથી એમ ઠરાવ્યું. હાઇકોર્ટના આ ફેસલાની અસર બહાર ગામડાઓમાં ધીમે ધીમે જણાઇ અને સ્ત્રીઓ વારસાના હકથી વતનદાર થવા લાગી, ત્યારે એ સવાલ તરફ વિશેષ ધ્યાન ખેંચાયું. "વતનની મિલકત" પુરૂષના હાથમાંજ હોવી જોઇએ; કારણ કે પુરૂષોજ નોકરી કરી શકે. આ ઉપરથી સને ૧૮૭૪ નો આકટ ૩ જો સુધારવાને એક મુસદો તૈયાર કરવામાં આવ્યો. આ મુસદાની એક કલમથી સ્ત્રીઓને વતનની મીલકતના વારસામાંથી તદન બાતલ કરવામાં આવી હતી; પણ તપાસમાં એમ જણાઇ આવ્યું કે સ્ત્રીઓને વારસામાં તદન બાતલ કરવી એ વાજબી નહિ. ફક્ત સ્ત્રીઓના, તથા સ્ત્રીઓ મારફત વારસ તરીકે દાવો કરનારના હક, વતનદાર કુટુંબનો કોઇપણ મરદ વતનદાર મળે ત્યાં સુધી મોકુફ રાખવા—મતલબ કે સ્ત્રી પહેલાં મરદ વતનદારને પસંદગી આપવી અને જ્યારે મરદ વતનદાર ન હોય ત્યારે વતન સરકારમાં દાખલ થતાં પહેલાં (ખાલસા થતાં પહેલાં) સ્ત્રીયોને પસંદગી આપવી. આ કાયદો અમલમાં આવતા પહેલાં સ્ત્રીઓ તથા સ્ત્રીઓને આધારે જેઓને વતનની મીલકત મળી હશે તેના હકને આ આકટથી કંઇ નુકશાન થતું નથી.

"વતની કુટુંબ" એટલે અસલ વતનદારથી ઊતરી આવેલું કુટુંબ. એમાં અસલ વતનદારથી ઊતરી આવેલી શાખાઓનો પણ સમાવેશ થાય છે. વતની મિલકત એક મતાદાર કુટુંબમાંથી બીજા મતાદાર કુટુંબમાં જઈ શકે જો અસલ વતનદાર એક હોય તો, અથવા એકજ વડાવાથી (પુર્વજથી) ઉતરી આવેલા હોય તો.

"છેલ્લા મરદ માલીકની વિધવા"—આવી વિધવાના હકને આ કલમથી બાધ આવતો નથી. આ કલમથી "આવી વિધવા" શિવાયની સ્ત્રી આસામીને તથા સ્ત્રીને આધારે દાવો કરનાર દરેક સખસને વતનદાર મરદ આસામીની પાછળ રાખ્યા છે. અવિભક્ત કુટુંબમાં વિધવા પોતાના મરનાર ધણીની વારસ થઈ શકતી નથી. તે તો ફક્ત હિંદુશાસ્ત્ર મુજબ ખોરાકી પોષાકી માટે હકદાર છે. એવી વિધવાને આ કલમનો લાભ મળી શકતો નથી.

"સ્ત્રીને આધારે દાવો કરનારા દરેક સખસને"—જેમકે દૌહિત્ર, આજાનો (માના બાપનો) વારસ પોતાની માતુશ્રીને આધારે (મારફતે) દાવો કરનાર કહેવાય. માતુશ્રીના વારસ તેણીનો છોકરો, ને સ્ત્રીને આધારે દાવો કરનાર કહી શકાય નહિં.

આ આક્ટ અમલમાં આવતાં પહેલાં વતન દીકરી વંશમાં ગયું હોય, ત્યારે સ્ત્રી વતનદારના વારસ, હિંદુશાસ્ત્ર મુજબ જેઓ વારસ થતા હોય તે, એટલે તે સ્ત્રીના ધણીના કુટુંબના માણસો વારસ થાય. આ આક્ટ અમલમાં આવ્યા પછી વતન દીકરી વંશમાં જતું, મોકુફ રાખવામાં આવ્યું છે.

દત્તક—ફરજન અથવા વિધવા પાછળ મુકયા શિવાય ગુજરી જનાર દીકરાની પાછળ મરનારની માતુશ્રી હિંદુશાસ્ત્ર મુજબ દત્તક લઇ શકે પણ વતનની મિલકત છોકરાના મરણથી જો આ કલમ આધારે માતુશ્રી કરતાં વધારે હકદાર કોઇ મરદ વારસને મળી શકતી હોય તો દત્તકને વતનની મિલકત મળશે નહિ. ક્રીષ્ણાજી વિ. તરાવા-૨-મુ-લો-રી-પા. ૨૭૬.૨૪-મુ.૪૮૪.

"વતન." દેશાઇગીરી હક એ વતન છે. સુરત અને ભરૂચ જીલ્લામાં દેશાઇગીરી અને બીજા વતનને, તદન ખાનગી મીલકત ઠરાવવામાં આવ્યાં છે. તો પણ તે મુંબઇના સન ૧૮૭૪ના આક્ટ ૩ની કલમ ૫ની રકમ ૨. મુજબ વતન છે. સબબ એવા હકોને આ કલમ લાગુ પડે છે. બાઇ જડાવ વિ. નરસીદાસ,-૨૫-મું-પા-૪૭૦. ૩-મુ-લો-રી-પા. ૨૪૯.

"વતન" આ શબ્દનો અર્થ ગામના સધળા તથા દરેક મતાં થાય છે, અને મતાદાર કુટુંબનો આસામી વતનદાર છે. જુઓ મુંબઇના સન ૧૮૮૭ના આક્ટ ૬ની કલમ ૩૭.

"વારસાના અનુક્રમમાં" એટલે હિંદુશાસ્ત્રમાં ફરમાવ્યા મુજબના અનુક્રમમાં.

વિધવા સોખ. પેહેલી વિધવાના ગુજર્યાબાદ તેની સોખ, જો હોય તો, હિંદુશાસ્ત્ર મુજબ વારસથાય છે.

દીકરાના કરતાં ભાઇના દીકરાઓનો વતનની મિલકતના વારસાની બાબતમાં પ્રથમ હક થાય છે રામબાઇ. વિ. રંગરાવ પ્રી. જ. સન ૧૮૯૪ પા. ૨૮૭.

સન ૧૮૮૭નો મુંબઈનો આકટ નંબર ૬.

વંશપરંપરાના હુદ્દાઓ બાબતનો મુંબાઇનો આકટ જેટલે સુધી મતાદારોને લગતો છે તેટલે સુધી તે સુધારવા બાબતનો આકટ.

(આ આકટ બાબતની હિંદુસ્થાનના ગવર્નર જનરલની મંજુરી સને ૧૮૮૮ના જાનેવારી મહિનાની તારીખ ૩૦ મીના રોજે મુંબઇના ગવર્નરે પહેલવહેલી છાપી પ્રસિદ્ધ કરી.)

જે અર્થે વંશપરંપરાના હુદ્દાઓ બાબતના મુંબઈના આકટના કેટલાક ભાગો મતાદારોના સંબંધમાં અયોગ્ય માલમ પડયા છે, અને તેથી સદહું આકટ સુધારવા તથા મતાદારોની ચાકરીનું નિયમન કરવા સંબંધી વિશેષ ઠરાવો કરવા એ યોગ્ય છે; તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ટુંકુ નામ. ૧. આ આકટને "સન ૧૮૮૭નો મતાદારો બાબતનો આકટ" કહેવો.

વ્યાપ્તિ. એ અમદાવાદ, ખેડા, ભરૂચ તથા સુરત જિલ્હાઓને લાગુ પડે છે; પરંતુ વખતે વખતે મુંબઇના સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી એમાંના ઠરાવો, પંચમાહાલ જિલ્હાના કોઇપણ ગામને લાગુ કરવાનો અધિકાર ગવર્નર ઈન્ કૌંસિલને છે.

શરૂઆત. એ તાબડતોબ અમલમાં આવશે; પણ એવું ઠરાવ્યું છે કે વંશપરંપરાના હુદ્દાઓ બાબતના મુંબઇના આકટ (સને ૧૮૭૪ નો આકટ નંબર ૩) ના અથવા સને ૧૮૪૩ ના આકટ નં. ૧૧ (મુંબઇ પ્રેસિડેનસીનાં તાબે માહેલા દેશમાના વતનના અમલદારોએ પોતાનો અમલ

શી રીતે ચલાવવો તે રીત ઠરાવવાના કાયદા)ના ઠરાવો મુજબ કરેલી તથા હજુ પણ અમલમાં હશે તેવી આ આકટ જેને લાગુ પડતો હોય એવા કોઇપણ પટેલના હુદ્દા ઉપર કરેલી હરેક નિમણુંક:

(અ) આ આકટ પાસ થયો ન હત તો, સદહું પ્રકારની નિમણુંક ખાલી પડત ત્યાં સુધી, અથવા આ આકટ અમલમાં આવ્યાને બે વરસ પુરા થાય ત્યાં સુધી, આ બેમાંથી જે પેહેલું બને તે મુદત સુધી, અથવા

(બ) બીજો હુકમ થતાં સુધી અમલમાં રહેવાની હોય એવી રીતે કરેલી નિમણુંકને પ્રસંગે જે મુદત કલેકટર ફરમાવે તે મુદત સુધી,

કાયમ રહેશે; અને ઉપર કહ્યા મુજબ સદહું પ્રકારની કોઈ પણ નિમણુંકને બદલે આ આકટ મુજબની કોઈ નવી નિમણુંક પેહેલાંની નિમણુંક કાયમ રહેવી બંધ થાય ત્યારથીજ અમલમાં આવે એવી રીતે કરવી જોઇયે.

ટીકા:—(૧) આ કાયદો ફક્ત અમદાવાદ, ખેડા, ભરૂચ, અને સુરત જીલ્લાઓને લાગુ છે. અને સરકારને યોગ્ય લાગે તો પંચમહાલ જીલ્લાને લાગુ કરે અર્થાત આ કાયદો ફક્ત ગુજરાતને માટેજ છે.

૨. વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો નહીં હોય તો આ આકટમાં:

અર્થ.

(૧) "મતાદાર કુટુંબ" એ શબ્દોનો અર્થ જે કુટુંબમાં ગામના પટેલનો હુદો વંશપરંપરાનો હોય અથવા તે હુદાનાં હમેશનાં કર્ત્તવ્ય કર્મો કરવામાં અથવા તે હુદ્દાના હમેશના અધિકાર ચલાવવામાં વંશપરંપરાનો કંઈ ભાગ હોય એવું કોઇ કુટુંબ થાય છે;

"મતાદાર કુટુંબ."

(૨) "મતુ" એ શબ્દનો અર્થ મતાદાર કુટુંબને મતાદાર કુટુંબ તરીકે સ્વાધિન થતા એકંદર હકકો, અધિકારો તથા જવાબદારીઓ થાય છે;

"મતુ."

(૩) "મતાદાર કુટુંબનો આસામી" આ શબ્દોમાં જે કોઇ પણ સ્ત્રીના અથવા સ્ત્રીથી દાવો કરનાર શખસના હક્ક વારસદારના અનુક્રમમાં સને ૧૮૮૬ના આકટ નં. ૫ (સને ૧૮૭૪ ના મુંબઈના આકટ નં. ૩ સુધારવાના આકટ)ની કલમ ૨ ની રૂએ મતાધર અથવા તેના ભાગ અથવા તેમાં કંઇ હીતસંબંધપર તે કુટુંબના પુરૂષ આસામી પછી થતા હોય તેવા પ્રકારની સ્ત્રીનો અથવા સ્ત્રીથી દાવો કરનાર શખસનો સમાવેશ થતો નથી.

"મતાદાર કુટુંબનો આસામી."

(૪) "મતાદાર" આ શબ્દનો અર્થ કલમ ૫મી મુજબ રાખેલા રજિષ્ટરમાં મતાદાર કુટુંબના જે આસામીનું નામ દાખલ થયું હોય એવા કોઇ આસામી થાય છે અને તેમાં વારસવકીલ મતાદારનો સમાવેશ થાય છે;

"મતાદાર"

(૫) "વારસવકીલ મતાદાર" આ શબ્દોનો અર્થ સદહુ રજિષ્ટરમાં વારસવકીલ મતાદાર તરીકે મતાદાર કુટુંબના જે આસામીનું નામ દાખલ થયું હોય એવો કોઇ આસામી થાય છે;

"વારસવકીલમતાદાર"

(૬) "વડો વારસ" આ શબ્દનો અર્થ જે વારસને જન્મથી, લગ્નથી અથવા બીજી રીતે વારસાનો હક્ક પહેલો મળ્યો હોય તે વારસ થાય છે;

"વડો વારસ"

(૭) જે કોઇ શબ્દની અથવા શબ્દોની સન ૧૮૭૯ના મુંબઇ ના જમીન મેહેસુલના કાયદામાં વ્યાખ્યા કરી હોય અને જેની આ આકટમાં આગળ વ્યાખ્યા કરી નહિ હોય તે શબ્દ અથવા શબ્દોનો અર્થ તે કાયદામાં કર્યો હશે તેજ અર્થ (આ આકટમાં) થાય છે એમ સમજવું;

મુંબઇના જમીન મેહેસુલના કાયદામાં વ્યાખ્યા કરેલા શબ્દો.

(૮) આ આકટના કારણો માટે મતાદારના વારસો કોણ છે તે ઠરાવતી વખતે, પરંપરાગત જ્યેષ્ઠપણાના વારસાનો નિયમ તે

મતાદાર કુટુંબમાં ચાલુ છે એમ ગણવું જોઇએ. (સન ૧૯૧૦નો ૩જો.)

ટીકા:—"પરંપરાગત જ્યેષ્ટપણાના વારસોનો નિયમ" એટલે સીધી લીટીએ વડીલ વંશના વડીલ દિકરાને વારસો મળવા બાબતનો નિયમ.

દાખલા તરીકે મરનાર એક મતાદારને ચાર દિકરા છે. વડીલ દિકરો એક દિકરો મુકીને ગુજરી ગયો હોય તો, સદરહુ મતાદારનો વારસ, વડીલ દિકરાનો દિકરો થાય છે. અને તે મતાદાર ગુજરી જાય ત્યારે તેનું નામ મતામાં દાખલ કરવાનું છે. બીજા દિકરાનું નામ દાખલ થાય નહિ આમ વડીલ દિકરાના વડીલ દિકરાનું નામ દાખલ થવાથી મતાદારના બીજા ત્રણ દિકરાઓના વતનમાંના હિસ્સાને નુકસાન થતું નથી.

સન ૧૮૭૪ના મુંબઇના ૩ જા આકટમાં ફેરફાર.

૩. સને ૧૮૮૬ના મુંબઇના આકટ ૫ (સને ૧૮૭૪નો આકટ નં. ૩ સુધારવાના આકટ)થી સુધાર્યા પ્રમાણે વંશપરંપરાના હુદ્દાઓ બાબતનો મુંબઇનો આકટ તથા સને ૧૮૮૬ના મુંબઇના આકટ નં. ૫ ની કલમ ૨ જી મતાદારોને લાગુ પાડતાં "વતન" આ શબ્દનો અર્થ ગામના સઘળાં તથા દરેક મતાં થાય છે એમ સમજવું અને મતાદાર કુટુંબનો આસામી વતનદાર છે એમ સમજવું, અને આ પ્રમાણે સુધાર્યા મુજબનો સદરહુ આકટ હેઠળ લખેલા તેમાં ફેરફારો કરીને વાંચવો (એટલે):—

(૧) કલમો ૨૪મી થી તે ૩૧મી સુધી, બંને સુદ્ધાં, કલમો ૩૬મી થી તે ૫૯મી સુધી, બંને સુદ્ધાં, તથા કલમો, ૬૧, ૬૨, ૬૭, ૬૯, ૭૧ તથા ૭૩ની રકમ (૨), તથા સદરહુ આકટના ભાગ ૬ અથવા ભાગ ૭ અથવા ૫૮મી કલમ મુજબ પસાર કરેલા હુકમોને કલમ ૭૩નો જેટલો ભાગ લાગુ પડે છે તેટલા ભાગ, અને ૪થી કલમમાંની "વતનદાર" અને "વારસવકીલ વતનદારની" વ્યાખ્યા રદ કરી છે એમ સમજવું;

(૨) ૩૩ મી તથા ૩૪ મી કલમો માંહેના "આ આકટ અમલમાં આવવાની અગાઉ" અને "આ આકટ અમલમાં આવ્યા પછી" એ શબ્દના અર્થ અનુક્રમે આ હાલનો આકટ અમલમાં

આવવાની અગાઉ અને આ હાલનો આકટ અમલમાં આવ્યા પછી છે એમ સમજવું, અને "હરકોઇ વારસ વકીલ વતનદારનું નામ રજીસ્ટરમાં દાખલ થયું હશે તે" તથા "વતનદાર" એ શબ્દો જ્યાં જ્યાં અનુક્રમે આવતા હોય ત્યાં ત્યાં તેમને બદલે "મતાદાર" એ શબ્દ દાખલ કરવો.

(૩) કલમ ૬૦ની શરૂઆતના "કોઈ વારસ વકીલ વતન-દારે" એ ત્રણ શબ્દોને બદલે નિચે લખેલા શબ્દો એટલે, "વ-હિવટ કરવાને ચુંટી કહાડેલા કોઇપણ માણસે અથવા વારસ વકીલ મતાદારે," દાખલ કર્યા છે એમ સમજવું.

ટીકા:—વતન આકટની જે કલમો ગુજરાતને અનુકુળ નથી. તેટલી કલમો ગુજરાતને માટે રદ કરી છે. તથા કેટલીક કલમોમાં સુધારો વધારો કર્યો છે. તે આ કલમમાં બતાવ્યું છે.

આ આકટ તથા સન ૧૮૭૪નો મુંબઇનો ૩જો આકટ એકજ છે એમ ગણી વાંચવા બાબત.

૪. તરત પાછળની કલમના ઠરાવોને અનુસરીને આ આક-ટ તથા વંશપરંપરાના હુદાઓ બાબતનો મુંબઇનો આકટ એકજ છે એમ ગણી વાંચવો.

ટીકા:—આ મતાદાર આકટ અને વતન આકટ સન ૧૮૭૪ નો ૩ જો એકજ છે. એટલે મતાદારી આકટ વતન એકટનો એક ભાગ છે.

રજીસ્ટર બાબત.

મતાદારોના ચાકરી કરવાના રજીસ્ટરમાં શું શું હોવું જોઇયે.

૫. જે જમીન તથા નીમણુંકોના અવેજમાં હજુ સુધી ચાકરી કરવી પડતી હોય તે જમીન બાબતના તથા નીમણુંકો બાબતના વંશપરંપરાના હુદાઓ બાબતના મુંબઇના આકટની ૬ઠ્ઠી કલમ મુજબ રાખેલા રજીસ્ટરમાં કલેકટરે જે દરેક ગામમાં મતાદારો હોય તે દરેક ગામને માટે કેવળ લખેલો મજકુર લખવો;

(અ) ગામમાં જે અલાયદા મતાદાર કુટુંબો એ કલેક્ટરના દફતરોમાં જુદાં જુદાં કબુલ કર્યાં હોય તેની સંખ્યા,

(બ) પટેલનો હુદ્દો ધારણ કરવાનો હક્ક હોય એવા દરેક મતાદાર કુટુંબના વારસ વકીલ મતાદારનું નામ.

(ક) જે બીજા શખસનું નામ કલેક્ટરે ૭મી અથવા ૯મી કલમ મુજબ રજીસ્ટરમાં દાખલ કરવાનું ફરમાવ્યું હોય તે દરેક બીજા શખસનું નામ;

(ડ) એક કરતાં વધારે વારસ વકીલ મતાદાર હોય ત્યારે ચુંટણીથી વહિવટદારની નિમણુંક ન થાય તો, પટેલના હુદ્દા ઉપરનો હક્ક સદર્હુ વારસવકીલ મતાદારોને જે વારાફરતા ક્રમમાં સ્વાધિન રહેવાનો હોય તે વારાફરતો ક્રમ;

(ઇ) પટેલો તરીકે એકી વખતે વહિવટ કરવાને માટે જેટલા શખસો જોઈએ તેટલાની સંખ્યા;

(ફ) દરેક મતાદાર કુટુંબે ધારણ કરેલી ચાકરીયાત જમીનોનું વર્ણન, અને તેમાં તેમનું ક્ષેત્રફળ, સર્વે નંબર તથા ધારો, તથા જો કાંઇ સલામી આપવાની હોય તો તે, તથા સરકારે હુમાલા કરી આપેલી ઉપજની નક્કી રકમ બતાવવી;

(ગ) દરેક મતાદાર કુટુંબે ધારણ કરેલી રોકડની તથા બીજી નીમણુંકો, જો હોય તો, તેની રકમ તથા પ્રકાર;

(હ) વંશપરંપરાંના હુદ્દાઓ બાબતના મુંબઇના આકટની ૨૩મી કલમ મુજબ વતનની માલમિલકત અથવા તેની ઉપજ વહિવટદારોનાં વેતનને પેટે કાહાડી આપી હોય તે;

(આઇ) સરકાર વખતે વખતે ફરમાવે તેવી બીજી હકીકતો.

આ આકટના અથવા વંશપરંપરાના હુદ્દાઓ બાબતના મુંબઇના આકટના ઠરાવો મુજબ સદર્હુ રજિષ્ટરમાં નિર્દિષ્ટ કરેલી હકીકતો પૈકી કોઇપણ હકીકતમાં કાંઇપણ ફેરફાર કરવામાં આવે ત્યારે સદર્હુ રજિષ્ટર વખતે વખતે સુધારવું જોઇએ.

ટીકાઃ–"જમીન તથા નીમણુકોના અવેજમાં" એટલે જમીન ત્થા રોકડ દરમાયાના બદલામાં. "દુમાલા" એટલે બક્ષીસ–ઈનામ. "વેતન" એટલે પેદાસ, આવક, પ્રાપ્તી.

"કલેકટર" રેવીન્યુ કોડ કલમ ૧૦ મુજબ જે આશીસ્ટંટ અથવા ડેપ્યુટીકલેકટરને એક અથવા વધારે તાલુકાઓનો ચાર્જ સોંપ્યો હોય તેને બીજી રીતનો અટકાવ કરેલો ન હોય તો કલેકટરના જેટલોજ અધિકાર છે. તેના તાબામાં સોંપેલા તાલુકાને માટે આશીસ્ટંટ તથા ડેપ્યુટી કલેકટરને કલેકટર સમજવા.

પટેલનો હુદ્દો ધારણ કરવાનો હક્ક સામાન્યતઃ દરેક મતાદાર કુટુંબને અંગે છે.

૬. કલેકટરનાં દફતરોમાં જુદાં જુદાં કબુલ કર્યાં હોય એવા બે અથવા વધારે અલાઇધા મતાદાર કુટુંબો જે દરેક ગામમાં હોય તે દરેક ગામમાં પટેલનો હુદ્દો ધારણ કરવાનો હક્ક સામાન્યતઃ સદહું દરેક કુટુંબને અંગે છે એમ સમજવું; પણ એવું ઠરાવ્યું છે કે જો કોઈપણ ગામમાં સદહું હુદ્દો ધારણ કરવાના પ્રકારના પ્રાચીન વૃત્તાંતનો તથા તે ગામ જે કારણોને લીધે વસાવ્યું હોય, તેમાંનાં જેટલાં જણાય તેટલાં કારણોનો વિચાર કરતાં ગવર્નર ઈન્ કૌંસિલને એમ જાહેર કરવું વાજબી લાગે કે એવાં ગામમાં પટેલનો હુદ્દો ધારણ કરવાનો હક્ક સદહું કુટુંબો પૈકી એક કુટુંબને અથવા એક કરતાં વધારે કુટુંબોને અંગે છે પણ બાકીના કુટુંબોને અંગે નથી અને ફલાણા ક્રમમાં તે હક સ્વાધિન થશે તો તે પ્રમાણે જાહેર કરવાનો તેમને અધિકાર છે, અને એ મુજબ જાહેર કરેલા પ્રત્યેક ઠરાવ ઉપરથી કબુલ રાખેલા હક્કનો તે ઠરાવ નિર્ણયકારક પુરાવો છે એમ સમજવું. (સને ૧૮૯૦નો આકટ ૩જો કલમ ૧)

પરંતુ એકજ મતાદાર કુટુંબને અંગે ખાસ હક્ક છે એવું જાહેર કરવાને સરકાર મુખ્ત્યાર છે.

ટીકાઃ—દરેક ગામમાં પટેલી કરવાનો હક ઘણું કરીને દરેક મતાદાર કુટુંબને હોય છે. પરંતુ જે ગામ માટે તે ગામના અસલ ઇતીહાસ ઉપરથી ત્થા જે કારણોસર તે ગામ વસાવ્યું હોય તે ઉપરથી સરકારને એમ લાગે

કે પટેલી કરવાનો હક એક મતાદાર કુટુંબને અથવા એક કરતાં વધારે મતાદાર કુટુંબને છે અને બાકીના કુટુંબને નથી અને તે નોકરી કરવાના વારા અમુક ક્રમમાં છે, એવું જાહેર કરવાનો અધિકાર સરકારને છે કોઇ ગામમાં મતાદાર કુટુંબ ઘણા હોય પરંતુ અસલના વખતથી ગામ વસાવેલું હોય તે કારણથી કે એવાજ બીજા કારણોથી પટેલી કરવાનો હક બધા મતાદાર કુટુંબમાં ચાલ્યો આવ્યો ન હોય પણ અમુક કુટુંબમાંજ ચાલ્યો આવ્યો હોય તોતે પ્રમાણે કબુલ રાખવાનો સરકારને અધિકાર છે.

પટેલના હુદ્દાના બે પ્રકાર છે. એક પોલીસ પટેલનો અથવા મુખીનો હુદ્દો અને બીજો ઉઘરાતદાર અથવા મુલકી પટેલનો હુદ્દો.

મતાદારો ઠરાવવા બાબત.

૭. સન ૧૮૬૬ પછીના સરકારના હુકમ મુજબ કરેલી મતાદારોની કોઇપણ યાદીમાં મતાદાર કુટુંબના હરેક આસામીનું નામ ૫ મી કલમ મુજબ તૈયાર કરેલા રજિષ્ટરમાં કલેકટરે દાખલ કરવું.

પણ એવું ઠરાવ્યું છે કેઃ—

(અ) જો કોઇપણ ગામબાબત સદરહુ પ્રકારની યાદી ન હોય, **અથવા જો કોઈપણ મતાદાર કુટુંબને સંબંધે સદરહુ પ્રકારની કોઇપણ યાદીમાં કોઇપણ શખસનું નામ નોંધેલું ન હોય અથવા જો, સદરહુ પ્રકારની કોઇપણ નોંધના પૂર્ણપણા બાબત અથવા ખરાપણા બાબત આ આકટ અમલમાં આવતી વખતે કાંઈપણ તકરાર ચાલતી હોય તો, કલેકટરે સંક્ષેપ ચોકશી કરીને જે કુટુંબની બાબતમાં સદરહું પ્રકારની યાદી અથવા નોંધ અધુરી હશે અથવા જેને સંબંધે સદરહુ પ્રકારની તકરાર હશે, તે કુટુંબના મતાદાર તરીકે જે મતાદાર કુટુંબનો હરેક આસામી ૧૮૬૭ ની સાલની અગાઉના દફતરોમાં કબુલ રાખેલો સદરહુ કલેકટરને જણાશે તે હરેક આસામીનું નામ રજિસ્ટર માં નોંધવું;**

(બ) પાછલા ઠરાવો પૈકી કોઇપણ ઠરાવ મુજબ જે કોઇપણ શખસનું નામ રજિસ્ટરમાં નોંધવું જોઇયે તે શખસ

મરી ગયેલો હોય તો તેને બદલે તેની લગત પછી જાયનશીન થનારા વારસનું નામ અથવા જો સરખી પેઢીના બે અથવા વધારે વારસ હોય તો વડા વારસનું નામ સને ૧૮૮૬ના મુંબઈના આકટ નં.૫(સને ૧૮૭૪ ના મુંબઈના આકટ નં. ૩ સુધારવાના આકટ) ની કલમ ૨ ના ઠરાવોને પાત્ર રહીને રજિસ્ટરમાં નોંધવું જોઈયે.

ટીકા:—આ કલમને આધારે ગામમાં કેટલાં મતાં છે તે ઠરાવી મતાદાર કુટુંબના દરેક આશામીનું નામ રજીસ્ટરમાં દાખલ કરવું જોઇએ. "લગત પછી જાયનશીન થનારા વારસ." મરનારના વારસ, વડીલ વંશનો વડીલ દિકરો. "વડો વારસ" એટલે જે વારસને જન્મથી, લગ્નથી અથવા બીજી રીતે વારસાનો હક પેહેલો મળ્યો હોય તે વારસ. સન ૧૮૮૬ ના મુંબાઇના આકટ ૫ ની કલમ ૨ ના ઠરાવોને પાત્ર રહીને, એટલે સ્ત્રી વારસોને મોકુફ રાખીને, વડીલ વંશના વડીલ દિકરાનું નામ નોંધવું. "વારસ વકીલ" એટલે મ્હોટો, જાણીતો, દ્રષ્ટાંત ૨૫.

વારસવકીલ મતાદારો ઠરાવવા બાબત.

૮. (૧) જે મતાદાર કુટુંબને અંગે પટેલનો હુદ્દો ધારણ કરવાનો હક્ક હશે તેવા દરેક મતાદાર કુટુંબના વારસવકીલ મતાદાર તરીકે સદહું રજિસ્ટર માં એક મતાદારનું નામ નોંધવામાં આવશે.

(૨) સદહું પ્રકારના જે દરેક મતાદાર કુટુંબનો માત્ર એકજ મતાદાર હશે તે દરેક મતાદાર કુટુંબને માટે સદહું મતાદાર વારસવકીલ મતાદાર છે એમ સમજવું.

(૩) સદહું પ્રકારના કોઈપણ મતાદાર કુટુંબના જો બે અથવા વધારે મતાદારો હોય તો સદહું મતાદારો પૈકી જે એક જણ સદહું મતાદાર કુટુંબનો મુખ્ય છે એવું કલેકટરને જણાતું હોય તો તેને સદહું મતાદાર કુટુંબના વારસવકીલ મતાદાર તરીકે આ આકટ પસાર થયા પછી જેમ બને તેમ જલદીથી સદહું રજિસ્ટરમાં સદહું કલેકટરે નોંધવો.

ટીકા:—આ કલમ આધારે દરેક મતાદાર કુટુંબમાં વારસવકીલ મતાદાર કોણ છે તે ઠરાવી તે એકનું નામ રજીસ્ટરમાં દાખલ કરવું જોઇશે. "મુખ્ય"એટલે વડીલ અથવા આગેવાન.

કોઇ મતાદાર મરી જાય ત્યારે તેના વારસનું નામ રજિસ્ટરમાં નોંધવું.

૯. કોઇ વારસવકીલ મતાદાર અથવા બીજો મતાદાર મરણ પામે ત્યારે ગામના અધિકારીઓએ તે વાતનો કલેકટરને રિપોર્ટ કરવો જોઇએ, અને તેને બદલે તેની લગત પછી જાયનશીન થનારો વારસ હોય તો તેનું નામ અથવા જો સરખી પેઢીના બે અથવા વધારે વારસ હોય તો વડા વારસનું નામ, અને ૧૮૮૬ના મુંબઇના આકટ નં. ૫ (સને ૧૮૭૪ના મુંબઇના આકટ નં. ૩ સુધારવાના આકટ)ની કલમ ૨ ના ઠરાવોને અને આ આકટની ૬ઠી કલમના વિશેષ ઠરાવ મુજબના કોઇપણ ઠરાવને પાત્ર રહીને, રજિસ્ટરમાં નોંધવું.

પણ એવું ઠરાવ્યું છે કે મૈયત મતાદાર એકનો એક વારસવકીલ મતાદાર ન હોય ત્યારે તેવી કોઈપણ બાબતમાં, તેનો તરતજ પછીનો વારસ, મૈયત મતાદાર કુટુંબની જે શાખાનો હોય તેજ શાખાનો શખસ ન હોય પરંતુ તેજ ગામનો બીજો મતાદાર હોય, અથવા તેજ ગામના બીજા મતાદારની શાખાનો શખસ હોય, તો તે મૈયત મતાદારને નામે રજિસ્ટરમાં નોંધેલો તે મતામાંનો હિસ્સો—

(અ) તેજ ગામનો ફક્ત એકજ વારસવકીલ મતાદાર બાકી હયાત હોય અને, મૈયત જે મૂળ મતાદારનો વંશજ હોય તેજ મતાદારનો તે વંશજ હોય તો, તે બાકી હયાત વારસવકીલ મતાદારને મળવો જોઇએ.

(બ) એવા બાકી હયાત વારસવકીલ મતાદારો એક કરતાં વધારે હોય તો એવા બાકી હયાત વારસવકીલ મતાદારોમાં તેમના ભાગના પ્રમાણમાં વહેંચવો જોઇએ,

અને રજિસ્ટરમાં તે પ્રમાણે સુધારો કરવો જોઇએ.

ટીકાઃ—"લગત પછી જાયનશીન થનારા વારસ" મરનારના નજીકના વારસ, વડીલ વંશનો વડીલ દિકરો.

૧૦. કોઇપણ વખતે કોઇપણ શખસ યોગ્ય કોર્ટની પાસેથી વારસાનું સર્ટિફિકેટ અથવા તેનું હુકમનામું અથવા હુકમ હાજર કરીને કલેકટરની ખાત્રી કરી આપે કે જે શખસનું નામ રજિસ્ટરમાં નોંધવાનો સદહું કલેકટરે હુકમ કર્યો છે તેની પેહેલા તેનું પોતાનું નામ રજિસ્ટરમાં નોંધાવવાનો કલમ ૭ (બ) અથવા કલમ ૯ મુજબ તેને હક્ક છે તો તે કલેકટરે રજિસ્ટરમાંની નોંધ તે પ્રમાણે સુધરાવવી.

રજિસ્ટરમાં સુધારો.

ટીકાઃ–"કોર્ટથી"એટલે દિવાની કોર્ટથી"

"તેની પહેલાં" એટલે તેને બદલે, તેને ઠેકાણે.

મારા બાપ ત્થા બપાવાના મતાનો હું વારસ વકીલ મતાદાર છું એવું જાહેર કરાવવાનો ત્થા જે શખસનું નામ મતાદાર તરીકે રેવીન્યુ અધિકારીઓએ દાખલ કર્યું છે, તે શખસને મતામાંથી દુર કરવાનો દાવો દિવાની કોર્ટ સાંભળી શકતી નથી. જીવણભાઇ વી. નરસીદાસ ૧ મુ. લો. રી. પા. ૧૮૦

મરનાર વારસ વકીલ વતનદારનો વાદી નજીકનો વારસ છે, એવું જાહેર કરાવવાનો દાવો દિવાની કોર્ટ સાંભળી શકે છે. વારસ વકીલ મતાદાર કોણ છે, તે સવાલ સાથે દીવાની કોર્ટને બીલકુલ સંબંધ નથી. જો કોઇ વતની કુટુંબમાં અ. બી. સી. ડી. એવા ચાર શખસો હોય તો એ ચારમાંથી કોણ વડીલ વંશનો છે તે દિવાની કોર્ટ જાહેર કરી શકે છે. રહીમખાં વી. દાદામીયાં ૩૪. મુ. પા. ૧૦૧. ૧૧ મુ લો. રી. પા. ૧૩૯.

"કલેકટરે રજીસ્ટરમાંની નોંધ સુધરાવવી" એટલે દિવાની કોર્ટથી મળેલા વારસાના સરટીફિકિટ મુજબ અથવા હુકમનામા મુજબ અથવા હુકમ મુજબ કલેકટરે રજીસ્ટરમાં ફેરફાર કરવોજ જોઇએ. મરનાર વારસ વકીલ મતાદારનો અથવા મરનાર મતાદારનો હું (૧) વારસ છું, એવું સરટીફીકટ માંગવાની અરજી ત્થા (૨) મરનાર વતનદારની જગાએ કલેકટરે જે શખસનું નામ દાખલ કર્યું છે, તેની પહેલાં મારૂં નામ રજીસ્ટરમાં નોંધાવવાનો મારો હક છે, એવું ઠરાવવાનો દાવો દિવાની કોર્ટ સાંભળી શકે છે.

ચાકરી બાબત.

મતાદારોને મતાદાર તરીકે કરવાના કર્તવ્યકર્મો તથા તેમના વિશેષ હક્ક.

૧૧. મતાદારોને શિરસ્તા મુજબ જે કર્તવ્યકર્મો કરવાનાં હોય તે કર્તવ્યકર્મો કલેકટર ફરમાવશે ત્યારે દરેક મતાદાર કરવાને બંધાયલો છે અને ગામના ઠરાવબંદ ઉપર તથા ગામના સદહુ પ્રકારના બીજા જે કાગળપત્રો ઉપર મતાદારોએ સહી કરવી એવો શિરસ્તો હોય તે ઉપર સહી કરવાનો તેને વિશેષ હક્ક છે.

ટીકા:—કલેકટર હુકમ કરે તેનો અમલ કરવામાં મતાદાર ચુકે તો તે આ કાયદાની કલમ ૩૧ મુજબ સજાને પાત્ર થાય છે. વાર્ષીક મુસારાના ચોથા ભાગ જેટલો દંડ કલેકટર કરી શકે છે.

જે હદમાં મતાદારોને કામ કરવાનાં હોય તે હદ કેટલીક બાબતોમાં ઓછી કરવાનો અધિકાર છે.

૧૨. જે કોઈપણ ગામમાં મતાદારો હોય તે ગામની સીમામાં જો કોઇ નવું ગામ અથવા ગામડું વસેલું હોય અથવા હવેપછી કોઇપણ વખતે વસે તો જે હદમાં સદહુ મતાદારોના કામ કરવાનાં હોય તે હદમાંથી સરકારની અગાઉથી મંજુરી લઇને કલેકટરને સદહુ નવા ગામની અથવા ગામડાની સીમાને કાહાડી નાંખવાનો અધિકાર છે.

પટેલના હુદ્દાના કામ કરવાને માટે વહિવટદારોની જરૂરની સંખ્યા કલેકટરે ઠરાવવી.

૧૩. દરેક પટેલના હુદ્દાના કર્તવ્યકર્મો યોગ્યરીતે કરવા સારૂ વહિવટદારોની જોઇતી સંખ્યા પોતાની મરજી પ્રમાણે વખતે વખતે ઠરાવવાને કલેકટર મુખ્ત્યાર છે.

ટીકા:—કુટુંબની હાલત તથા ગામની હાજત મુજબ વહીવટદારોની સંખ્યા કલેકટરે ઠરાવવાની છે.

"વહીવટદાર" એટલે વખતો વખત પટેલના હુદ્દાનું ખરેખરૂં કામ કરનાર સખસ. તે વારસ વકીલ મતાદાર વતનદાર હો, કે ગુમાસ્તો, હો કે અવેજી હો. જુઓ મુંબાઇના સન ૧૮૭૪ ના આકટ ૩ કલમ ૪.

૧૪. જે જે ગામના સંબંધમાં ગવરનર ઇન્ કૌંસીલ ૬ઠી કલમની રૂએ ઠરાવ જાહેર કરે તે ગામમાં, તે ઠરાવ ઉપરથી જે કુટુંબોના હક જાહેર કર્યા હોય તેઓ પૈકી દરેક કુટુંબના વારસ વકીલને પટેલનો હુદ્દો ધારણ કરવાનો હક તે ઠરાવમાં નકી કરેલા ક્રમમાં સ્વાધીન થશે, અને બીજા કોઇપણ મતાદારને તેમાં ભાગ મળશે નહીં. (સને ૧૮૯૦નો ૩ જો કલમ ૨)

માત્ર એકજ કુટુંબને અંગે હુદો ધારણ કરવાનો હક હોય ત્યારે તે હક તેજ કુટુંબના વારસવકીલ મતાદારને સ્વાધિન હોવો જોઇએ.

ટીકા:—જે ગામને માટે આ આક્ટની કલમ ૬ મુજબ સરકાર ઠરાવ કરે તે ગામમાં સરકારનાં ઠરાવથી જે કુટુંબોના નોકરી કરવાના હક જાહેર કર્યા હોય તે પૈકી દરેક કુટુંબોના વારસ વકીલ મતાદારને પટેલી કરવાનો હક સરકારે ઠરાવેલા ક્રમમાં છે. **દૃષ્ટાંત** એક ગામમાં પાંચ મતાદાર કુટુંબો છે, તેમાંથી એકને માટે અથવા બેને માટે પટેલીની નોકરી કરવાનો હક સરકાર જાહેર કરે તો તે કુટુંબ અથવા કુટુંબના વારસ વકીલ મતાદારોનેજ ઠરાવેલા ક્રમ મુજબ તે નોકરી કરવાનો હક પ્રાપ્ત થાય છે. એ ગામના બાકીના મતાદારોને નોકરી કરવાનો હક મળતો નથી. અમુક મતાદાર કુટુંબમાં પોલીસ પટેલી કરવાનો અથવા ઉઘરાતદારી કરવાનો હક અસલથી આ કલમોથી આપ્યો હોય તો, કલમ ૬ ના ઠરાવને પાત્ર રહી તે હક તેજ કુટુંબોમાં છે, એમ ઠરાવવાનો અધિકાર સરકારને છે. અને સરકાર જ્યારે એવો કંઇ ઠરાવ કરે ત્યારે બાકીનાં મતાદારોને નોકરી કરવાનો હક પ્રાપ્ત થતો નથી, એટલે બીજા મતાદારો બાતલ થાય છે. બાતલ થએલા મતાદારો બેઠા ભાગીઆ કહેવાય છે.

૧૫. બીજા દરેક ગામમાં, પટેલનો હુદ્દો ધારણ કરવાનો હક્ક સહદુ હક્ક ધારણ કરનાર મતાદાર કુટુંબમાંના દરેકને વારાફરતી સ્વાધિન રહેશે.

બીજી દરેક બાબતમાં હુદો ધારણ કરવાનો હક મતાદાર કુટુંબે વારા ફરતી ભોગવવો તે.

ટીકા:—કલમ ૧૪ મુજબના ગામ બાદ કરીને બીજા દરેક ગામમાં પટેલી કરવાનો હક મતાદાર કુટુંબમાનાં દરેકને વારા ફરતી મળશે. **કલમ**

૧૬ મુજબ વારાના ક્રમ ઠરાવવામાં આવશે. આવા ગામના મતાદારોને કલમ ૧૭ મુજબ ચુંટણી કરી વહીવટદાર નીમવાનો અધિકાર મળે છે. જુઓ કલમ ૧૭.

વારાનો ક્રમ ઠરાવવા બાબત.

૧૯. સદહું હક્ક સદહું કુટુંબમાં કયા ક્રમમાં સ્વાધિન રહેશે તે ક્રમ ઠરાવવાના કારણ સારૂ કલેકટરે, આ આકટ અમલમાં આવ્યા પછી જેમ બને તેમ જલદીથી, સદહું ગામના મતાદારોને પોતાની રૂબરૂ લેખી નોટીસ આપી ભેગા થવા ફરમાવવું.

મતાદારોનો મોટો ભાગ વારાનો ક્રમ કબુલ રાખવામાં ચુકે તો કલેકટરે તે ચીઠી નાંખીને ઠરાવવો તે બાબત.

સદહું નોટીસ પ્રમાણે હાજર થયેલા મતાદારોનો મોટો ભાગ જો વારાનો કોઈ ક્રમ કબુલ ન રાખે તો કલેકટરે પોતાને યોગ્ય લાગે તે રીતે ભેગા થયેલા મતાદારોની રૂબરૂ ચીઠી નાંખીને તરતજ તે ક્રમ ઠરાવવો:

વિશેષ ઠરાવ.

પણ એવું ઠરાવ્યું છે કે જો વંશપરંપરાના હુદ્દાઓ બાબતના મુંબઈના આકટ મુજબ ચલાવેલાં કોઇપણ કામની દરમ્યાન તેજ કુટુંબના વારસ વકીલ વતનદારની ચાકરી કરવાનો વારાનો ક્રમ ચીઠીથી અથવા પક્ષકારોની કબુલતથી નક્કી થઇ ચુકયો હોય તો એવી રીતે નક્કી થયેલો ક્રમ તરત પાછલની ગયેલી કલમના કારણ સારૂ વાસ્તવીક છે એમ સમજવું.

ટીકા—જો કોઇ મતાદાર અરાદ વર્ષથી ઓછી ઉમ્મરનો હોય અથવા કાયદાસર બીજી રીતે નાલાયક હોય તો તેને બદલે તેના વાલીને આ કલમ મુજબ કામ કરવાનો અધિકાર છે. જુઓ કલમ ૨૩.

નાલાયક શખશો માટે જુઓ કલમ ૩૦.

૧૭. જે કોઈપણ ગામને કલમ ૧૫ લાગુ પડતી હોય તે ગામમાં પટેલનો હુદ્દો ખાલી પડેથી અથવા તે ખાલી પડશે એવા સંભવથી તે જગા પુરવાને માટે જે કોઇ મતાદાર કુટુંબના આસામીને હુદ્દો ધારણ કરવાનો હક્ક ભોગવવાનો વારો હોય એવાને ચુંટી કાઢવાનો સદહુ ગામના મતાદારોને અધિકાર છે.

મતાદારોને વહિવટદાર ચુંટી કાઢવાનો ક્યારે અધિકાર છે.

જો સદહું મતાદારોનો મોટો ભાગ, કલેકટર એ બાબત જે વાજબી મુદત ઠરાવે તે મુદતની અંદર ખાલી પડેલી જગાને માટે ઉપર કહેલા મતાદારના કુટુંબના કોઇ આસામીની નીમણુંક કરવાને ચુકે અથવા નીમેલો શખસ હુદ્દાને માટે નાલાયક હોય, તો હુદ્દો ધારણ કરવાનો હકક સદહું કુટુંબના વારસવકીલ મતાદારને સ્વાધીન રહેશે.

મતાદારો વહિવટદાર ચુંટી કાઢવાને ચુકે તો હુદ્દો ધારણ કરવાનો હક્ક વારસવકીલ મતાદારને સ્વાધિન રહેશે.

ટીકા:—એક ગામમાં જુદા જુદા કુટુંબના બે મતાં હતાં એક ड નાં કુટુંબનું, બીજું ब ના કુટુંબનું, તે ગામે વહીવટદારની નોકરી કરવાની મુદત પુરી થવાથી આ કલમ આધારે ચુટણી થઇ તેમાં વધુ મતે अ ને ચુંટી કાઢવામાં આવ્યો ડીપ્યુટી કલેકટરે अ ને નામંજુર કરી, ब કે જેના કુટુંબનો નોકરી કરવાનો વારો હતો તેના તરફથી રજુ થયલા क નામના પુરૂષને ડીપ્યુટી મુલકી પટેલ નીમવાની ભલામણ કરી. કલેકટરે अ ને તે કુટુંબનો માણસ ઠરાવી, તેને મુલકી પટેલ નીમ્યો. अ, ड કુટુંબનો હતો. ચુંટણી રદ જવાથી વારસ વકીલ મતાદાર ब ને નોકરી કરવાનો હક પ્રાપ્ત થયો. ब ના કુટુંબમાં બે મરદ હતા. તે વળી સગીર હતા. તેમની વાલી તેમની મા હતી. તેણીએ પોતાના સગીર દિકરા ब ને માટે क ને ગુમાસ્તા તરીકે નીમ્યો. क આ કાયદાની કલમ ૨૧ મુજબ તેજ ગામના મતાદાર કુટુંબ ड પૈકીનો એક સખસ હતો. ब ને માટે क ને ડીપ્યુટી મુલકી પટેલ નીમવાની ભલામણ થઈ તે મંજુર થઈ હતી. ઠરાવ નં. ૪૧૮૧—૧૭ જુન ૧૮૯૯. મતાદાર સગીર હોય અથવા કાયદાસર રીતે નાલાયક હોય તો તેને બદલે તેના વાલીને આ કલમ મુજબ કામ કરવાનો અધિકાર છે. જુઓ કલમ ૨૩. નાલાયક શખસો માટે જુઓ કલમ ૩૦.

જે મતાદાર કુટુંબનો નોકરી કરવાનો વારો હોય તે કુટુંબ પૈકી એક લાયક આસામીને વહીવટદાર (પટેલ) ચુંટી કહાડવાની ફરજ આ આકટ મતાદાર ઉપર નાંખે છે, અને વારસવકીલ મતાદારને કાંઈપણ હક્ક આપતો નથી. અલબત ખાલી જગાને માટે ઉપર મુજબ નિમણુંક ન થાય તો વારસવકીલ મતાદારને નોકરી કરવાનો હક્ક પ્રાપ્ત થાય છે. પરંતુ કલેકટરને યોગ્ય લાગે તો તેને પટેલ નીમે અગર બીજા લાયક સખસને નીમે. જુઓ કલમ ૧૯.

"અમે નોકરી કરવાનો હક્ક ધરાવીએ છીએ અથવા હમારી ખુશીમાં આવે તેવો ગુમાસ્તો નિમવાનો હમારો હક્ક છે" એમ કેટલાક વારસવકીલ મતાદારો સમજે છે તે જૂઠું છે, જો તેઓ જાતે નોકરી કરવા લાયક હોય તો ભલે કરે, પણ લાયક ન હોય અને લાયક (તેજ ગામના મતાદાર કુટુંબનો) ગુમાસ્તો રજુ ન કરે તો વારસવકીલ મતાદાર પોતાનો નોકરી કરવાનો વારો ગુમાવે છે. જુઓ કલમ ૨૧ તથા ૨૨

આ કલમ મુજબ ચુંટણીથી જે નિમાય તે "વહિવટદાર" કહેવાય. કલમ ૨૦ મુજબ જે માણસ નિમાય છે તે "ગુમાસ્તો" અથવા "ડીપ્યુટી" કહેવાય છે.

ચુંટણીની કાનુનો સરકારે ઠરાવવી.

૧૮. ઉપરની છેલ્લી કલમ મુજબ ચુંટણી કરવી તે મુંબઈના સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીએ બાબત ગવર્નર ઇન્ કૌન્સિલ વખતે વખતે જે કાનુનો ઠરાવે તે મુજબ કરવી.

ટીકા:—કાનુનો નીચે પ્રમાણે છે અને તે સને ૧૮૮૮ના ફેબરવારીની તા. ૨૭ના ગેઝેટના પાના ૧૯૮ ઉપર પ્રસિદ્ધ થઇ છે.

(૧) જે ગામને આ આકટની ૧૫મી કલમ લાગુ છે તેમાં પટેલની જગ્યા ખાલી પડે અથવા ખાલી પડવાનો સંભવ હોય, ત્યારે કલેકટરે અથવા તેની મંજુરીથી આસીસટન્ટ અથવા ડેપ્યુટી કલેકટરે પટેલની ચુંટણી સારૂ જગ્યા તથા તારીખ નક્કી કરી તે ગામના તમામ મતાદારોને આ સાથેના નમુના મુજબ એક નોટીસ કાઢવી.

(૨) ચુંટણીને માટે ઠરાવેલી તારીખ નોટીસની તારીખથી ૧૪ દીવસ કરતાં ઓછી નહીં હોવી જોઇએ,

(૩) ગામના તમામ મતાદારોએ અથવા જેટલા હાજર હોય તેઓએ નોટીસ ઉપર સહી કરવી અને ગામને ચોરે અથવા બીજી પ્રસીદ્ધ જગ્યા ઉપર નોટીસની એક નકલ ચોટવી.

મતાદારોની સહી વાળી અસલ નોટીસ ચુંટણીની તારીખ પહેલાં જે અમલદારે નોટીસ કાઢી હોય તેના તરફ પાછી મોકલવી જોઇએ.

(૪) ફકત બાઇડીઓનેજ મુખત્યાર મારફત મત્ત આપવા દેવામાં આવશે. એવું મુખત્યારનામું એક રૂપીઆના સ્ટાંપ કાગળ ઉપર હોવું જોઇએ અને તેના ખરાપણા બાબત કોઇ અધીકારીની સહી જોઇએ.

(૫) દરેક મત આપનારે સરનસીન અમલદારની રૂબરૂ એક કાગળ ની કાપલી ઉપર જેના લાભમાં મત આપવાનો હશે તેનું નામ લખવું અથવા લખાવવું. અને તે કાગળ ઉપર પોતાની સહી કરવી.

(૬) કોઇપણ મત આપનારે એક કરતાં વધારે સખસને માટે મત આપવો નહિં, પરંતુ જે મત આપનાર ગામના સગીર મતાદારનો વાલી હોય તેને દરેક સવાલ ઉપર એ મત આપવાનો અધીકાર છે.

(૭) નીચેના પ્રસંગોએ ચુંટણી રદ થાય છે:—

(૧) મતાદારનો મોટો ભાગ જો જાતે હાજર ન થાય તો, (અથવા બાયડીઓની બાબતમાં મુખત્યારની મારફત હાજર ન થાય, તો):

(૨) જો કોઇ સખસ આ આકટ મુજબ લાયક હોય તે ગામના કુલ મતાદારોની અડધી સંખ્યા કરતાં વધારે મતાદારોના મત ન મેળવી શકે તો;

(૩) પસંદ કરેલો સખસ જો અયોગ્ય અથવા નાલાયક હોયતો, અથવા તે ૧૪ દીવશની અંદર નોકરી કબુલ કરવાનું ના પાડે તો.

(૮) જો કુલ મતાદારની સંખ્યાનો મોટો ભાગ ત્યાંને ત્યાં તેજ વખતે પોતાનો નીમેલો માણસ પાંચ વર્ષ કરતાં વધારે મુદતને માટે નોકરી કરશે એમ કબુલ થાય તો, તેને તેટલી મુદતને માટે નીમવો. આ પ્રમાણે કબુલ ન થાય તો નોકરીની મુદત પાંચ વરસની રહેશે. (કલમ ૨૭)

(૯) જ્યારે ચુંટણી રદ જાય ત્યારે જે કુટુંબનો વહીવટ કરવાનો વારો હશે તે કુટુંબના વારસવકીલ મતાદારને જાતે નોકરી કરવાનો અથવા ગુમાસ્તો નીમવાનું ફરમાવવામાં આવશે.

નોટીસનો નમુનો.

જીલ્લે તાલુકે મોજે માટે સને ૧૯ ના મહીનાની તારીખથી મુલ્કી અને પોલીસ પટેલ નીમવાનો છે. સબબ મજકુર ગામના નીચે લખેલા મતાદારોને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે મુકામે તારીખે હાજર થવું અને ત્યાં મતાદારો સદરહુ તારીએ કબુલ થઈ નક્કી કરે તેટલી મુદત સુધી એટલે પાંચ વરસથી ઓછી નહીં એવી મુદતને માટે મતાદાર કુટુંબના કોઇ શખસને સદરહુ હોદ્દા માટે પસંદ કરવો.

મતાદારો:—(જેટલા મતાદારો હોય તેટલાના નામ લખવાં.)

(૨) ઉપર લખેલા મતાદારોને વળી ખબર આપવામાં આવે છે કે સદરહુ તારીખે મારી રૂબરૂ તેઓમાંના (નીમે અથવા મોટો ભાગ) સદરહુ કુટુંબના લાયક આસામીને નીમવામાં કબુલ ન થાય તો, જે વારસવકીલ મતાદારનો વારો આવ્યો છે તેને નીમવામાં આવશે.

તારીખ કલેકટર

વારસવકીલ મતાદારે સામાન્યત: જાતેજ વહિવટ કરવો જોઇએ.

૧૯. હુદ્દો ધારણ કરવાનો હકક જે વારસવકીલ મતાદારને ૧૪મી કલમ અથવા ૧૭મી કલમ મુજબ સ્વાધિન થતો હોય તે દરેક વારસવકીલ મતાદારને, જો તે હુદ્દાને માટે તે નાલાયક ન હોય તો, જાતે વહિવટ ચલાવવાનું કલેકટરે ફરમાવવું, પરંતુ કલેકટરને યોગ્ય લાગે તો તેની જાતની નોકરીની માફી આપવાનો તેને અધિકાર છે.

એક વારસવકીલ મતાદાર જાતે વહિવટ કરવાની ના કહે ત્યારે હુદ્દો ધારણ કરવાના હક્કનો વારો બીજા શખસને પ્રાપ્ત થશે.

જે કોઇપણ ગામને કલમ ૧૫ લાગુ પડતી હોય તે ગામમાં જે કુટુંબના વારસવકીલ મતાદારનો વારો હુદ્દો ધારણ કરવાના હક્કનો ભોગવટો કરવાનો હશે તે કલેકટર ફરમાવે ત્યારે જાતે હુદ્દો ધારણ કરવાની ના કહેશે, તો સદહું હક્કનો ભોગવટો કરવાનો વારો ઠરાવેલા વારાના ક્રમમાં જે તરત બીજું મતાદારનું કુટુંબ હશે તેને પ્રાપ્ત થશે.

જે વારસવકીલ મતાદાર પોતે વહિવટ કરતો હોય તે વખતે, કલેકટરની નજરમાં પટેલનાં હુદ્દાનાં કર્તવ્ય કર્મો યોગ્યરીતે બજાવવામાં હરકત આવે એવો બીજો ધંધો કરતો હોય તે છોડી દેવાની તે ના કહે, અથવા જે ગામને વાસ્તે તેને નીમ્યો હોય તે ગામમાં રેહેવાનું કલેકટરે ફરમાવ્યું હોય તેમાં તે ચુકે તો તે જાતે વહિવટ કરવાની ના કહે છે એમ સમજવામાં આવશે.

વારસવકીલ મતાદારો ને બીજો ધંધો કરવા ની ક્યારે મના છે. ગામમાં રેહવાને ચુકે તો શું થશે.

ટીકા:—ના લાયક સખસો માટે જુઓ કલમ ૩૦.

"જાતે હુદ્દો ધારણ કરવાની ના કહેશે" બીજો ધંધો કરવાની કલેકટરે ના કહ્યા છતાં તે ધંધો નહિ છોડી દે, અગર ગામમાં રહેવાનું ફરમાવ્યું હોય તેમ છતાં ન રહે તો, જાતે વહીવટ કરવાની ના કહે છે એમ સમજવું.

૨૦. હેઠલ લખેલા શખસોને હરકોઇ વખતે ગુમાસ્તો નીમવાનો અધિકાર છે, એટલે:—

વારસવકીલ મતાદારને ગુમાસ્તો નીમવાનો ક્યારે અધિકાર છે.

(અ) જે કોઇ વારસ વકીલ મતાદાર હુદ્દાને માટે નાલાયક હોય અથવા જાતે વહિવટ કરવાની દરમ્યાન હુદ્દાને માટે નાલાયક થાય તેને; અને

(બ) જે કોઇ વારસ વકીલ મતાદાર પોતે હુદ્દાને માટે નાલાયક ન હોય તે છતાં પણ તેની જાતે વહિવટ કરવાની અથવા વહિવટ કરવાનું જાગી રાખવાની ઇચ્છા ન હોય તો કલેકટરની પરવાનગી લઇને તેને; અને

(ક) જે એકનો એક વારસ વકીલ મતાદાર પોતે જાતે વહિવટ કરવા ઇચ્છતો હોય અથવા આગમજથી વહિવટ કરતો હોય ત્યારે જો એક અથવા વધારે બીજા વહિવટદારો રાખવાની જરૂર હોય ત્યારે તેને.

"પણ એવું ઠરાવ્યું છે કે જે વારસ વકીલ મતાદાર ૩૦

મી કલમની પેટા કલમ ૧ ની (ફ), (ગ) અથવા (હ) રકમો મુજબ નાલાયક હોય તેવા કોઇપણ વારસવકીલ મતાદારને ગુમાસ્તો નિમવાનો હક પ્રાપ્ત થશે નહિ."

ગુમાસ્તાને કાહાડી મુકવા બાબત.

વારસ વકીલ મતાદારે નીમેલા ગુમાસ્તાને હુદ્દા ઉપરથી કાહાડી મુકવા સારૂ તે વારસ વકીલ મતાદાર અરજ કરે અને તેવી અરજ કરવાનું પાકું કારણ છે એવું કલેકટરનું મત હોય તો સદહુ ગુમાસ્તાને હરકોઇ વખતે કાહાડી મુકવાને કલેકટર મુખ્ત્યાર છે.

ટીકા:—મતાદાર સગીર હોય અથવા કાયદાસર રીતે નાલાયક હોય, ત્યારે તેને બદલે તેના વાલીને આ કલમ મુજબ કામ કરવાનો એટલે ગુમાસ્તા નીમવાનો અધિકાર છે. જુઓ કલમ ૨૭.

નાલાયક સખશો માટે જુઓ કલમ ૩૦.

ગુમાસ્તાની નીમણુંક વારસ વકીલ મતાદારે કરવાની હોય ત્યારે કેમ કરવું.

૨૧. જ્યારે કોઇ ગુમાસ્તાની નીમણુક વારસ વકીલ મતાદારને કરવાની હોય ત્યારે, કલેકટરે લેખી નોટીસ આપી તેને સદહુ નોટીસ બજાવ્યાની તારિખથી વીસ દિવસની અંદર પોતાના ગુમાસ્તા તરીકે યોગ્ય શખસ નીમવાનું કલેકટરે ફરમાવવું જોઇયે.

જો તે વારસ વકીલ મતાદાર સદહુ મુદતની અંદર કોઇપણ શખસને નીમવાને ચુકે, અથવા જે શખસને તે નીમે તે શખસ તેજ ગામના મતાદાર કુટુંબનો આસામી નહીં હોય અથવા હુદાને માટે નાલાયક હોય તો નીમણુક કરવાની મુદત પોતાની મરજીમાં આવે તો બીજા દસ દિવસ સુધી વધારવાને મુખ્ત્યાર છે.

જો ઠરાવેલી વીસ દિવસની મુદતની અંદર, અથવા કલેકટર જ્યારે તે મુદત વધારે ત્યારે વધારેલી મુદતની અંદર, વારસ વકીલ મતાદારે કોઇ પણ શખસને નીમ્યો નહીં હોય, અથવા તેણે નીમેલો શખસ તેજ ગામના મતાદાર કુટુંબનો આસામી નહીં હોય અથવા હુદાને માટે નાલાયક હોય, તો હુદો ખાલી

કરવાના હક્કનો ભોગવટો કરવાનો વારો ઠરાવેલા વારાના ક્રમમાં જે તરત બીજો વારસ વકીલ મતાદાર અથવા બીજું મતાદાર કુટુંબ હશે તેને ૧૪મી અથવા ૧૫મી કલમ સદરહુ આમને લાગુ પડતી હશે તે પ્રમાણે પ્રાપ્ત થશે.

ટીકાઃ—મતાદાર સગીર અથવા કાયદાસર રીતે નાલાયક હોય ત્યારે તેને બદલે તેના વાલીને આ કલમ મુજબ કામ કરવાનો અધિકાર છે. જુઓ કલમ ૨૩.

"યોગ્ય શખસ" એટલે તેજ ગામનો મતાદાર કુટુંબનો આસામી હોવો જોઇએ અને તે કલમ ૩૦ માં બતાવ્યા પ્રમાણે નાલાયક હોવો ન જોઇએ, એટલે ગુમાસ્તો તેજ ગામના મતાદાર કુટુંબનો અને લાયક હોવો જોઇએ.

ગુમાસ્તાની નીમણુંક કલેકટરે કયારે કરવી.

૨૨. જ્યારે એકનો એક વારસ વકીલ મતાદાર, કલેકટર ફરમાવે ત્યારે, જાતે વહિવટ કરવાની ના કહે, અથવા ઉપરની છેલ્લી કલમના ઠરાવો મુજબ પોતાના ગુમાસ્તા તરીકે યોગ્ય શખસ નીમવાને ચુકે, ત્યારે કલેકટરે એક ગુમાસ્તો નીમવો.

સદરહું પ્રકારનો ગુમાસ્તો સામાન્યતઃમતાદાર કુટુંબનો આસામી હોવો જોઇયે; પરંતુ એવા કુટુંબનો કોઇ લાયક ન હોય તો કોઇ પણ શખસને નીમશે.

આ પ્રમાણે કલેકટરે નીમેલો ગુમાસ્તો જે ગામને માટે તેને નીમ્યો હોય તે ગામના મતાદાર કુટુંબનો આસામી સામાન્યતઃ હોવો જોઇયે, પરંતુ એવા કુટુંબનો કોઇ પણ સખસ વહીવટ કરવાને લાયક અને રાજી નહોય તો, કોઇ પણ બીજા સખસને નિમવાનો અધિકાર છે.

ટીકાઃ—તેજ ગામના મતાદાર કુટુંબનો સખસ વહીવટ કરવાને લાયક નહોય અને રાજી નહોય તોજ કલેકટરને કોઇપણ બીજા બહારના સખસને નીમવાનો અધિકાર છે.

"૨૨ અ. હુદ્દો ધારણ કરવાનો હક ભોગવવાનો જે વારસ વકીલ મતાદારનો વારો હોય તે વારસ વકીલ મતાદાર ૩૦ મી કલમની પેટા કલમ (૧) ની રકમો (ક), (ગ) અથવા (હ) મુજબ હુદ્દા માટે નાલાયક હોય ત્યારે, તે ગુમાસ્તો નિમવામાં નિશ્ફળ થયો છે એમ સમજવું, અને, પ્રસંગ પ્રમાણે, હુદ્દો ધારણ કરવાનો વારો ૨૧મી કલમ પ્રમાણે પ્રાપ્ત થશે, અથવા ૨૨મી કલમ પ્રમાણે કલેક્ટર ગુમાસ્તો નિમશે."

નાલાયક વારસ વકીલ મતાદારને ગુમાસ્તો નિમવાનો હક નહોય ત્યારે શું કરવું.

ટીકા:—જુઓ કલમ ૩૦

૨૩. જો કોઇ મતાદાર અરાઢ વર્ષથી ઓછી ઉમરનો હોય અથવા ગાંડાપણાથી અથવા મનની નબળાઇથી નાલાયક થયો હોય, તો ૧૬, ૧૭, ૨૦ તથા ૨૧મી કલમોમાં ઠરાવેલી બાબતો પૈકી કોઇપણ બાબતમાં તેને બદલે તેના વાલી અથવા તેના શરીરના બીજા કાયદાસર રખેવાળને કામ કરવાનો અધિકાર છે.

કોઇ મતાદાર કાયદાસર રીતે નાલાયક હોય ત્યારે તેના વાલીનો અધિકાર.

ટીકા—જ્યારે કોઇ પણ મતાદાર (૧૮) અરાઢ વર્ષથી ઓછી ઉમ્મરનો હોય (૨) ગાંડો હોય (૩) મનની નબળાઇથી નાલાયક થયો હોય તો તેને બદલે તેના વાલીને અથવા તેના શરીરના કાયદાસર રખેવાળને કલમ ૧૬, ૧૭, ૨૦ અને ૨૧ મુજબ કામ કરવાનો અધિકાર છે.

૨૪. એકનાએક વારસ વકીલ મતાદારના હુદ્દાની મુદ્દત, જો સદહું વારસ વકીલ મતાદાર તે દરમ્યાનમાં હુદ્દાને માટે નાલાયક થશે નહિ તો, હૈયાતી સુધીની હોવી જોઇએ.

એકના એક વારસવકીલ મતાદારના હુદ્દાની મુદ્દત.

૧૭ મી કલમ મુજબ ચુંટી કાઢેલા કોઇ શખસના હુદ્દાની મુદ્દત ચુંટી કાઢેલો શખસ તે દરમ્યાન મરી ન જાય અથવા હુદ્દાને માટે નાલાયક ન થાય તો પાંચ વરસ સુધીની અથવા મતાદારોનો મોટો ભાગ ચુંટી કાઢતી વખતે બીજી જેટલી મુદ્દત ઠરાવે

ચુંટી કાઢેલા વહિવટદારના હુદ્દાની મુદ્દત.

મુદ્દતને માટે પોતાની ખુશી બતાવે તેટલી વધારે મુદ્દત સુધીની, હોવી જોઇયે.

૧૭ મી કલમ પ્રમાણે મતાદારોએ ચુંટી કાઢેલા કોઇપણ શખસના હુદ્દાની મુદ્દત કેટલી જોઇયે તે બાબત મતાદારોની ખાએશ હશે તેની ખાત્રી નીમણુંક ઠરાવવા માટે ૧૮ મી કલમ પ્રમાણે ઠરાવેલી કાનુન મુજબ કરી લેવી જોઇયે.

ટીકાઃ—કલમ ૧૮ નીચે કરનોંધ જુઓ.

ચુંટણી ન થાય ત્યારે હુદ્દો ધારણ કરવાનો હક્ક હોય એવા વારસવકીલ મતાદારના હુદ્દાની મુદ્દત.

૨૫. કલમ ૧૭ મુજબની ચુંટણી ન થાય ત્યારે હુદ્દો ધારણ કરવાનો હક્ક જે વારસવકીલ મતાદાર ને સ્વાધીન રહેવાનો હોય તે વારસવકીલ મતાદારના હુદ્દાની મુદ્દત હેઠળ લખ્યા પ્રમાણે છે, એટલેઃ—

(અ) જ્યારે વારસવકીલ મતાદારોની સંખ્યા નવથી વધારે હોય ત્યારે પાંચ વરસ;

(બ) જ્યારે વારસ વકીલ મતાદારોની સંખ્યા ચારથી વધારે હોય પણ નવથી વધારે નહીં હોય ત્યારે સાત વરસ;

(ક) જ્યારે વારસવકીલ મતાદારોની સંખ્યા ચારથી વધારે નહિ હોય ત્યારે દસ વરસ.

ગુમારસ્તા નીમવાના તે તેમના મુખ્યની હુદ્દાની મુદ્દત સુધી નીમવાના.

૨૬. વારસવકીલ મતાદારે અથવા તેને બદલે કલેકટરે નીમેલો ગુમાસ્તો જે વારસવકીલ મતાદારે અથવા જે વારસવકીલ મતાદાર બદલ તેને એ પ્રમાણે નીમ્યો હશે તે વારસવકીલ મતાદારના હુદ્દાની મુદ્દત સુધી અથવા તેની બાકી રહેલી મુદ્દત સુધી નીમવો જોઇયે; અને જો કોઇ ગુમાસ્તો સદહું મુદ્દતમાં મરી જાય અથવા રાજીનામુ આપે અથવા હુદ્દાને માટે નાલાયક થાય તો સદહું મુદતમાંથી બાકી રહેલી મુદ્દત સુધી ૨૧ મી તથા ૨૨મી કલમોના ઠરાવો મુજબ બીજો ગુમાસ્તો નીમવાનો અધિકાર છે.

પણ એવું ઠરાવ્યું છે કેઃ—

(અ) જો કોઇ વારસ વકીલ મતાદાર પોતે હુદ્દાને માટે નાલાયક હતો એ સબબથી અથવા પોતે જાતે વહિવટ કરવાને રાજી નહોતો તે સબબથી તેણે કોઇ ગુમાસ્તો નીમ્યો હોય તે વારસ વકીલ મતાદાર જો ત્યાર પછી પોતાના હુદ્દાની મુદતની અંદર કોઇ પણ વખતે જાતે વહિવટ કરવાને ખુશી હોય તે, તે જો તેવખતે હુદ્દાને માટે નાલાયક નહીં હોય તો, તેને જાતે વહિવટ કરવાની પરવાનગી આપવાનો કલેકટરને અધિકાર છે;

(બ) જો કોઇ વારસ વકીલ મતાદાર પોતાના હુદ્દાની મુદતમાં મરી જાય તો તેને બદલે કામ કરનારો જો કોઇ ગુમાસ્તો હોય તો તેણે વહિવટ કરતાં બંધ રહેવું જોઇયે, અને તે વારસ વકીલ મતાદારની પછીથી આવનારા શખસે ૧૯મી કલમના ઠરાવોને પાત્ર રહી સદરહું મુદતની બાકી રહેલી મુદત સુધી જાતે વહિવટ કરવો અથવા તેણે અથવા તેને બદલે કલેકટરે ૨૦, ૨૧, તથા ૨૨મી કલમોના ઠરાવ મુજબ તે બાકી રહેલી મુદત સુધી એક ગુમાસ્તો નીમવો.

ટીકાઃ—કોઇ વારસ વકીલ મતાદારે પોતાના હુદ્દાની મુદત સુધી કોઇ ગુમાસ્તો નીમ્યો હોય તે દરમ્યાન તે મતાદાર મરી જાય તો ગુમાસ્તાએ કામ કરતાં બંધ થવું જોઇએ અને વારસ વકીલ મતાદાર પછીથી આવનાર શખસે જાતે વહીવટ કરવો અથવા તેણે અથવા તેને બદલે કલેકટરે બાકી રહેલી મુદતને માટે એક ગુમાસ્તો નીમવો. જુઓ કલમ ૧૯, ૨૦, ૨૧ અને ૨૨.

વારસ વકીલ મતાદારના હુદ્દાની મુદતના ફેસલા વરસમાં

૨૭. આ આકટમાં આગળ ગમે તેવો વિરૂદ્ધ મચકુર કર્યો હોય તે છતાં પણ, જે કોઈ પણ ગામને કલમ ૧૫ લાગુ પડતી હોય તે ગામમાંના કોઈ પણ વારસવકીલ મતાદારને, તેના

વહિવટદારમાં કાંઇ પણ ફેરફાર કરવા દેવામાં આવશે નહીં.

હુદ્દાની મુદતના છેલ્લા વરસમાં, જાતે વહિવટ કરવાનું શરૂ કરવા દેવામાં આવશે નહીં, તથા સદહું પ્રકારના કોઈપણ ગામમાં વારસ વકીલ મતાદારથી, અથવા તેને બદલ, સદહું વરસમાં કોઈપણ નવો ગુમાસ્તો નીમાશે નહીં.

સદહું પ્રકારનો કોઇ પણ ફેરફાર કરવાનો પ્રસંગ આવે ત્યારે હુદ્દો ખાલી છે એમ સમજવું.

સદહું પ્રકારના કોઈપણ ગામમાં સદહું પ્રકારના કોઈપણ વરસમાં વહિવટદારમાં કાંઇપણ ફેરફાર કરવાનો પ્રસંગ પડે ત્યારે તે હુદ્દો ખાલી છે એમ સમજવું.

થોડી મુદત માટે કામ ચલાઉ વહિવટદારોની કલેકટરે નીમણુક કરવી.

૨૮. પટેલના હુદ્દાની કોઇ જગા ખાલી પડે અને તે આગળના ઠરાવો મુજબ ભરવામાં આવે તે વચમાંના કોઇપણ વખતના દરમ્યાન તથા કોઇપણ વહિવટદાર સસ્પેંડ (મોકુફ) થયો હોય તે વખતની દરમ્યાન થોડી મુદતને માટે કામ ચલાઉ વહિવટદાર તરીકે પોતાને યોગ્ય લાગે તેવા શખસને પછી તે શખસ તેજ ગામનાં મતાદાર કુટુંબનો આસામી હોય કે ના હોય તોપણ નીમવાનો કલેકટરને અધીકાર છે.

ટીકા:—(૧) પટેલની જગ્યા ખાલી પડે અને તે પુરવામાં આવે ત્યાં સુધી તથા (૨) કોઇ પણ પટેલ શસ્પેન્ડ (મોકુફ) થયો હોય તે દરમ્યાન કોઇ પણ લાયક શખસને કામચલાઊ પટેલ નિમવાનો અધિકાર કલેકટરને છે.

વહિવટદારોએ પોતાની ગેરહાજરીને અથવા માંદગીને પ્રસંગે બદલી મુકવા જોઇયે.

૨૯. જો કોઇ વહિવટદાર થોડી મુદત સુધી પોતાના ગામમાંથી ગેરહાજર હોય અથવા માંદગીને લીધે પોતાના હુદ્દાનાં કર્તવ્યકર્મો ચલાવવામાં થોડી મુદત સુધી અટકે તો સદહું હુદ્દાનાં કર્તવ્યકર્મો કરવા સારૂ બીજા કોઇ યોગ્ય શખસને બદલી તરીકે પછી તે શખસ તેજ ગામના

મતાદાર કુટુંબનો આસામી હોય કે ન હોય તોપણ મુકવાનો તેને અધિકાર છે, પરંતુ એવી રીતે બદલી મુકેલા શખસનાં કૃત્યો તથા ચુકો બદલ તે કૃત્યો તથા ચુકો જાણે પોતે કરી હોય તેમ તે જવાબદાર રહેશે.

ટીકા:—વહિવટદાર (પટેલ) થોડી મુદ્દત સુધી ગામમાંથી ગેરહાજર હોય અથવા માંદગીને લીધે થોડી મુદ્દત સુધી કામ નહિ કરી શકે તો તેણે કોઇપણ યોગ્ય શખસને અવેજી મુકવો જોઇએ. આવા અવેજી મતાદાર કુટુંબનોજ હોવા જોઇએ એવું કંઈ જરૂરનું નથી, ગમે તે હોય તે ચાલે, પરંતુ સઘળી જવાબદારી વહીવટદારને માથે રહે છે.

પટેલના હુદ્દાને માટે નાલાયકી બાબત.

૩૦. હેઠળ લખેલા શખસો પટેલના હુદ્દાને માટે નાલાયક છે એમ સમજવું (એટલે):

પટેલના હુદ્દાને માટે કયા કયા શખસોને નાલાયક સમજવા.

(અ) સ્ત્રીઓ;

(બ) અરાઢ વરસથી ઓછી ઉમરના શખસો;

(ક) વખતે વખતે જો કેળવણી સંબંધી કાંઈ પરિક્ષા ઠરાવવાનું સરકાર યોગ્ય ધારે તો, તે પરિક્ષા પસાર નહીં થયો હોય તે શખસ;

(ડ) જે હરકોઇ શખસ ઉમરે સાહાઠ વરસનો થયો હોય, માત્ર તેવા શખસની નિમણુંક બાબત અથવા તેને હુદ્દા ઉપર વધારે વખત સુધી રાખવા બાબત કલેકટરે ખાસ રજા આપી હોય તો તે પ્રસંગ બારેજ કરીને, તે શખસ;

(ઇ) જે કોઈ શખસ કલેકટરના મત પ્રમાણે ગાંડો, અથવા મનનો નબળો હોવાથી અથવા બેહેરો, આંધળો અથવા બીજી જાહેર શરીરની વ્યંગતાવાળો હોવાથી હુદ્દાને વાસ્તે અયોગ્ય હોય તે શખસ;

(ઇ ઇ) જે કોઈ શખસ જમીન મહેસુલ અથવા જે રકમ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાનું વિદ્યમાનકાળે અમલમાં હોય એવા કોઈપણ કાયદામાં ખાસ ઠરાવ્યું હોય તેવી કોઇપણ રકમ જાણી જોઇને ન આપ્યાના સબબને લીધે તે હુદ્દાને માટે અયોગ્ય છે એમ કલેકટરને લાગશે તે શખસ;

(ક) જે કોઇ શખસ બીજી રીતે વહિવટ ચલાવવાને લાયક હોય તે વખતે તેને કલેકટરે સંક્ષેપ ચોકસી કર્યા પછી સાધારણ રીતે ખરાબ ચાલનો ઠરાવ્યો હોય તે શખસ;

(ગ) જે કોઇ શખસને જે કોઇ ગુન્હાબાબત છ મહિનાથી વધારે કેદની સજા કરવાનો અધિકાર છે તેવા ગુન્હા બાબત ફોજદારી કોર્ટથી કેદની અથવા ફટકા મારવાની સજા પામ્યો હોય અથવા સમુદ્રપારની સજા પામ્યો હોય અને એવી સજા ત્યાર પછીથી ફેરવી નાંખી અથવા રદ કરી ન હોય, અને એવી સજાના ઠરાવને લીધે તેની થયેલી નાલાયકી જે હુકમ ગવર્નર ઇન્ કૌંસિલને યોગ્ય લાગે તો આ બાબતમાં કરવાને અધિકાર તેઓને આ આક્ટ ઉપરથી આપ્યો છે તેવા હુકમ ઉપરથી દુર કરી નહીં હોય તે શખસ.

(ઘ) જે કોઇ શખસને ૩૧મી કલમ મુજબ હુદ્દા ઉપરથી દુર કર્યો હોય અથવા ફરીથી નોકરીમાં રાખવા સારૂ નાલાયક ઠરાવ્યો હોય તે શખસ, પરંતુ જો સદહું શખસને ફરીથી નોકરીમાં રાખવા સારૂ સરકારે ખાસ મંજુરી આપી હોય તો જુદી વાત છે.

જે કોઇપણ વહિવટદાર પોતાના હુદ્દાની મુદતની દરમ્યાન ઉપરના સબબો પૈકી કોઇપણ સબબથી નાલાયક થાય તો તેણે વહિવટ કરતાં બંધ રહેવું જોઇયે.

(૨) કોઈ મતાદાર—

(અ) કલેક્ટરે સંક્ષિપ્ત રીતે તપાસ કર્યા પછી સામાન્ય રીતે ખરાબ ચાલનો હોવાનું ઠરાવ્યું હોય, અથવા

(બ) પેટા કલમ (૧) ની (ગ) રકમ મુજબ નાલાયક હોય, ત્યારે, જો તેમ થયું ન હોત તો, તેને તેની બાકીની હયાતી સુધી વહિવટદારની ચુંટણી કરવામાં આવે તે વખતે મત આપવાનો, અથવા વહિવટ કરવાને માટે ગુમાસ્તો નિમવાનો જે કોઇપણ હક હોત તે હક છીનવી લેવામાં આવશે.

ટીકા:—ક્યા કયા સખસો પટેલી કરવાને નાલાયક છે તે આ કલમમાં બતાવ્યું છે. પટેલની નીમણુંક સંબંધમાં નીચેના ઠરાવો જાણવા જોગ છે. સાધારણ રીતે ખરાબ ચાલનો માણસ પટેલીને માટે નાલાયક છે.

જે સખસ દેવાદાર હોય અને ઘણો વખત દીવાની જેલમાં ગાળતો હોય તે બરાબર નોકરી કરી શકે નહી માટે તેને નાલાયક સમજવો ઠરાવ. નં. ૪૨૩૫ તા. ૨૭–૭–૭૫.

ગામના મશહુર કજીઆ ટંટામાં જે મતાદાર બે પક્ષમાંથી એક પક્ષમાં સામેલ થાય તો તે નોકરી કરવાને યોગ્ય ગણાય નહિ. ઠરાવ નં. ૭૮૦૭ તા. ૨૮–૧૨–૭૭.

ગુન્હાના તકસીરવાન ઠરવાથી થયેલી નાલાયકી દુર કરવાને સરકારને સત્તા છે. સજા ભોગવી આવેલા સખસને સરકારની મરજીમાં આવે તો નોકરીમાં ફરી દાખલ કરે. વતની કુટુંબનો એક માણસ હંગામો કરવાનો, કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત હોવાનો તથા વ્યથા કરવાનો પીનલ કોડ કલમ ૧૪૭, ૧૪૯, તથા ૩૨૩ મુજબ, સને ૧૮૮૨ માં તકસીરવાન ઠર્યો હતો, અને તેને ચાર માસની સખ્ત કેદ તથા રૂપીઆ ૫૦ના દંડની સજા થઇ હતી. આ ઉપરથી તેને નોકરીમાંથી દુર કરવામાં આવ્યો હતો. એટલુંજ નહીં પણ તેને ફરીથી નોકરીમાં નહીં રાખવા બાબત સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસીદ્ધ થયું હતું. છતાં ત્યાર બાદ તેણે પ્લેગના તથા સેનસસના (વસ્તી ગણત્રીના) કામમાં બીન પગારી ઉત્તમ નોકરી બજાવી તે ધ્યાનમાં લઇ સરકારે તેને ફરી નોકરીમાં દાખલ કરવાનો ઠરાવ કર્યો હતો. ઠરાવ. નં. ૮૪૫ તા. ૧ લી ફેબ્રુઆરી ૧૯૦૫.

પટેલની કેળવણી કેટલી હોવી જોઈએ ?—પટેલને સાધારણ રીતે

લખતાં, વાંચતાં આવડવું જોઇએ. પોલીસ પટેલની નીમણુંક કરતી વખતે વીલેજ પોલીસ એકટ વાંચતા આવડે છે કે નહીં તે જોવું. તેને સાધારણ રીપોર્ટ લખતાં તથા હાથનું લખાણ વાંચતા આવડવું જોઇએ. આવી પરીક્ષા નીમણુંક કરતી વખતે કરી લેવાની છે. કલેક્ટરને યોગ્ય લાગેતો વાંચતા, લખતાં ન આવડતું હોય એવા સખસને પણ પોલીસ પટેલની જગ્યાએ નીમી શકે. ઠરાવ નં. ૨૭૧૮ તા. ૨-૫-૮૮

પોતાના હોદ્દાની ફરજ બજાવવામાં કોઇ ગુન્હાના તકસીરવાન ઠરી કમી થયેલા ગામ નોકરની જગ્યાએ તેના નજીકના સગા જેવા કે બાપ, દીકરા, અથવા ભાઇને નીમવા નહિ. ઠરાવ. નં. ૬૯૨ તા. ૨૮-૨-૬૦.

પોતાના ગામની હદના સરકારી ઝાડ કોઇ કાપી ગયું છે કે નહીં તે જાણવાની પટેલની ફરજ છે અને તેણે એ બાબતનો તરત રીપોર્ટ કરવો જોઇએ. એક ગામના પટેલે એવો રીપોર્ટ નહિં કરવાથી અને "ઝાડ કાપી ગયા તે મારા જાણવામાં નથી" એવો બચાવ કરેલો, તે નામંજુર કરી તેને સરકારી નોકરીમાંથી દુર કરવામાં આવ્યો હતો. ઠરાવ નં. ૧૫૮૩ તા. ૨૮-૩-૭૭

જમીન મેહેસુલ નહિં ભરવાથી ખાલસા કરેલા ખાતાની જમીન કેવી સરતે કોને આપવી એ બાબતમાં રેવન્યુ કોડ સુધારવા એક મુસદો સરકાર તરફથી તૈયાર થયો હતો. તે મુસદા વીરૂદ્ધ એક વતનદાર પટેલ તથા કુલકરણીએ (તલાટી) ગામ લોકની સભા કરી, અને મુંબઈ જઈ એવી બીજી સભામાં ભાગ લીધો. આ ઉપરથી રીપોર્ટ થયો કે સરકારી નોકરોએ રાજકીય સભામાં કંઇ પણ ભાગ લેવો નહીં, એવો હીન્દી સરકારનો ઠરાવ નં. ૧૧-૬૭૯-૮૮. તા. ૧૮-૩-૯૦ નો થયેલો, છતાં તેનું આ નોકરોએ અપમાન કર્યું માટે તેઓને સખત સજા થવી જોઇએ. ઠરાવ થયો કે સદરહુ હીન્દી સરકારનો ઠરાવ વંશપરંપરાના ગામ નોકરોને લાગુ નથી ગામ લોકોની ફરીયાદ અધીકારીઓને કાને લાવવાની એવા નોકરોની ફરજ છે. ગામ લોકો પોતાની ફરીઆદ પટેલ મારફત જાહેર કરે છે તે બરાબર છે. ઠરાવ નં. ૬૯૩૩ તા. ૨-૧૦-૧૯૦૧.

ઇનામદારને પોલીસ પટેલ નીમવાનો હક નથી. પરંતુ તેમનાં ગામ માટે એવી નીમણુંક કરવામાં આવે ત્યારે હાજર થવા દઇ બનતા સુધી તેમની ભલામણને વજન આપવામાં આવે છે. ઠરાવ નં. ૫૫૨૨ તા. ૨૯-૯-૭૫

શિક્ષા બાબત.

મતાદારોને તથા વહિવટદારોને દંડની શિક્ષા;

૩૧. ૧૧મી કલમ મુજબ કલેકટરે કરેલો કોઇ પણ હુકમ જે કોઇ પણ મતાદાર માન્ય કરવામાં ચુકે અથવા માન્ય કરવાની ના પાડે તો તેને તથા જે કોઈ પણ મતાદાર અથવા વહિવટદાર પોતાના કર્તવ્ય કર્મો કરવામાં બે ફિકર રહે અથવા ગફલત કરે તો સદહું મતાદારને અથવા વહિવટદારને એવા પ્રકારના દરેક ગુન્હા બદલ એવા મતાદારના અથવા વહિવ-દારના વાર્ષિક વેતનના ઘણામાં ઘણા ચોથા ભાગ સુધીના દંડની શિક્ષા કરવાનો કલેકટરને અધિકાર છે,

વહિવટદારોને હુદ્દા ઉપરથી સસ્પેંડ કરવાની અથવા દુર કરવાની શિક્ષા.

જો કોઈ વહિવટદારના ઉપર કાંઇ પણ ગેરવર્તણુંકનું તોહુમત આવ્યું હોય અને તેને માટે ઉપર કહી છે તેનાં કરતાં વધારે સખત શિક્ષા થવી જોઇએ એવું કલેકટરને લાગતું હોય તો સદરહું તોહુમતની તપાસ ચાલતી હોય તે દરમ્યાન તેને હુદ્દા ઉપરથી સસ્પેંડ કરવાનો કલેકટરને અધિ-કાર છે અને સંક્ષેપ તપાસ કર્યા પછી તેને એમ લાગે કે જે ગેરવર્તણુંકનો સદર્હૂ વહિવટદાર ગુન્હેગાર હોય તે બદલ તેવી શિક્ષા તેને થવી જોઇએ તો તે ઉપરાંત વળી છ મહિના કરતાં વધારે નહિ એટલી મુદત સુધી તેને હુદ્દા ઉપરથી સસ્પેંડ કરવાનો કલેકટરને અધિકાર છે, અથવા, જો દગલબાજીનો, જાણી જોઇને ખોટા દફતરો બનાવવાનો ગુન્હો અથવા કોઇ બીજી મોટી ગેરવર્તણુંક અથવા ગુન્હો તેના ઉપર સાબિત થાય, તો સરકારની અગાઉથી મંજુરી લઇને તેને હુદ્દાઉપરથી દુર કરવાનો કલેકટરને અધિકાર છે. અથવા તે વહીવટ કરતો બંધ થયો હોય તો, સરકારની મંજુરી સિવાય તે ફરીથી નોકરીમાં રાખવા સારૂ નાલાયક છે એમ ઠરાવવાનો અધિકાર છે.

કોઈ વારસવકીલ મતાદારને એ પ્રમાણે હુદ્દાઉપરથી દુર કર્યો હોય ત્યારે, જો તેમ થયું ન હોતતો સદહું વારસવકીલ મતાદારને તેની બાકીની હૈયાતી સુધી વહિવટદારની ચુંટણી કરવામાં આવે તે વખતે મત આપવાનો જે કોઈપણ હક્ક હોય તે હક્ક સરકાર ફરમાવશે તો છીનવી લેવામાં આવશે;

હુદા ઉપરથી દુર થય લા વારસવકીલ મતા દારની અયોગ્યતા.

જો કોઈપણ વારસવકીલ મતાદારને અથવા ગુમાસ્તાને આ કલમ મુજબ હુદ્દા ઉપરથી દુર કર્યો હોય તો, આવી રીતે હુદ્દાઉપરથી દુર થયેલા વારસવકીલ મતાદારનો અથવા આવી રીતે દુર થયલો ગુમાસ્તો જે વારસવકીલ મતાદારે નીમ્યો હોય તે વારસવકીલ મતાદારનો, જેમ હોય તેમ મતામાંનો હૈયાતી લગીનો હક્કસંબંધ જપ્ત કરીને, ખાલસા કરવાનું ફરમાવવાનો ગવરનર ઇન્ કૌંસિલને અધિકાર છે.

વારસવકીલ મતાદારને હુદાઉપરથી દુર કર્યો હોય ત્યારે તેને હૈયાતી લગીનો હક્ક સંબંધ જપ્ત કરી ખાલસા કરવા બાબત.

ટીકાઃ—(૧) કલમ ૧૧ મુજબ કલેકટરે કરેલો હુકમ કોઇ મતાદાર માન્ય નહીં કરે તો તેને (૨) કોઇ મતાદાર અથવા વહીવટદાર પોતાની ફરજ બજાવવામાં બેફીકર રહે અથવા ગફલત કરે તેને એવા દરેક ગુન્હા બદલ તેના વાર્ષીક મુસારાના ચોથા ભાગ સુધી દંડ કરવાનો, (૩) કોઇ વહીવટદાર ઉપર ગેરવર્તણુકનું તોહમત આવ્યું હોય અને તે વધારે સજાને પાત્ર છે એમ લાગે તો તેને ૭ મહિના સુધી સસ્પેન્ડ કરવાનો, તથા (૪) દગાબાજીનો, ખોટા દફતર બનાવવાનો અથવા બીજી મ્હોટી ગેરવર્તણુક અથવા ગુન્હો કર્યાનો તકસીરવાન ઠરે તો, સરકારની અગાઉથી મંજુરી લઇને તેને નોકરી ઉપરથી દુર કરવાનો અથવા તે વહિવટ કરતો બંધ થયો હોય તો સરકારની મંજુરી સિવાય તે ફરીથી નોકરીમાં રાખવા નાલાયક છે એમ ઠરાવવાનો કલેકટરને અધિકાર છે. (૫) હુદા ઉપરથી દુર કરેલા વારસ મતાદારની ચુંટણી વખતે મત આપવાનો હક સરકારના હુકમથી છીનવી લેવામાં આવશે. (૬) દુર કરેલા વારસ વકીલ મતાદારનો હયાતી સુધીનો હકસંબંધ જપ્ત કરી ખાલસા કરવાનો સરકારને અધિકાર છે.

વહિવટદાર ઉપર ફોજદારી કામ ચલાવવાના અધિકાર બાબત તથા તેની તપાસ ચાલતી હોય તથા તેનો ઇનસાફ થતો હોય તે દરમ્યાન તેને સસ્પેન્ડ કરવા બાબત

૩૨. જે કોઇ વહિવટદારની ઉપર કાંઇ ગુન્હો કર્યાનું તોહોમત આવ્યું હોય તો તેના ઉપર ફોજદારી કામ ચલાવવાના અધિકારને ઉપરની છેલ્લી કલમ માંહેના કોઇ પણ મજકુરથી બાધ આવે છે એમ સમજવું નહીં અને સદહું પ્રકારના ફોજદારી કામને પાત્ર થયેલા કોઇ પણ વહિવટદારની તપાસ ચાલતી હોય તથા તેનો ઈનસાફ થતો હોય તે દરમ્યાન તેને સસ્પેંડ કરવાનો કલેકટરને અધિકાર છે, અને તે પુરૂં થયા પછી ઉપરની છેલ્લી કલમ મુજબ તે કામની તજવીજ કરવાનાં કારણ સારૂ તે ફોજદારી કોર્ટે ચલાવેલું કામ તથા તેનો ઠરાવ પોતાના ધ્યાનમાં લેવાનો કલેકટરને અધિકાર છે.

ટીકાઃ—વહિવટદાર ઉપર ફોજદારી કામ ચાલતું હોય તો તે દરમ્યાન તેને સસ્પેન્ડ કરવાનો કલેકટરને અધિકાર છે. વંશપરંપરાના મુલકી કે પોલીસ પટેલને સરકારની મંજુરી શીવાય નોકરીમાંથી દુર કરી શકાતા નથી તેથી એવા પટેલો ઉપર ફોજદારી કામ ચલાવવા સેન્કશન એટલે પરવાનગી આપવાનો અધિકાર સરકારને કે કમીશનરને છે. ઠરાવ નં. ૪૭૧૦ તા. ૧૮-૮-૧૯૦૯.

સને ૧૮૮૭નો મુંબઈનો આકટ નંબર ૭.

તોડાગીરાસ હક્ક બાબતનો કાયદો પ્રસિદ્ધ કરવા તથા તે સુધારવા સંબંધીનો આકટ.

(આ આકટને હિંદુસ્થાનના ગવર્નર જનરલે મંજુરી આપી તે સન ૧૮૮૮ના એપ્રિલ મહિનાની ૨૮મી તારીખે મુંબઇના ગવર્નરે પ્રથમ છપાવી પ્રસિદ્ધ કરી હતી.)

જે અર્થે તોડાગીરાસ હક્ક બાબતનો કાયદો પ્રસિદ્ધ કરવો તથા તેને સુધારવો યોગ્ય છે, તે અર્થે નિચે પ્રમાણે ઠરાવ્યું છે:—

ટુંકું નામ.

૧. આ આક્ટને "સને ૧૮૮૭નો તોડાગીરાસ હક્કનો આક્ટ" કહેવો.

"તોડાગીરાસ હક્ક" ની વ્યાખ્યા

૨. આ આક્ટમાં "તોડાગીરાસ હક્ક" આ શબ્દોનો અર્થ, સરકાર તરફથી, અથવા દુમાલા જમીનના ધારણ કરનારે, અથવા તેના તરફથી, ગીરાસ, વોલ, તોડાગીરાસ, અથવા તોડાગીરાસ એ નામે કોઇ પણ માણુસને નિયમિત કાળે આપવાની રોકડ રકમ થાય છે એમ સમજવું.

તોડાગીરાસ હક્ક પુરૂષ વંશમા વંશપરંપરા ધારણ કરવા બાબત.

૩. હરેક તોડાગીરાસ હક્ક બ્રિટિશ રાજ્યમાં તે હક્ક પહેલ વહેલા પામનારના પુરૂષ વંશમાં સીધી લીટીના પુરૂષ વારસોને વંશપરંપરા જારી રહી શકશે;

વિશેષ ઠરાવ.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે, સદર્હુ વારસો ન હોય ત્યારે, તે હક્ક અથવા તે હક્કનો કાંઇ ભાગ ગવર્નર ઈન્ કૌંસિલે અગાઉથીજ એમ ફરમાવ્યું હશે અથવા હવે પછી તે એમ ફરમાવશે ત્યારે, બ્રિટિશ રાજ્યમાં સદર્હુ હક્ક પહેલ વહેલા પામનારના ભાઇના પુરૂષ વંશમાં સીધી લીટીના પુરૂષ વારસોને વંશપરંપરા જારી રહી શકશે.

ટીકા:—આ હક પહેલ વહેલા પામનારના પુરૂષ વંશમાં સીધી લીટીના પુરૂષ વારસો ન હોય ત્યારે, સરકાર ફરમાવે તો, એ હક પહેલ વહેલા પામનારના ભાઇના પુરૂષ વંશમાં, જારી રહી શકશે.

તોડાગીરાસ હક્ક પામનાર કોઇપણ મા·

૪. તોડાગીરાસ હક્ક અથવા તેનો કોઇપણ ભાગ, અથવા તેમાંનો કાંઇપણ હીતસંબંધ તે હક્ક પામનાર કોઇપણ માણુસે ગીરો મુકયો હોય અથવા

મુસે તે હક્ક ગીરો મુકવા વિગેરે કર્યું હશે તો તે તેની હયાતી સુધી કાયદેસરછે.

તેના ઉપર કાંઇ બોજો નાંખ્યો હોય અથવા તે બીજાને નામે કરી આપ્યો હોય તો તે વ્યવસ્થા સદહું હક્ક પામનારની કુદરતી હયાતી પછીના કોઇપણ વખતને સારૂ કાયદેસર ગણાશે નહિ.

ટીકા—તોડાગીરાસ હક પામનારની હયાતી સુધીને માટેજ ગીરો વેચાણ થઇ શકે છે. હયાતી બાદ વારસ હકદાર થાય છે. અને ગીરો વેચાણ રદ થાય છે.

હુકમનામું બજાવવામાં તોડાગીરાસ હક્કને જપ્તીથી તથા વેચાણથી બાતલ કર્યોછે તેબાબત.

૫. કોઇપણ તોડાગીરાસ હક્ક હુકમનામું બજાવવામાં જપ્તી કયા વેચાણને પાત્ર થશે નહિઃ

વિશેષ ઠરાવ.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે તોડાગીરાસ હક્ક ખાતે હુકમનામાંના દેણદારને જે કંઇપણ નાણાં લેણાં હોય અથવા લેણાં થવાનો સંભવ હોય તે તેની વિરૂદ્ધ થયેલા હુકમનામાની બજાવણીમાં જપ્ત કરી શકાશે, પરંતુ સદહું હુકમનામાંના દેણદારના મરણ પછી મજકુર હકકને ખાતે જે નાણાં લેણાં થાય તે નાણાં ઉપર સદહું જપ્તીની કંઇ અશર થશે નહિં.

ટીકાઃ—"લેણા થવાનો સંભવ હોય" કયારે સંભવ હોય એ દરેક કેસની હકીકત ઉપર આધાર રાખે છે. અમરસીંગ વિ. જેઠાલાલ, ૩૩. મુ પા. ૨૫૮;૧૦. મું. લૉ. રી. પા. ૧૨૦૧

આ પહેલાં બીજાને નામે કરી આપેલા તોડાગીરાસ હક્ક કાયમ રાખવા બાબત.

૬. (૧) આ પહેલાં જે કોઇ તોડાગીરાસ હક્ક બીજાને નામે કરી આપ્યો હશે તે હક્કને, જો નિચે પ્રમાણે કરવામાં આવ્યું હશે તો, આ આક્ટમાંનો કોઇ પણ મજકુર લાગુ પડતો નથી એટલેઃ—

(અ) જે લેખની મતલબ આ પ્રમાણે બીજાને નામે કરી આપવાની જણાતી હોય અથવા જેનો અમલ એ

પ્રમાણે કરી આપવા સરખો થતો હોય તે લેખ હસ્તાવેજો નોંધવા બાબત વિદ્યમાનકાળે જે કોઈ કાયદો અમલમાં હોય તે કાયદા પ્રમાણે, આ આક્ટ જે તારીખે અમલમાં આવે તે તારીખ પહેલાં, નોંધ્યો હોય તો; અથવા

(બ) ઉપર કહેલો લેખ નોંધાવવોજ જોઇયે એવો નહીં છતાં, તથા ઉપર કહેલા કોઇ પણ કાયદા પ્રમાણે નોંધાયેલો નહીં છતાં, આ આક્ટ જે તારીખે અમલમાં આવે તે તારીખ પહેલાં તે લખી આપ્યો હોય અને જે જીલ્હામાં સદહું હકક મળવાનો હોય તે જીલ્હાના કલેક્ટરને, સદહું તારીખ પછી છ માસમાં ગમે તે વખતે, દફતર ઉપર રાખવાની તેની એક નકલ સાથે, તપાસવા સારૂ રજુ કર્યો હોય તો; અથવા

(ક) જો આ પ્રમાણે બીજાને નામે કરી આપવાનું કામ લેખથી કરવામાં આવ્યું ન હોય તો તે બાબતનો પુરાવો ઉપર કહેલી મુદતમાં સદહું કલેકટરને રજુ કરી આપ્યો હોય છે.

(૨) કોઈપણ લેખ રકમ (બ) મુજબ કલેકટરની આગળ રજુ કરવામાં આવે ત્યારે તેણે તે પાછો આપવાની અગાઉ જે તારીખે તે રજુ કરવામાં આવ્યો હોય તે તારીખ તેના ઉપર લખીને પોતાની સહી તથા સરકારી મોહર કરવી. બીજાને નામે કરી આપ્યા બાબતનો પુરાવો રકમ (ક) પ્રમાણે કલેકટરની આગળ રજુ કરવામાં આવે ત્યારે જે માણસને નામે તે હક્ક કરી આપ્યો હોય તે માણસને નિચે લખેલો દાખલો પોતાની સહી તથા સરકારી મોહર કરીને આપવો, તે એ કે, સદહુ તોડાગીરાસ હકક આ આક્ટના ઠરાવોને પાત્ર નથી.

તોડાગીરાસ હક્ક બીજાને નામે કરી આપ્યા બાબત રકમ (બ) તથા (ક) પ્રમાણે કલેકટરને જાહેર કરવામાં આવ્યું હોય ત્યારે તેણે તે સંબંધમાં શી રીતે કામ ચલાવવું.

મુંબઇના સન ૧૮૬૩ના આકટ ૭ મા
સમરી સેટલમેન્ટ એકટ.

(આ કાયદાની ગુજરાતી નકલ વેચાતી મળતી નથી તેથી અંગ્રેજી ઉપરથી મતલબ આપી છે.)

હેતુ—અંગ્રેજ સરકારનું રાજ્ય ગુજરાતમાં દાખલ થયું તે અરસામાં અમુક જમીન (સઘળી અથવા થોડી) માફીથી આગલા રાજ્યમાં પળતી હતી અને હવે માફીમાં પાળવી જોઇએ એવા દાવા ઘણા થવા લાગ્યા, માટે તેવા દાવાનો સંક્ષિપ્ત રીતે ચોકસી કરી નીકાલ કરવાનો આ કાયદાનો હેતુ છે.

આ કાયદા મુજબની ચોકસી ઘણી ખરી પુરી થઈ, માફીમાં જમીન પાળવા સંબંધીના દાવાઓનો નિકાલ થઇ તે આધારે સનદો અપાઇ ચુકી છે. હવે આ કાયદો ઝાઝો ઉપયોગમાં આવતો નથી. સનદોમાં લખેલી સરતો મુજબ જમીન પળી જાય છે.

૧. કલમ રદ છે.

૨. (૧) જ્યારે જમીનના ધારણ કરનારાઓ જમીન માફીમાં પાળવાનો પોતાના દાવા સાબીત કરવા કરતાં અમુક સરતો કબુલ કરે તો તેમને હમેશને માટે સદરહુ જમીન સરકાર થોડી યા ઘણી માફીથી પાળવા હુકમ કરશે.

(૨) ઉપરનો ઠરાવ નીચે લખેલા પ્રકારની જમીનને લાગુ નથી.

(૧) કોલ કરારની રૂએ ધારણ કરેલી જમીન.

(૨) સરંજામ અથવા રાજકીય બાબત ધારણ કરેલી જમીન.

(૩) નોકરીને માટે ધારણ કરેલી જમીન.

(૪) જે જમીન વંશપરંપરા ઉતરતી નથી એવો ઠરાવ થયો હોય તે જમીન.

(૩) (૧) કોલ કરારની રૂએ ધારણ કરેલી જમીન કોલ કરારની સરતો મુજબ ધારણ કરવાની જારૂ રહેશે.

(૨) સરંજામ અથવા રાજકીય બાબત ધારણ કરેલી જમીન વખતો વખત સરકારને યોગ્ય લાગે તે પ્રમાણે પાછી લઇ લેવાને અથવા જારૂ રાખવાને સરકાર મુખત્યાર છે.

(૩) ચાકરીઆત જમીન સરકાર વખતો વખત જે કાનુનો કરે તે મુજબ પાછી લેવામાં આવશે, અગર જારૂ રાખવામાં આવશે.

(૪) જે જમીન વંશપરંપરા ઉતરતી નથી તેવી જમીનની બાબતમાં, ચોકસી થઇ જેવો ઠરાવ થયો હશે તે પ્રમાણે જારૂ રાખવામાં આવશે.

સરંજામ બાબત કાનુનો.

મુંબઇના સને ૧૮૬૩ના આકટ ૭ની કલમ ૨ ની રકમ ૩ (૨) આધારે સરંજામ, જાગીર તથા રાજકીય બાબતોસર આપેલી ઇનામી જમીન માટે સરકારે નીચેની મતલબની કાનુનો કરી છે:—

૧. જે ઠરાવ કરવામાં આવ્યા છે તથા હવે પછી કરવામાં આવશે તે ઠરાવને અનુસરીને એવાં ઇનામ જારૂ રાખવામાં આવશે.

૨. જે સરંજામ વંશપરંપરા વારસામાં ઉતરવાનો ઠરાવ થયો હશે તે સરંજામ સાધારણ રીતે સીધી લીટીમાં વડીલ વંશના વડીલ દીકરાને આપશે પરંતુ તે કુટુંબના બીજા આસામીઓને સરકારને જો વાજબી લાગશે તો ચાલુ રાખે. સરંજામ દત્તક દીકરાને જારૂ રાખવામાં આવે તો એક વરસનું સરંજામ નજરાણામાં સરકારને આપવું પડશે અને સરકાર ઠરાવે તે હફતા સર વસુલ કરવામાં આવશે.

૩. જે સરંજામની બાબતમાં ફક્ત બે પેઢી સુધી જારૂ રાખવાનો અને ત્રીજી પેઢીને પેનશન આપવાનો ઠરાવ થયો છે, તે સરંજામની બાબતમાં મ્હોટામાં મ્હોટો જીવતો દીકરો એક પેઢી ગણાશે, અને તેનું

સરંજામ તેને તેના બાપના મરણ બાદ સઘળું મળશે. એ બીજી પેઢી ગણાશે. દીકરો અથવા દીકરાઓ જો બાપના પહેલાં વડીલ દીકરો મુકી ગુજરી ગયાં હશે તો વડીલ વંશના વડીલ પૌત્રને બપાવાનું સરંજામ મળશે. અને તે બીજી પેઢી ગણાશે. ત્રીજી પેઢીએ પેનશન આપવામાં આવશે નહીં.

૪. ઉપરની કાનુનો મુજબ સરંજામ કોને ઉતરે છે તે બાબતના હુકમો સરકારની મંજુરી સારૂ મોકલવા જોઇએ.

૫. દરેક સરંજામ જીંદગી પર્યંતની મીલકત છે. ધારણ કરનારના મરણ બાદ રીતસર ખાલસા કરવામાં આવે છે. અને જ્યારે તે વારસામાં જારી રાખવાનું હોય તો તે સરકાર તરફથી નવાં ઇનામ તરીકે વારસને, દેણ, વેચાણ, ગીરોમાંથી મુક્ત આપવામાં આવે છે.

૫. અ. તુરતજ પાછું ઇનામ આપવા કોઇ લાયક આસામી નહીં મળી આવે તો, સરંજામ જપ્ત કરી સરકારને યોગ્ય જણાય એટલી મુદત સુધી સરકારના વહીવટ નીચે મુકાશે અને સરંજામનું મહેસુલ, વહીવટનો ખરચ બાદ કરતાં જે વધે તે મરનાર સરંજામીદારના વારસોના ભરણ પોષણ માટે સરકાર વખતોવખત ઠરાવે તેવી રીતે આપવામાં આવશે.

૬. સરંજામના પેટાભાગ પડી શકતા નથી.

૭. મરનાર સરંજામીદારની વિધવા અથવા વિધવાઓના તથા તેના ભાઈઓના તથા તેના કુટુંબનો હરકોઈ આસામી જે પોતાનું ગુજરાન ચલાવવાને અશક્ત હોય તેના ભરણ પોષણ માટે દરેક સરંજામીદાર જવાબદાર છે. જો સરંજામીદાર આ ફરજ અદા કરવામાં ચુકશે તો સરકાર યોગ્ય રકમ આપવાનો હુકમ કરશે.

૮. ઉપરની કાનુન આધારે સરકારે કરેલો દરેક હુકમ સરંજામીદારની જીંદગી પર્યંત અમલમાં રહેશે.

૯. આ કાનુનની કલમ ૭ મુજબ કરેલા સરકારના હુકમ અમલમાં નહિં લાવે તો સરંજામ આખું અથવા તેનો હિસ્સો સરકાર ખાલસા કરશે અને તેમાંથી સરંજામીદારના કુટુંબના માણસોનું ભરણ પોષણ કરવામાં આવશે.

૧૦. જયારે સરંજામ અથવા તેની ઉપજ દિવાની કોર્ટના હુકમનામાંથી બીજા કોઈના હાથમાં જાય તો સરકાર સરંજામ ખાલસા કરશે અને તે પાછું આપવાની બાબતમાં સરકારને યોગ્ય લાગે તેવો હુકમ કરશે.

૧૧. આ કાનુનો ચોથ સરંજામને પણ લાગુ પડે છે.

૧૨. રાજકીય બાબતસર આપેલું ઇનામ સનંદની સરતો મુજબ પાળવામાં આવશે. જે કુટુંબના નિર્વાહ અર્થે એવું ઇનામ આપેલું હશે તે કુટુંબ બહાર જશે તો અને સનંદમાં બીજી રીતની સરતો નહીં હશે તો, ખાલસા થવાને પાત્ર થશે.

ઠરાવ નં. ૪૬૮૪. તા. ૨૯-૬-૧૯૦૧

સરંજામ.

ઇનામ સરંજામ જાગીર એ શબ્દોના અર્થ એટલોજ કે જમીનની ઉપજના બાદશાહી હિસ્સાની માફી. જમીન માફી નહિ પણ મહેસુલની માફી. રામચંદ્ર. વિ. વંકટરાવ. ૬. મુ. ૫૯૮.

સરંજામ, એ જીંદગી પર્યંતની મિલકત છે, એ રાજ્યકીય બાબતની હોવાથી એ બીજાને આપી શકાય નહિ. સરકારની ખુશી હોય ત્યાં સુધી એવાં ઇનામ જારૂ રાખે છે.

વંસપરંપરાનું સરંજામ સીધી લીટીએ વડીલ વંશના વડીલ દીકરાને વારસામાં મળે છે.

દીવાની કોર્ટના હુકમથી એ ઇનામ સરંજામદાર શિવાય બીજા કોઇના હાથમાં જાય તો સરકાર સરંજામ ખાલસા કરી, યોગ્ય જણાય તે કુટુંબને પાછું આપવાને સરકારને અધિકાર છે. રામક્રિષ્ણરાવ. વિ. નાનારાવ. ૫. મું. લો. રી. ૫૮૩.

સરંજામના પેટા ભાગ પાડી શકાતા નથી. વહેંચણ નહિ થઈ શકે એવી એ મિલકત છે. વિધવાને તથા બાઇઓને ખોરાકી પોસાકી એમાંથી આપવી જોઈએ. ત્રીબક. વિ. બલવંત. ૭. મું. લો. રી. ૬૫૨; ૩૦. મુ. ૧૦૧.

સરંજામ તરીકે આપેલી ઇનામી જમીન સંબંધમાં સરકાર વિરૂધ્ધ કોઈપણ દાવો સીવીલ કોર્ટને સાંભળવાનો અધિકાર નથી. સરંજામ કોણ ધારણ કરી શકે, કોણ ભોગવી શકે, અને કોને વારસામાં આપી શકાય, એ સરકારે નક્કી કરવાનું છે. અને જે કેસોમાં દિવાની કોર્ટને અધિકાર હોય તે કેસોમાં, સરકારે રૂલ કરેલી હોય તે મુજબ ફેસલો કરવાનો છે. સરકારે કેવી શરતથી એવી જમીન આપી છે, અને વારસા બાબતમાં શું ઠરાવ કરેલો છે, એ બાબતો ઉપર ખાસ ધ્યાન આપવાનું છે.

ચાકરીઆત જમીન બાબત કાનુનો.

મુંબાઈના સન ૧૮૬૩ ના આકટ ૭ ની કલમ ૨ ની રકમ ૩ (૩) થી મળેલી સત્તાની રૂયે ચાકરીઆત જમીન જારૂ રાખવા તથા ખાલસા કરવાની બાબતમાં સરકારે નીચેની મતલબ ની કાનુનો કરી છે:—

૧. જે હકની રૂએ ચાકરીઆત જમીન પળતી હશે, તે હક વિશે સરકાર ફરમાવે તે અમલદાર વખતો વખત ચોકસી કરશે.

૨. શીરૂઆતમાં ચાકરીને માટે ધારણ કરેલી જમીન, અમુક ધારો આપવાની સરતે નોકરીમાંથી મુકત કરવાના બદલામાં, સન ૧૮૭૪ના ૩ જા આકટની કલમ ૧૫ આધારે પાળવાની જારૂ રાખવામાં આવી છે, અથવા હવે પછી જારૂ રાખવામાં આવશે. તે સનદમાં લખેલી સરતો મુજબ પાળવામાં આવશે.

૩. જે ચાકરીઆત જમીનના સંબંધમાં કોઇ સેટલમેન્ટ કરવામાં આવ્યું નથી, અને જે સરકારે અમુક સખસના મૃત્યુ પછી ખાલસા કરવા યોગ્ય છે એવી ઠરાવી છે, તે વખત આવેથી ખાલસા કરવી.

૪. ચાકરીયાત જમીન જેનો સમાસ કાનુન ૨ જી અને ૩ જીમાં થતો નથી તે, મુંબઇ સન ૧૮૭૪ના આકટ ૩ જાને અનુસરીને હાલના ધારણ કરનારાઓના વારસોને અથવા જો તે કાયદેસર ગીરો વેચાણ થઇ હશે તો, ગીરો વેચાણ રાખનારના વારસોને, પાળવામાં આવશે. જે ચાકરીઆત જમીનને સન ૧૮૭૪નો આકટ ૩ જો લાગુ નથી તેવી જમીનની બાબતમાં તેનો ધારણ કરનાર જો (૧) ભારે ગુન્હાનો અથવા ગેરવર્તણુકનો તકસીરવાન જણાય અથવા તેની જમીન (૨) જો કોઇ બાઇના કબજામાં ગઇ હોય, (૩) અથવા જે માણસ ખરેખર ચાકરી કરતો હોય તે સિવાય કોઇ બીજા માણસના કબજા વહીવટમાં ગઇ હોય તો કલેકટરને યોગ્ય લાગે તે જમીન (૧) ખાલશા કરે, (૨) નવી સરતોથી જારૂ રાખે, અથવા (૩) થોડી જમીન ખાલસા કરી, બાકીની યોગ્ય સરતે જારૂ રાખે.

૫. નોકરીમાંથી મુકત કર્યા બદલ જે સનંદ આપેલી છે તે સનંદ ની સરતો મુજબ ગીરો વેચાણ પાળવાનું જારી રાખવામાં આવશે. નંબર. ૨. ૩. ૪ ની કાનુનોમાં જણાવેલી ચાકરીઆત જમીનની બાબતમાં તે

જમીન જો સન ૧૮૭૪ ના આકટ ૩ ના ઠરાવ વિરૂદ્ધ ગીરો વેચાણ થઇ હોય તો, અથવા જે જમીનની બાબતમાં સદરહુ આકટ લાગુ નથી, તેવી જમીન જો સરકારની અગાઉ મંજુરી લીધા વિના ગીરો વેચાણ થઇ હશે તો, કલેકટર એવી સઘળી જમીન ખાલશા કરશે.

૬. નંબર ૪. ૫ ની કાનુનના ઠરાવોનો અમલ કરવા શારૂ કલેકટરને તેવી જમીનમાંથી ગેર વાજબી કબજેદારને સંક્ષિપ્ત રીતે કહાડી મુકવાની તથા મહેસુલ વસુલ કરવાની સત્તા છે. ઠરાવ નંબર. ૨૭૦૨ તા. ૨૩. ૪. ૧૯૦૨

લોકોપયોગી ગામનોકર સંબંધી ઇનામ બાબતની કાનુનો.

ગામોટ, ભટ, સુથાર, લુહાર, જોશી, કાઝી, કુંભાર, વાલંદ (હજામ) ધોબી વીગેરે ગામનોકર કહેવાય છે. સેટલમેન્ટ વખતે કહેલી સરત મુજબ ઇનામ પળે છે. એ સરતો સનદમાં લખેલી હોય છે. જ્યાં સુધી ગામ લોકોને નોકરીની જરૂર હોય ત્યાં સુધી એ ઇનામ એવી સરતથી પાળવામાં આવે છે કે ધારણકરનાર સરકારનો નિમકહલાલ રૈયત છે, અને જે નોકર માટે ઇનામ આપ્યું હોય તે નોકરી કર્યા કરે; ઇનામ જેના હાથમાં જાય તે ગામ લોકોની નોકરી કરવાને બંધાયલો છે, નોકરી થતી બંધ થાય તો એવી જમીનનો પુરો આકાર સરકાર લે, અને સરકારની મરજી હોય તો જમીનનો કબજો પણ લઇ લે.

જોશીની જમીન રિવાજ મુજબ બીજાને આપી શકાય છે. નરહરભટ્ટ. વિ. બારતંડ ભટ્ટ. પ્રી. જ. સન ૧૮૮૮ પા. ૩૪૭.

જોશીની વૃત્તી પણ રિવાજ મુજબ બીજાને આપી શકાય છે એટલે ગીરો વેચાણ થઇ શકે છે. મારો. વિ. અનન્ત. ૨૧. મુ. પા. ૮૨૧.

દીવાની કોર્ટના હુકમનામાની બજાવણીમાં એ ઇનામો વેચી શકાતા નથી. રામરાવ વિ. ગણેશ. ૨૩. મું. ૧૩૧.

બીજો કોઇ બહારનો જોશી ગામના જોશીનું કામ કરે તો તે ગામનો વતનદાર જોશી નુકસાની માટે દાવો કરી શકે.

જોશીની ઇનામી જમીનના બાયડીઓ વારસ થઇ શકે છે. ઉમાભટ્ટ વિ. તુલસાવા. પ્રી. જ. શન ૧૮૯૮ પા. ૧૧૮.

સરકાર ઉપયોગી વંશપરંપરાના નહિં એવા ગામનોકરોની ઇનામી જમીન બાબતના હુકમોની મતલબ નીચે મુજબછેઃ—રાવણીઆ, વરતણીઆ, રખા, વેઠીઆ એવા નોકરો, જો પોતાનો હુદ્દો વંશપરંપરા ભોગવતા

હોય, અને વતન આકટની કલમ ૪ માં કહેલી નોકરી બજાવતા હોય તો તેઓ વંશપરંપરાના નોકર કહેવાય, અને તેમની બાબતમાં વતન આકટ, સન ૧૮૭૪ નો આકટ ૩ જો લાગુ પડે. ગુજરાતમાં ઘણું કરી રાવણીઆ વીગેરેને વંશપરંપરાના નોકર ગણવામાં આવતા નથી. આવા નોકરની જમીનની બાબતમાં ઉપર જે કાનુનો આપેલી છે તે કાનુનો લાગુ પડે છે.

આવા નોકરની જમીનના વહેંચણી થઇ શકે છે. અને ખેતી સિવાય બીજા કામમાં વાપરી શકાય છે પરંતુ કલેકટરની મંજુરી વગર તે ઉપરના ઝાડ કાપી સકાતા નથી. ઠરાવ નં. ૨૫૩૫ તા. ૨૧-૪-૧૯૦૦

કોને વંશપરંપરાના નોકર ગણવા અને કોને નહિ ગણવા એ દરેક કેસના ગુણ દોષ ઉપર વિચાર કરી નક્કી કરવાનું છે.

ગામ લોકોને તેમજ સરકારને **નિરોપયોગી નોકરોની ઇનામી જમીન** બાબત નિચેની મતલબના હુકમો થયા છેઃ—

આવા નોકરો એટલે મહાજન (સોની), એલદારની જમીન, સેટલમેન્ટ મુજબ, સેટલમેન્ટ (સલામી) ભર્યા જાય તો, કાયમની, વારસામાં ઉતરે એવી, અને ગીરો વેચાણ થઇ શકે એવી ખાનગી મિલકત થઈ છે. કારણકે આવા નોકરોની હવે જરૂર રહી નથી ધારણ કરનાર જ્યાં સુધી સલામી ભરે અને વફાદાર રહે ત્યાં સુધી એ જમીન ખાલસા થઈ શકતી નથી.

જાત ઇનામ, એટલે પાછલી નોકરીના બદલામાં હાલના ધારણ કરનારને કે તેના પૂર્વજને આપેલી જમીન, મેહેસુલ માફી અથવા રોકડ હક ફક્ત મેહેરબાની દાખલ પણ જમીન મહેસુલ માફી અથવા રોકડ હક આપવામાં આવેલા હોય છે તે પણ જાત ઇનામ કેહેવાય છે. એ પ્રકારના ઇનામનું સેટલમેન્ટ થઈ ચુક્યું છે. તે સેટલમેન્ટની રૂએ આપેલી સનદની સરતો મુજબ એ ઇનામ પાળવામાં આવે છે. અંગ્રેજ સરકારને વફાદાર રહેવું એ પેહેલી અને હંમેશાં ધ્યાનમાં રાખવા જોગ સરત છે.

દેવસ્થાન ધર્માદા ઇનામ કોઇ દેવસ્થાનના સંરક્ષણ તથા પુજા માટે કહાડી આપેલી જમીન, મેહેસુલ માફી અથવા રોકડ રકમ એ દેવસ્થાન ધર્માદા ઇનામ કહેવાય છે. એવા ઇનામનું પણ સમરી સેટલમેન્ટ થયું છે; અને સનદો અપાઇ છે. સનદોની સરતો મુજબ એ ઇનામ પાળવામાં આવે

છે. ઇનામને કામમાં વાપરવું જોઇએ અને વહીવટદારે વફાદાર ઇયા સરકારને નિમકહલાલ રેહેવું જોઇએ એ મુખ્ય સરતો છે.

૩. તાલુકદારી, ભાગદારી, નરવાદારી, ખોટી, કે એવાજ સત્તા પ્રકાર ઉપર જે ગામો ધારણ કરેલાં હશે તે ગામોના ધારણ કરનારાએ માફીમાં આપેલી જમીનને આ કાયદો લાગુ નથી. આવા ગામનોવહીવટ સરકાર પોતાના હાથમાં લે ત્યારે માફીમાં આપેલી જમીન સરકારમાં દાખલ થશે, પરંતુ લોકોના બીજી રીતના હકોનું નુકસાન થવા દેવામાં નહિ આવશે.

૪–૫. કલમ રદ કરવામાં આવેલી છે.

૬. કલમ ૨ની રકમ ૧ આધારે જ્યારે સરકાર જમીનના ધારણ કરનારને તે જમીન વંશપરંપરા પાળવાને ખાત્રી આપશે ત્યારે તે જમીન વારસામાં ઉતરવાને, તબદીલ કરવાને લાયકની થશે અને એવી જમીન માટે તે જમીનના આકાર ઉપર દર રૂપીએ બે આના મુજબ સરકારમાં દર વરસે જમીન મહેસુલ (સેટલમેન્ટ) આપવું પડશે.

૭. ઉપરનું સેટલમેન્ટ સદરહુ જમીનના વખતોવખતના હકદાર માલીકે અથવા તેના વારસે ભરવું પડશે.

૮. જ્યારે કોઇ જમીનના ધારણ કરનારને કલમ ૬ મુજબ સેટલમેન્ટ આપવાને કબુલ છે કે નહીં એમ પુછવામાં આવે ત્યારે તે એમ સાબીત કરે કે હમારી જમીન સબંધી તપાસ થઇ ચુકી છે તો તે ધારણ કરનાર સેટલમેન્ટ આપવામાંથી અને વધુ તપાસ કરવામાંથી મુક્ત થાય છે.

૯. કલમ ૬ અને ૭ મીમાં કહેલું સેટલમેન્ટ કબુલ છે કે નહીં, તેની ખાત્રી કરવાને કલેકટરે અથવા ચોગ્ય રીતે અ- ધીકાર આપેલા બીજા અમલદારે, એક લેખી નોટીસ સદરહુ જમીનના ધારણ કરનાર ઉપર કાઢી, તે સદરહુ સેટલમેન્ટ કબુલ રાખવાને ખુશી છે કે, રીતસરની તપાસ કરાવવા માંગે છે તે તેને પુછવું.

૧૦. ધારણુ કરનાર તપાસ કરાવવા માંગે તો અમુક કાનુનો મુજબ તેની તપાસ થશે.

૧૧. (૧) જો કોઇ ધારણુ કરનાર કલમ ૧૦ મુજબ પોતાનો હક સાબીત કરવા માંગતો હશે તેણે તે જમીનનો વારસીક આકારનો આઠમો ભાગ સરકારની તીજોરીમાં અનામત મુકવો પડશે. અને સાત અષ્ટમાંસને માટે જામીન આપવા પડશે.

(૨) જો ધારણુ કરનાર પોતાનો દાવો સાબીત કરે તો અનામત મુકેલી રકમ ૫ ટકાના વ્યાજ સાથે પાછી આપવામાં આવશે. અને લીધેલો આકાર પણ પાછો આપવામાં આવશે.

(૩) જો ધારણુ કરનાર પોતાનો દાવો સાબીત કરવાને ચુકશે તો જમીનનો પુરો આકાર વસુલ કરવામાં આવશે અને અનામત મુકેલી રકમ મજરે આપવામાં આવશે.

૧૨. કલમ ૧૦ મુજબ માંગવામાં આવેલી સઘળી તપાસ કલેકટર, અથવા સરકારે ખાસ નીમેલા આસીસટન્ટ અથવા ડેપ્યુટી કલેકટર કરશે.

૧૩. દાવો કરનારે બે મહીનામાં કલમ ૧૧ મુજબ ડીપોઝીટ રકમ મુકવી પડશે અને જે આધારે માફીનો દાવો રાખતા હોય તે તપસીલ વાર લખી, લેખી હકીકત કલેકટરને મોકલવી, અને તેની સાથે અસલ દસ્તાવેજો હોય તો મોકલવા અને લેખી અથવા મુખજુબાની પુરાવાની એક યાદી મોકલવી.

દાવેદાર ઉપર મુજબ કરવાને ચુકશે તો તેનો દાવો રદ કરવામાં આવશે અને તેની જમીન ઉપર પુરો ધારો બેસાડવામાં આવશે.

લેખી હકીકત મળેથી, કલેકટર દાવાની ચોકસી કરવાને અમુક તારીખ ઠરાવી તેની ખબર દાવેદારને આપશે અને તેણે તે દીવસે જાતે હાજર થવું અથવા કોઇ કાયદેસર મુખત્યાર મારફત હાજર થવું.

૧૪. દાવેદાર જ્યારે ચોકસી કરવા માંગે ત્યારે પુરાવાનો સઘળો બોજો તેને શીર છે અને કોઈ પણ દીવાની કોર્ટ પુરાવાનો બોજો સરકાર અથવા તેના અમલદાર ઉપર નાંખી શકશે નહીં.

૧૫. સરકારી દફતરમાં દાવેદારના લાભમાં કાંઇ પુરાવો હોય તો, તે પુરાવો આપવાની (રજુ કરવા) સરકારી અમલદારની ફરજ છે.

૧૬. સન ૧૮૨૭ના સપટેમ્બર મહીનાની પહેલી તારીખથી એક વરસની અંદર કલેકટરની પાસે રજીસ્ટર નહીં કરાવેલી એવી કોઇ સનંદ પુરાવામાં દાખલ કરવાનો ચોકસી કરનાર અમલદાર બંધાયલો નથી.

૧૭. સમન્સ બજાવવાની બાબતમાં અને શાહેદીઓને બોલાવવાની તથા તપાસવાની બાબતમાં સીવીલ પ્રોસીજર કોડ લાગુ પડશે; અને કલેકટર અથવા ચોકસી કરનાર બીજા અમલદારની ઓફીસ એ દીવાની કોર્ટ છે એમ સમજવું.

૧૮. જીલ્લાની ભાષામાં થયેલા કામકાજનું દફતર રાખવામાં આવશે. પણ પોતાનો ફેંસલો, કારણો સહીત, તે અમલદાર અંગ્રેજીમાં લખશે. તે ફેસલાનો તરજુમો દાવેદારને આપવામાં આવશે.

ઉપરના તરજુમા શીવાય કલમ ૧૩ મુજબ આપેલી લેખી હકીકત શીવાય બધી અરજીઓ ઉપર સ્ટાંપ આકટ મુજબ દાવેદારે સ્ટાંપ આપવો પડશે.

૧૯. (૧) માફીમાં પાળવાનો ચુકાદો કલેકટર કરશે તો તે ફેસલો આખરનો ગણાશે (૨)જો તે ફેસલો દાવેદારની વીરૂધમાં થશે તો ફેસલાની તારીખથી ૯૦ દીવસની મુદતની અંદર જીલ્લા કોર્ટમાં અપીલ કરવાને દાવેદાર મુખત્યાર છે. પરંતુ એવું ઠરાવ્યું છે કે માફીમાં પળતી જમીનની વારસીક કીંમત રૂ. ૫૦ અને તેથી વધારેની હોવી જોઇએ (૩) જો અપીલ લાભમાં ચુકવાય

તો કલમ ૧૦ રકમ ૩ મુજબ વસુલ કરેલી રકમ પાછી આપવામાં આવશે.

(૪) જો અપીલમાં કંઇ નવો પુરાવો રજુ કરવામાંઆવે તો, દાવેદાર ૧૦મી કલમ મુજબ લેવાયલી રકમ જપ્ત થવાને પાત્ર થશે.

(૫) અપીલના કામકાજમાં સ્ટાંપ આકટના ઠરાવો લાગુ પડશે.

(૬) પદ્ધતીસર ચોકસી થઇ નહીં હોય, અથવા એવા ફેસલો બીજા નજીવા સાંકેતીક કારણસર ફેસલો નામંજુર થશે નહિ.

૨૦. (૧) વાદી જ્યારે સનંદની રૂએ માફીનો દાવો કરે તો તે સનદની સરતો મુજબ સદરહુ જમીન માફીમાં પાળવામાં આવશે.

(૨) આગલા રાજ્યમાં કયા કયા અમલદારોને સનદ આપવાનો, પાછી લેવાનો અધીકાર હતો તે અમલદારો નીચે મુજબ:—

પ્રાંતના સુબાઓ દીલ્હીના બાદશાહના વખતમાં—

પેશવા તેમના મુલકના સંબંધમાં

જે અમલદારોની પાસે મુતાલીકી સીલ અથવા સીકકો હતો તે

જીલ્લાઓના સરસુબાઓ—પેશવાના અમલના—

ગાયકવાડ સરકાર અને તેના મુતાલીકી સીલ અથવા સીકકો રાખનાર અમલદારો. પેશવાના તથા ગાયકવાડના અમલમાં.

સુરત તથા ભરૂચના નવાબ—પોત પોતાના મુલકમાં.

૨૧. ઘણા વરસના, પરંપરાના, વહિવટની રૂએ, જમીન મહેસુલની માફીના દાવાઓ નીચેની હકીકતમાં મંજુર રાખવામાં આવશે.

(૧) આ આકટની તારીખ પહેલાં ૬૦ વરસ સુધી જે જમીન સન ૧૮૦૩ પછી પેશવા તરફથી આવેલી

હોય તેવી માફીમાં પળતી જમીન અથવા બીજા કોઇ જીલ્લામાં ૩૦ વરસ સુધી માફીમાં મળેલી જમીન
(૨) બ્રીટીશ સરકારે દેશનો કબજો લીધો ત્યાર પછી સરકારી જમીન સરકારની પરવાનગી વગર માફીમાં પળતી હોય તેને મુદ્દતનો લાભ મળશે નહીં.

૨૨. આગલી કલમ મુજબ પરંપરાના વહિવટની રૂએ મંજુર રાખેલા હકથી પળતી જમીન, આજ સુધી જે સરતો મુજબ પળતી તે સરતો મુજબ પાળવામાં આવશે.

૨૩. નોકરીને માટે ધારણુ કરેલી જમીનના સંબંધમાં પરંપરાનો વહીવટ કલમ ૨૧ મુજબ કબુલ રાખવામાં આવશે નહીં.

૨૪. (૧) જો હાલની અથવા અગાઉની સરકારે મહેસુલ માફી રદ્દ કરી હશે તો, સનદ અથવા કલમ ૨૦ મુજબનો પરંપરા વહીવટ સંબંધીનો લેખ, માફી આપવાને માટે પુરતો પુરાવો નથી–
(૨) એવી જમીન ઉપર જો પાછલા ૧૨ વરસથી ધારો બેસાડવામાં આવેલો હોય અને તે વસુલ કરવામાં આવતો હોયતો એવો દસ્તાવેજ અથવા ભોગવટો માફી આપવાને માટે પુરતો પુરાવો નથી–
(૩) ૧૨ વરસ સુધી જેટલો ધારો લેવામાં આવ્યો હોય તે જો તેવીજ જાતની બીજી જમીન ઉપર જે ધારો લેવામાં આવતો હોય તેના કરતાં કમી હોય તો તેટલે સુધી તે માફીને પાત્ર થશે.

૨૫. જે કામમાં સીધી લીટીએ વારસો ઉતરતો હોય તેવા કામમાં આ સરકારે અથવા આગલી સરકારે કબુલ નહીં કરેલા દત્તકને મંજુર રાખવામાં આવશે નહીં.

૨૬. કલમ ૨૦થી ૨૫મી સુધીના ઠરાવો જે કેસોમાં ચોકસી માગી હોય તે દરેક કેસોમાં લાગુ પડે છે.

૨૭. આ કલમ રદ્દ થઇ છે.

૨૮. જ્યારે આ કાયદાની રૂએ સરકારે અથવા સરકારે નીમેલા અમલદારે જમીન માફીના સંબંધમાં કંઇ સેટલમેન્ટ કર્યું હશે ત્યારે તે ઉપર અપીલ સરકારને અથવા સરકાર જે અમલદાર નીમે તેને કરવી.

૨૯. આ કલમ રદ થઈ છે.

૩૦. આ આક્ટની રૂએ વસુલ કરવાનું સેટલમેન્ટ અથવા ક્વીટ રેન્ટ (સલામી) સાધારણ જમીન મહેસુલ જેવી રીતે વસુલ કરવામાં આવે છે તેવી રીતે વસુલ કરવામાં આવશે અને તે વસુલ કરવાનો સરકારનો હક સૌથી પહેલો છે.

૩૧. જ્યારે કોઇ જમીન માપવાની અથવા તે ઉપર ધારો બેસાડવાની જરૂર જણાય ત્યારે કલેકટરને અથવા યોગ્ય રીતે નીમેલા અમલદારને તે જમીન ઉપર જવાની તથા ધારો બેસાડવાની પુરતી સત્તા છે.

૩૨. "જમીન" શબ્દમાં ગામોનો, ગામોના ભાગોનો, તેઓની ઉપજના ભાગોનો, અને દરેક જાતની જમીનની મીલકતનો સમાવેશ થાય છે.

"નોકરીને માટે ધારણ કરેલી જમીન" એ શબ્દોમાં નોકરી કરવાને માટે આપેલી જમીન, પછી તે નોકરી ખરેખર થતી હોય કે નહીં થતી હોય, તથા પાછલી નોકરીના બદલામાં અને ભવિષ્યમાં નોકરી કરશે તે બદલામાં આપેલી જમીન, પણ ફક્ત પાછલી નોકરીના બદલામાં આપેલી જમીનનો સમાવેશ થતો નથી. કોઇ પણ જમીન નોકરીને માટે ધારણ કરે છે કે નહીં એવો સવાલ આ કાયદો અમલમાં લાવતાં ઉત્પન્ન થાય તો તેનો ફડચો કરવાને સરકારને સત્તા છે.

તહનામાની રૂએ એટલે કોલકરાર પ્રમાણે ધારણ કરેલી જમીન.

વતન, ઇનામ, સરંજામ, જાગીર, બીજા ઈનામ, તથા રોકડ હક સંબંધમાં દીવાની કોર્ટની હકુમત બાબત.

સીવીલ પ્રોસીજર કોડ (સન ૧૯૦૮નો આકટ ૫મો.) ની કલમ ૯માં ઠરાવ્યું છે કે જે ફરીયાદો સાંભળવાની કોર્ટોને વિશેષ રીતે અથવા ગર્ભિત રીતે મનાઇ કરી હોય તે સિવાયની બધી દીવાની ફરીયાદોનો ઈન્સાફ કરવાની હકુમત કોર્ટોને છે.

"વિશેષ રીતે મનાઇ કરેલી" એટલે ખાસ કાયદાથી મનાઈ કરેલી. એ ખાસ કાયદાઓ પૈકી રેવિન્યુ હકુમતનો આકટ સન ૧૮૭૬નો ૧૦મો તથા પેનશન આકટ સન ૧૮૭૧નો ૨૩મો, આ બે છે.

આ કાયદાથી દીવાની કોર્ટની હકુમતમાંથી વતન ઈનામ સંબંધી દાવા તથા પેનશન સંબંધી તથા જમીન મહેસુલ સંબંધી ઘણાખરા દાવા બાતલ કરવામાં આવ્યા છે તે નીચે પ્રમાણે.

સન ૧૮૭૬નો આકટ ૧૦મો (ઇંડીયા).

૪. આ આકટમાં આગળ કહેલા અપવાદ સિવાય હેઠળ લખેલી વાતો પૈકી હરકોઇ વાત બાબત કોઈપણ સિવિલ કોર્ટે હકુમત ચલાવવી નહિ.—

(અ) સન ૧૮૭૪ના મુંબઇના ત્રીજા આકટ પ્રમાણે અથવા બીજા કોઇપણ ચાલુ કાયદા પ્રમાણે નિમેલા અથવા કબુલ કરેલા કોઇ વંશપરંપરાના અમલદારના અથવા બીજા કોઈ ગામના અમલદારના અથવા નોકરના હુદ્દાની કાંઇ માલ મિલકત સંબંધી સરકાર ઉપરના દાવા, અથવા

સદરહુ પ્રકારના કોઇ અમલદારનાં અથવા નોકરનાં કર્તવ્ય કર્મો કરવા બાબત અથવા સદરહુ પ્રકારના હુદ્દા ઉપરથી અથવા નોકરી ઉપરથી દુર કર્યાથી થયલાં કાંઇ નુકશાન બાબતના દાવા, અથવા

તેજ આકટ ઉપરથી અથવા તેજ વિષય સંબંધી અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા ઉપરથી સરકારે અથવા તે બાબત જે કોઇ અમલદારને યોગ્ય રીતે અધિકાર આપ્યો હશે તે અમલદારે કરેલો કોઇ હુકમ રદ કરવા બાબત અથવા ટાળવા બાબતના દાવા.

તહુનામા ઉપરથી ધારણ કરેલી જમીન સંબંધી અથવા સરંજામ તરીકે અથવા બીજા રાજકીય સત્તા પ્રકારથી આપેલી અથવા ધારણ કરેલી જમીન સંબંધી અથવા જે જમીનો ચાકરી બદલ ધારણ કરવાની એ પ્રમાણે સરકારે અથવા આ બાબત યોગ્ય અધીકાર આપેલા હરકોઇ અમલદારે ઠરાવી હશે તે જમીન સંબંધી સરકાર ઉપરના દાવા.

* * * *

(अेफ़) સરકાર ઉપરના દાવા—

માફીથી અથવા ઓછે ધારે જમીન ધારણ કરવા બાબત, અથવા

જમીનના મેહેસુલને ખાતે ઉધારીને અથવા જમીનનાં મેહેસુલમાંથી આપવાનો અવેજ મળવા બાબત, અથવા

હરકોઈ ચાલુ કાયદાના ઠરાવ પ્રમાણે કાંઇ સેસ અથવા રેટ લેવાનો અધિકાર સરકારે આપ્યો હશે તે સેસ અથવા રેટ રદ કરવા બાબત, અથવા

સરકારની પડતર અથવા ખાલી જમીનનો ઉપભોગ કરવા બાબત;

(જી) સન ૧૮૯૫ના મુંબાઇના પેહેલા આકટ ઉપરથી અથવા બીજા કોઈ ચાલુ કાયદા ઉપરથી ઠરાવેલી હદ બાબત અથવા યોગ્ય અધિકારવાળા અમલદારે સદહું પ્રકારના કોઇ કાયદા ઉપરથી જમીનનાં હદનાં નિશાન બાબત કરેલા કોઈ હુકમ રદ કરવા બાબતના દાવા.

પણ એવું ઠરાવ્યું છે કે જમીનનું મેહેસુલ આપવાની સઘળી અથવા થોડી માફીથી જમીન ધારણ કરવા બાબત કોઇ માણસ હેઠળ લખ્યું છે તે ઉપરથી દાવો કરશે તો, એટલે—

(એચ) કોઈ માણસને અથવા માણસોના કોઇ વર્ગને અગાઉ નહીં હોય તેવી માફી જે ચાલુ આકટ ઉપરથી ખસુસ ઉત્પન્ન થતી હશે અથવા તેવી માફી સરકારી દફતરમાં દાખલ હોવાના સબબથી અથવા વરસોની મુકરર કરેલી મુદત સુધી ચાલુ હોવાના સબબથી તે માફી જે ચાલુ આકટ ઉપરથી ખસુસ મંજુર થતી હશે તે આકટ ઉપરથી, અથવા

(આઈ) સન ૧૮૬૩ના મુંબાઇના ૨ જા આકટની પેહેલી કલમની પહેલી રકમ પ્રમાણે અથવા સન ૧૮૬૩ના મુંબાઇના ૭મા આકટની બીજી કલમની પેહેલી રકમ પ્રમાણે મુંબાઈના ગવરનર ઇન કોંસિલે અથવા તેઓના હુકમ ઉપરથી આપેલા દસ્તાવેજ ઉપરથી અથવા સનદ ઉપરથી, અથવા

(જે) સદરહુ પ્રકારની માફી ઉત્પન્ન કરનારા અથવા મંજુર કરનારા બ્રિટીસ સરકારે આપેલા બીજા કોઇ દસ્તાવેજ હશે તે ઉપરથી, અથવા

(કે) જે વિશેષ મિલકત બાબત તકરાર હશે તે મિલકતને માફી છે એવો ઠરાવ, ઈનસાફની કોર્ટના જે ફેસલા ઉપરથી અથવા યોગ્ય અધિકારવાળા અમલદારે સન ૧૮૨૭ના મુંબાઇના ૧૭મા કાયદાના ૧૦મા બાબ પ્રમાણે અથવા સન ૧૮૫૨ના ૧૧મા આકટ પ્રમાણે યોગ્ય રીતે કરેલા જે નીવાડા ઉપરથી થતો હશે તે ફેસલા ઉપરથી અથવા નીવાડા ઉપરથી દાવો કરશે તો,

સદરહુ પ્રકારના દાવાનો ઈન્સાફ કરવાનો અધિકાર સિવિલ કોર્ટને છે.

૬. રેવીન્યુ અમલદારોએ, રેવીન્યુ અમલદાર તરીકે કોઇ પણ ચાલુ કાયદાના ઠરાવ પ્રમાણે કંઇ કૃત્ય ખરાં ઇમાનથી કર્યું હશે અથવા કરવાનો હુકમ કર્યો હશે તે બાબતના નુકશાન સારૂ કોઇપણ સિવિલ કોર્ટમાં તેઓની ઉપર ફરિયાદ થવાને પાત્ર નથી.

૧૧. રેવીન્યુ અમલદારનાં કાંઇપણ કૃત્ય બાબત અથવા તેણે કરવું જોઇએ તે ન કરવા બાબત સરકાર ઉપરની કંઇપણ ફરીયાદ વાદીએ હેઠળ લખ્યા પ્રમાણે પ્રથમ સાબીત કર્યા વગર કોઇપણ સિવિલ કોર્ટે લેવી નહિ. એટલે ચાલુ કાયદા ઉપરથી જે અપીલો ચાલે છે તે અપીલો સદરહુ પ્રકારની ફરિયાદ કરવા સારૂ જે મુદત આપી છે. તે મુદતમાં કરી શકાય તેટલી સઘળી મેં ફરિયાદ કરવાની અગાઉ કરી એવું વાદીએ પ્રથમ સાબેત કર્યા વગર લેવી નહિ.

સન ૧૮૭૧નો આકટ ૨૩મો (ઈ)
પેનશન આકટ.

વતન ઇનામ સાથે નીકટનો સંબંધ રાખતો હોવાથી આ આકટની ઉપયોગી કલમો નીચે આપી છે.

(આ આકટની ગુજરાતી નકલ સરકારમાંથી વેચાતી નહિ મલવાથી અંગ્રેજી આકટ ઉપરથી ઉપયોગી કલમોનો મતલબ આપી છે.)

૩ "જમીન મહેસુલની માફી અથવા રોકડ હક" એ શબ્દોમાં સરકારમાંથી આપવા જોગ કાંઇ હક, છુટ, દસ્તુરી, અથવા હુદાનો સમાસ થાય છે.

ટીકાઃ—૧ "જમીન મહેસુલની માફી" એટલે જમીન ઇનામ તરીકે આપેલી નહીં, પણ ઇનામ દાખલ જમીન મહેસુલની માફી. જમીનનું માલકી પણું ઇનામ તરીકે આપેલું હોય તો તેવા ઇનામનો એ શબ્દોમાં સમાસ થતો નથી. ૨૪૭. વિ. દાદાજી. ૧–મુ–૫૨૩.

(૨) વતનદારોને મહેનતાણાના બદલામાં આપેલી જમીનને આ આકટ લાગુ નથી. વતનદારોને જે દરેક જાતનો રોકડ હક આપવામાં આવે છે તેને લાગુ છે. ઠરાવ નં. ૩૦૪૫ તા. ૧૬–૬–૭૪

(૩) વાદીએ દેવસ્થાનનો રોકડ હક વસુલ કરવા, ટ્રસ્ટી તરીકે પ્રતીવાદી જે તે દેવસ્થાનવાળા ગામનો ઇનામદાર હતો તેના ઉપર દાવો કર્યો. વાદીનું

કહેવું એવું હતું કે સદરહુ રોકડ હક આપવાની સરતે ઇનામદાર સદરહુ ગામની ઉપજ ખાય છે. ઠરાવ થયો કે "રોકડ ઈનામ" એ શબ્દોમાં એ હકનો સમાસ થાય છે. અને કલમ ૪ અનવયે કલેકટરના સરટીફીકેટ વગર દાવો ચાલી શકે નહીં. ખાનગી સખસો વચ્ચેના દાવાને આ કલમ બાતલ કરતી નથી. વ્યંકાજી વિ૦ સરજરાવ. ૧૬. મું. ૫૩૭. ૭ મદ્રાસ ૧૯૫.

(૪) ટોડા ગીરાસ હકનો પેનશન આકટમાં સમાસ થાય છે. તેથી એ સંબંધમાં દાવો કરવો હોય તો કલમ ૬ મુજબ કલેકટરના સરટીફીકેટ ની જરૂર છે. પરભુદાસ વિ૦ મોતીરામ ૧. મું. ૨૦૩.

૪. કલેકટરનું સરટીફીકેટ રજુ કર્યા શીવાય, કોઇપણ દીવાની કોર્ટે પેનશન બાબત, રોકડ હક બાબત, અથવા જમીન મહેસુલની માફી બાબતનો કોઇપણ દાવો સાંભળવો નહીં.

ટીકાઃ—(૧) ચાકરીયાત જમીનની વહેંચણી માટેના દાવાને આ આકટ લાગુ પડતો નથી. તેમજ કાજી અને જોશીની વતનની જમીનના કબજા માટેના દાવાને પણ લાગુ પડતો નથી.

(૨) દીવાની કોર્ટના હુકમનામાની બજાવણીના કામ સારૂ આ આકટ મુજબ સરટીફીકેટની જરૂર નથી.

(૩) "દાવો" એ શબ્દોમાં "બજાવણી" નો સમાસ થતો નથી. વજયરામ વિ૦ રણછોડજી. ૧૬ મુ. ૭૩૧ તથા ૭ મુ. લો. રી. ૬૫૯.

(૪) જ્યારે સરકારે ફક્ત ધારાની માફીથી નહીં પણ જમીન ઇનામ તરીકે બક્ષીશ આપી હોય ત્યારે તેવી જમીનનો કબજો લેવાના કે હક ઠરાવવાના દાવા કરવામાં આ આકટ લાગુ પડતો નથી. બાબાજી. વિ. રાજારામ. ૧. મું. ૭૫. બલવંત વિ. સેક્રેટરી ઓફ સ્ટેટ ૨૯. મુ. ૪૮૦; ૭. મું. લો. રી. ૪૯૭.

(૫) અમુક રોકડ હકમાંથી એક બાઈને ખોરાકીની રકમ આપવાનો કરાર થયો હતો. તે કરારની રૂએ તે બાઇએ સરટીફીકેટ વગર ખોરાકી મેળવવા દીવાની કોર્ટમાં દાવો કર્યો. હાઇકોર્ટે ઠરાવ્યું કે સરટીફીકેટ વગર દીવાની કોર્ટ આવા દાવા સાંભળી શકે નહીં. દામોદર વિ૦ સત્યભામાબાઇ ૩૧ મુ. ૫૧૨. ૯ મુ. લો. રી. ૮૮૯.

(૬) લના બાપે પોતાનો દેશાઇગીરી હક વ નામના શખ્સને ત્યાં ગીરો મુકયો. વએ ગીરોનું દેણુ વસુલ કરવાને કલેકટરના સરટીફીકેટ વગર

દાવો કર્યો તે દીવાની કોર્ટે સાંભળી વના લાભમાં હુકમનામું કર્યું. બજાવણીમાં ગીરો મુકેલો દેશાઇગીરી હક વેચવામાં આવ્યો તે વએ પોતેજ ખરીદ કર્યો. લ આ દાવા વખતે સગીર હતો. એ હકનો હું જીંદગી પર્યન્તનો માલીક છું એવું ઠરાવવાને લએ પાછળથી દાવો કર્યો. હાઇકોર્ટથી ઠરાવવામાં આવ્યું કે આગલો દાવો દીવાની કોર્ટે અધીકાર વગર સાંભળ્યો હતો તોપણ કેટલાક કારણસર સદરહુ વેચાણ કાયદેસર ઠરાવી, વ નહીં પણ લ એ હકનો હકદાર છે એમ ઠરાવવાનો દાવો લ એ કર્યો તે વાજબી છે. વશનજી વિ. લલ્લુ ૯. મુ. ૨૮૫.

(૭) એક દરગાની પુંજા બદલ સરકારમાંથી મળતા રોકડ હકની બાબતમાં હકદારો વચ્ચે તકરાર પડતાં દાવો કરવામાં સરટીફીકેટની જરૂર છે. આ આકટ ધર્માદા, રોકડ હકને, તેમજ જાત ઇનામ રોકડ હકને લાગુ પડે છે. મીયાં વલ્લી વી. સૈયદબાવા ૨૨. મુ. ૪૯૬.

૫. આવા પેનશન અથવા ઇનામ અથવા રોકડ હક સંબંધમાં જે કોઇ સખસને દાવો કરવો હોય તેણે કલેકટરને દાવો કરવો. સરકારના સામાન્ય નીર્બંધ હેઠળ કમીશનરે કરેલી કાનુનોને અનુસરીને કલેકટરે તેવા દાવાનો નીકાલ કરવો.

૬. કલેકટરનું સર્ટીફીકેટ મળેથી હકુમતવાળી દીવાની કોર્ટે એવા દાવા સાંભળવા; પરંતુ પેનશન ઇયા રોકડ હક્ક આપવાની સરકારની જવાબદારીને, સીધી અથવા આડકતરી રીતે, અસર થાય એવો હુકમ અથવા હુકમનામું કરવું નહીં.

ટીકા:—(૧) દાવો ચાલતાં દરમ્યાન પણ સર્ટીફીકેટ રજુ કરી શકાય. જીજાજી વિ. બાળકૃષ્ણ, ૧૭. મું. ૧૬૯.

(૨) રોકડ હકમાં અમુક હિસ્સાનો હું હકદાર છું એવું ઠરાવી આપવાના દાવા માટે કલેકટર સર્ટીફીકેટ આપવાને મુખત્યાર છે. દરેક વર્ષના હક્કને માટે જુદા જુદા સર્ટીફીકેટની પછી જરૂર રહેતી નથી. કૃષ્ણાજી વિ. અનંત, ૫. મું. લો. રી. પા. ૯૫૦. ૨૮. મું. ૨૪૧. ઠરાવ નં૦ ૩૪૧૧. તા૦ ૧૫–૪–૧૦

(૩) હકદાર ગુજરી જાય ત્યારે પેનશન રજીસ્ટરમાં કોનું નામ દાખલ કરવું એ સંબંધી વારસોમાં તકરાર હોય તો ખરો વારસ કોણ છે તે સાબીત કરી લાવવા કલેકટરે સર્ટીફીકેટ આપવું. ઠરાવ નં૦ ૪૯૭૩. તા૦ ૨–૬–૧૯૦૦.

(૪) પેનશન એ વહેંચણી થઇ શકે એવી મીલકત છે. માટે પેટા ભાગદારોને પોતાનો હિસ્સો સાબીત કરવા અથવા ચડેલા હકમાંથી પોતાનો હિસ્સો મળવા દાવો કરવા સર્ટીફીકેટ આપવું જોઈએ. સર્ટીફીકેટ નહિં આપવામાં આવે તો એ હક્ક નહિ વેચાય એવો થઇ જાય. પેટા ભાગદાર દીવાની કોર્ટનું હુકમનામુ મુખ્ય ભાગદારની હરકોઇ મીલકત ઉપર બજાવી શકે ઠરાવ નં૦ ૮૯૧૮. તા૦ ૬-૯-૧૯૦૫.

(૫) વિભક્ત કુટુંબના કાકા ભત્રીજાની વચ્ચે દેવસ્થાનના રોકડ હક્ક બદલ તકરાર થઇ. કાકાએ દાવો કરવા સર્ટીફીકેટ માંગ્યું. સરકારે ઠરાવ કીધો કે, સર્ટીફીકેટ નહિ આપવું. (આવો હુકમ કેમ થયો તે સમજવામાં આવતું નથી) ઠરાવ નં૦ ૬૭૩૩. તા૦ ૨૮-૬-૧૦.

(૬) કલેકટરે આપેલું સર્ટીફીકેટ કમીશનરથી રદ થઇ શકતું નથી કે પાછું લઇ શકાતું નથી. ભીમભદ્ર વિ. ભિકમભદ્ર ૧ મું. લો. રી. પા. ૧૮૪. તથા ૨૩ મું. ૬૭૬.

૯. ગણોતીઆ પાસેથી, ચાલુ કાયદાને અનુસરી જમીન મહેસુલ વસુલ કરવાને, જમીન મહેસુલ માફીવાળા ઇનામદારને કલમ ૪ ના ઠરાવથી બાધ આવતો નથી.

ટીકા:—મહેસુલ માફીવાળા ઇનામી ગામના ખાતેદારો પાસેથી ગણોતની બાકી વસુલ કરવા ઇનામદાર દાવો કરે તો સર્ટીફીકેટની જરૂર નથી. અન્તાજી વિ. કાશીનાથ. ૬ મું. લો. રી. પા. ૪૨૩.

૧૧. રાજકિય બાબત અથવા પાછલી નોકરી બદલ અથવા અશક્તિને લીધે આપેલું પેનશન, અથવા દયા ખાતર આપેલું પેનશન, અને એવા પેનશન બદલ લહેણી થયેલી રકમ અથવા લહેણી થવાની રકમ સાહુકારની દરખાસ્ત ઉપરથી કોઇપણ દીવાની કોર્ટના હુકમનામા પેટે બજાવણીમાં જપ્તીને પાત્ર નથી.

ટીકા:—(૧) આ કલમની રૂએ પેનશન એ શબ્દમાં ટોડાગીરાસ હક્કનો સમાસ થતો નથી. સેક્રેટરી ઑફ સ્ટેટ. વિ. ખેમચંદ જેચંદ ૪. મું. ૪૩૨.

(૨) દેસાઇગીરી હક્કનો પણ પેનશન એ શબ્દમાં સમાસ થતો નથી. વજેરામ. વિ. રણછોડજી. ૧૬. મું. ૭૩૧.

ઉપરના બેઉ હક્કની દેવી થયેલી રકમ દીવાની કોર્ટથી જપ્તીમાં લઇ શકાય છે. પણ જુઓ ટોડાગીરાસ એકટ સને ૧૮૮૭નો ૭ મો કલમ ૫.

પેનશન આકટ મુજબ સરકારે કરેલી કેટલીક ઉપયોગી કાનુનોની મતલબ નીચે મુજબ છે:—

૪. પેનશન તથા રોકડ હક્ક બદલના દાવાનો નીકાલ કરવાનો પ્રથમ અધિકાર કલેકટરનો છે. પણ જ્યારે કોઇ અરજદાર કલમ ૬ મુજબ સર્ટીફીકેટ મલવા અરજી કરે, અને એવી અરજી માટે (૧) સંતોષકારક કારણો બતાવે તો અથવા (૨) પક્ષકારો વચ્ચે જે મુદ્દાનો સવાલ હોય તે અઘરો અથવા ગુંચવાડા ભરેલો દેખાય તો, અથવા (૩) દાવો એવો હોય કે તે જો કબુલ રાખવામાં આવે તો ફક્ત દીવાની કોર્ટથીજ તેનો ઈનસાફ થઇ શકે તો કલેકટરે સર્ટીફીકેટ આપવું.

૮. પહેલી મે થી શરૂ થઈ તા૦ ૩૦મી એપ્રેલે પુરાં થતાં વર્ષને માટે એકી રકમે એવા દેવા થયલા રોકડ હક મે મહીનામાં આપી દેવા. મહીને મહીને એવા હક લેવા હોય તો કલેકટરને અરજી કરવી.

૯. હકદાર પોતાનો હક લેવા અરજી ન કરે, વખતસર લેવા હાજર ન થાય, અને તે હકની રકમ બાકીમાં ચાલે તો તેમાંથી નીચે મુજબ કપાત થાય છે:—

ચાલુ વર્ષનો હક—પૂરો આપવામાં આવશે.
એક આગલા વર્ષનો હક—પૂરો આપવામાં આવશે.
બીજા વર્ષનો દેવો રહેલો હક—દશ ટકા કપાતથી આપવામાં આવશે.
ત્રીજા વર્ષનો બાકી રહેલો હક—૨૦ ટકા „ „
ચોથા „ „ —૩૦ ટકા „ „
પાંચમા „ „ —૪૦ ટકા „ „

શ. પાંચની અંદરના ગામના દેવસ્થાન સંબંધના હકોમાંથી એવી કપાત કરવાની નથી.

૧૦. ગુજરી ગયલા સખસને દેવો થયલો, અથવા ચહેલા હકની રકમ, તે કયારે ગુજરી ગયો તે તારીખની ખાત્રી કરી, તથા તેનો કાયદેસર વારસ અરજદાર છે કે નહીં તેની ખાત્રી કરી, આપવાનો હુકમ કરવો.

૧૧. ૭ વર્ષ સુધી પેનશન અથવા રોકડ હક લેવામાં ન આવે તો તે ખાલસા થાય છે પરંતુ જો તે વંશપરંપરાનું અને કાયમનું હોય તો બાર વર્ષની અંદર દાવો કરેથી ફરી નવેસરથી આપવાનો હુકમ થશે પરંતુ ચહેલો હક આપવામાં આવશે નહીં.

૧૫. પેનશન અથવા રોકડ હક જેનું નામ દફતરમાં નોંધાયલું હશે તેને અથવા તેના મુખત્યારને અથવા પામનાર જો સગીર હોયતો, વહીવટ

કરનારને આપવામાં આવશે. પામનાર જાતે હાજર ન થાય ત્યારે અથવા તે સગીર હોય ત્યારે, કોઈ મેજીસ્ટ્રેટની અથવા આબરૂદાર માણસની સહીનું હૈયાતી સર્ટીફીકેટ રજુ કરવું જોઇશે.

૧૬. જે પેનશન અથવા રોકડ હક સરકારે ગીરો વેચાણ થઇ શકે એવો ઠરાવેલો છે, તેવા હકોની બાબતમાં વખતોવખત કાયદેસર ધારણ કરનારનું નામ પામનાર તરીકે દાખલ કરવામાં આવશે. એવા હક જો એક કે અમુક પેઢી સુધી અમુક કુટુંબમાં ચાલવાના હોય ત્યારે તે અસલ પેનશનર અથવા પામનારની હૈયાતીનું સર્ટીફીકેટ રજુ કરવું જોઇશે.

૧૭. પામનારના નામમાં ફેરફાર કરવા બાબતની અરજીઓ કલેકટરને કરવી અને તે તેનો નીકાલ કરશે. જે હક વેચાણ ગીરો થાય એવા સરકારે ઠરાવેલા છે તેવા હક વેચાણ ગીરો થાય ત્યારે ચાલુ પામનારની લેખી કબુલત લઇને નામમાં ફેરફાર કરવો. પામનાર ગુજરી ગયો હોય તો વારસાના સર્ટીફીકેટ ઉપરથી પણ ફેરફાર કરવામાં આવશે.

આ આકટની ૬ઠી કલમ આધારે કલેકટરે કરેલા ફેસલા મુજબ પણ નામની ફેરફારી થઈ શકશે.

૧૮. પામનાર તરીકે, ફકત એકજ માણસનું નામ દાખલ કરવામાં આવશે. બે સખસને નામે એવો હક ગીરો-વેચાણ થયો હોય તો તેઓએ એકને પસંદ કરી તેનું નામ નોંધાવવું. તેમ ન કરે તો કલેકટર પોતાને યોગ્ય લાગે તેનું નામ દાખલ કરશે. જ્યારે એકત્ર વારસો હોય ત્યારે વડીલ વંશના વડીલ મરદનું નામ દાખલ કરવામાં આવશે.

૧૯. રજીસ્ટરમાં પેટા ભાગદારના નામની નવી નોંધ હવે પછી કરવામાં નહિં આવશે.

પરંતુ લેખી અરજી ઉપરથી પેનશન તથા રોકડ હક આપતી વખતે, સહ ભાગદાર તથા પેટા ભાગદારને, હિસ્સે આવતી રકમ જુદી જુદી આપવા, ત્રીજોરી ઑફીસરને હુકમ કરવાને કલેકટર મુખત્યાર છે.

૨૦. કોઇ પેનશન અથવા રોકડ હકના બે અથવા વધારે સખસ એકત્ર પામનાર હોય અને તેઓમાં અણુબનાવ હોવાથી અથવા બીજા કારણસર તેઓની એકત્ર રસીદ લઈ શકાય એમ ન હોય તો, જે સખસ રસીદ આપવાને તૈયાર હોય તેને આપવાનો હુકમ કરવાને કલેકટર મુખત્યાર છે.

૨૧. પામનાર સહ ભાગદારોને તથા પેટા ભાગદારોને લીધેલા પેનશન અથવા હકની રકમ વહેંચી આપવાને જોખમદાર છે.

સન ૧૮૬૨નો ૫મો (મું) તથા સન ૧૯૧૦ નો ૨ જો (મું)

ભાગદારી તથા નરવાનો વહિવટ કાયમ રાખવા બાબતનો આકટ.

(સન ૧૮૬૨ના ૫મા આકટની ગુજરાતી નકલ વેચાતી નહિં મળી શકવાથી અંગ્રેજી ઉપરથી મતલબ પુરેપુરી આપી છે.)

હેતુ—ભાગદારી કે નર્વાદારી ગામોમાં, ભાગના કે મંજુર કરેલા પેટા ભાગના વધુ ટુકડા થતા અટકાવવા, તથા ભાગને લગતા ગભાણ, ઘર, તથા જગા, ભાગથી કે મંજુર કરેલા પેટા ભાગથી જુદા થઇ જતા અટકાવવા, અને જે જે બાબતોમાં ભાગદારી તથા નર્વાનો વહીવટ બંધ પડયો હોય તે તે બાબતોમાં તે પાછો દાખલ કરવાનો આ કાયદાનો હેતુ છે. આવા ભાગદારી તથા નર્વાદારી ગામો, ભરૂચ, ખેડા, સુરત, અમદાવાદ જીલ્લામાં જોવામાં આવે છે.

૧—ભાગદારી કે નર્વાદારી ગામમાં ભાગનો કે મંજુર કરેલા પેટા ભાગનો હિસ્સો, દીવાની કોર્ટના હુકમથી જપ્ત થવાને કે વેચવાને પાત્ર થતો નથી, ભાગના કે મંજુર કરેલા પેટા ભાગના અંગની, ઘરની જમીન ગભાણ, વાડાની કે આંગણાની જમીન, ભાગથી કે મંજુર કરેલા પેટા ભાગથી જુદી પડી જાય એવી રીતે, જપ્ત કરવાનો કે વેચવાનો દીવાની કોર્ટને અધીકાર નથી.

ટીકાઃ—(૧) ભાગદારી અને નર્વાદારી ગામોમાં ભાગદાર કે નરવાદારોએ પોતાના ગામમાંની કે ભાગમાંની આપેલી ઇનામી જમીનને સમરી સેટલમેન્ટ ઍક્ટ લાગુ નથી. આવા ગામનો વહીવટ સરકાર પોતાના હાથમાં લે ત્યારે મારીમાં આપેલી જમીન સરકારમાં દાખલ થશે. પરંતુ લોકોના બીજી રીતના હકોનું નુકસાન થવા દેવામાં આવશે નહિં. (સને ૧૮૬૩નો આક્ટ ૭ની કલમ ૩.)

(૨) હુકમનામું કરવાને દીવાની કોર્ટને બાધ નથી. પરંતુ હુકમનામાની બજાવણીમાં આ કાયદાની આ કલમથી બાધ આવે છે.

૨—જો દીવાની કોર્ટ આવો બજાવણીનો હુકમ કરે તો કલેકટરે આવો હુકમ રદ કરવાને તે કોર્ટને દરખાસ કરવી, કલેકટરે જે પુરાવો રજુ કર્યો હોય તે ઉપરથી કોર્ટને એમ ખાત્રી થાય કે, આ કાયદા મુજબનું તે કામ છે, તો કોર્ટે પોતાનો હુકમ રદ કરવો.

ટીકા:—નરવાદારોમાં નરવાદારી જમીનની વહેંચણી કરવાનું હુકમનામું કરવાને દીવાની કોર્ટને બાધ નથી. વેરીભાઈ. વિ. રઘાભાઈ. ઇ. લો. રી. ૧. મું. ૨૨૫.

સીવીલ કોર્ટની બજાવણીની દરખાસ રદ કરાવવી એ કલેકટરની ફરજ છે, ભરૂચના કલેકટર. વિ. દેશાઈ રઘનાથ. ઇ. લો. રી. ૭. મુ. ૫૪૬.

૩—ભાગદાર કે નર્વાદારી ગામોનો ભાગ કે મંજુર થયેલા પેટા ભાગ સિવાયનો હિસ્સો બીજાને કરી આપવાની, વેચવાની, ઘરેણે મુકવાની અથવા બોજા તળે મુકવાની મનાઇ કરવામાં આવી છે. તેમજ ભાગના અંગની અથવા મંજુર કરેલા ભાગના અંગની ઘરથારની જમીન, અથવા ગભાણ, અથવા ઘર, કે જગા, તે ભાગથી કે પેટા ભાગથી જુદા પાડી બીજાને કરી આપવાની, વેચવાની ઘરેણે મુકવાની કે બોજા તળે મુકવાની મનાઇ છે; તેમ છતાં કોઇ ભાગની જમીન કોઇ બીજા માણસના કબજામાં ગયેલી જણાશે તો કલેકટર સંક્ષીપ્ત ચોકસી કરી તેના કબજામાંથી લઈ યોગ્ય ભાગદારના કબજામાં આપશે.

ટીકા:—(૧) આ કલમ ખાનગી રીતના ગેરકાયદે કોર્ટ બહારના વેચાણ વીગેરેને લાગુ છે.

(૨) "ભાગ" એટલે ગમે તેવો ટુકડો નહિ પરંતુ આખા ગામ ઉપર કરેલી કુલ્લ જમીન મહેસુલનો નિશેશ ભાજક હિસ્સો આપવાને પાત્ર એવો એક નિશેશ ભાજક ગામનો હિસ્સો. આ આકટ અમલમાં આવતાં પહેલાં, કેટલાક સહભાગીદારોએ એક ભાગની વહેંચણી કરી લીધી. તેથી દરેક હિસ્સો જુદો "ભાગ" થતો નથી કે તેનો માલીક આ આકટ અમલમાં આવ્યા પછી તે હિસ્સો બીજાને આપી શકે. ગુલાબ નરોતમ વિ. સેક્રેટરી ઑફ સ્ટેટ. ઈ. લો. ૫. મું. ૫૯૬.

(૩) આ આકટ અમલમાં આવતાં પહેલાં ભાગનો કંઈ હિસ્સો વેચાણ થયો હોય તો ભાગદારને હસ્તક જે ટુકડો રહ્યો હોય તે આખો

ભાગ સમજવો અને તેનાથી જુદા પડેલા હિસ્સાને નવો ભાગ સમજવો. ભાઇશંકર. વિ. કલેકટર ખેડા. ૭. લો. રી. ૫. મું. ૭૭.

(૪) અસલ આખો ભાગ બીજાને કરી આપવાને આ કાયદાથી બાધ નથી. પરંતુ ભાગના કંઇ હિસ્સો ભાગદાર સિવાય બીજાને આપવો એ નિર્થક છે. પરસોતમ. વિ. હીરા ઇ. લો. રી. ૧૫. મું. ૧૭૨.

(૫) સન ૧૮૭૬ માં એક ભાગનો નહિ મંજુર થયેલો ચોથો હિસ્સો દીવાની કોર્ટના હુકમનામાની રૂએ વેચાણ થયો. વેચાણ કોર્ટે બહાલ રાખ્યું, અને ખરીદનારને કબજો મળ્યો. આ વેચાણ ગેરકાયદે છે, એમ કહી તે રદ કરવાને કોર્ટને કલેકટરે સન ૧૮૮૦ માં અરજ કરી. ઠરાવ થયો કે આ કાયદાની કલમ ૨ આધારે વેચાણ રદ કરવું અને ખરીદદાર પાસેથી કબજો પાછો લેવો. કલેકટર, ભરૂચ. વિ. રાજારામ. ૪. લો. રી. ૭. મું. ૫૪૨. કલેકટર ભરૂચ. વિ. દેશાઇ રઘનાથ. ૪. લો. રી. ૭. મું. ૫૪૬.

૪. ભાગના કે મંજુર થયેલા પેટા ભાગના અંગના ગભાણ તથા બીજી જગા સુધાંત સામે કંઇ ઇલાજ લેવાને, આ કાયદા નો બાધ નથી.

૫. ભાગના કે મંજુર થયેલા પેટા ભાગના અંગના ગભાણ, ઘર, જગા, એ બધું એકંદર બીજાને કરી આપવાને કે ગીરો મુકવાને આ કાયદાથી બાધ નથી.

૬. (૧) જ્યારે ભાગદારી અથવા નરવાના વહિવટ પ્રમાણે ધારણ કરેલી કોઇપણ જમીન, સન ૧૯૧૦નો ભાગદારી તથા નરવાના વહિવટ બાબતનો આકટ શરૂ થતાં પહેલાં અથવા શરૂ થયા પછી, તે વહિવટ પ્રમાણે ધારણ કરવામાં આવતી બંધ પડી હોય ત્યારે, તે જમીન, અમુક દર્શાવેલી તારીખથી પાછી ભાગદારી અથવા નરવાના વહિવટ મુજબ ધારણ કરવી એવું જાહેર કરવાનો ગવર્નર ઇન્ કૌંસિલને અધિકાર છે, અને એવું જાહેર કરવામાં આવે ત્યારે, આ આકટના ઠરાવો એવી જાહેર ખબરમાં જણાવેલી તારીખથી સદરહુ જમીનને લાગુ પડશે.

પણ એવું ઠરાવ્યું છે કે જ્યારે કોઇપણ જમીનના સંબંધમાં આ કલમની રૂયે જાહેર ખબર કાઢવામાં આવી હોય ત્યારે, કલમો

૧, ૨ અથવા ૩ ના ઠરાવો, સદરહુ જમીન જે મુદ્દત સુધી ભાગદારી અથવા નરવાના વહિવટ પ્રમાણે ધારણ કરવામાં આવી ન હોય તે મુદ્દતની અંદર તે જમીન બીજાને કરી આપી હોય, અથવા ખત લખી આપીને સોંપી હોય, અથવા ધરેણે મુકી હોય અથવા તે ઉપર કરજ લાગુ કર્યું હોય અથવા તેને જોખમમાં નાખી હોય તેના સંબંધમાં લાગુ પડશે નહીં.

(૨) પેટા કલમ (૧) માં જણાવેલી જાહેર ખબર મુંબઇ સરકારી ગેઝેટમાં જાહેરનામું છાપીને આપવી જોઇયે તથા અમુક નિર્દિષ્ટ કરેલી તારીખે તેવી જાહેર ખબર આપવાના સરકારના ઇરાદાની નોટીસ તે જાહેર ખબર પ્રસિદ્ધ કરવામાં આવે તેની નિદાન બે મહિના અગાઉ મુંબઇ સરકારી ગેઝેટમાં તથા તે જમીન જે ગામમાં આવેલી હોય તે ગામમાં પ્રસિદ્ધ કરવી જોઇયે, અને હિત ધરાવનારા કોઇપણ શખસો કાંઇપણ સુચના તથા હરકત એવી રીતે નિર્દિષ્ટ કરેલી તારીખથી ઓછામાં ઓછા એક અઠવાડીયા અગાઉ સરકારને રજુ કરશે તો તે ઉપર સરકાર યોગ્ય વિચાર કરશે.

ટીકા:—આ કલમ મુંબઇના સન ૧૯૧૦ના આકટ (૨)થી દાખલ થઇ છે.

સને ૧૮૮૮નો મુંબઇનો આકટ નંબર ૬ઠો.

(સને ૧૯૦૫ના ૨ જા તથા સને ૧૯૧૦ના ૧ લાથી સુધાર્યા મુજબ.)

અમદાવાદ, ખેડા, ભરૂચ તથા પંચમહાલ જિલ્હાઓમાંના કેટલાક વરિષ્ટ જમીન ધારણ કરનારાઓએ ધારણ કરેલી એસ્ટેટનાં મેહેસુલના વહિવટની તજવીજ કરવા બાબતનો તથા મુંબઇ ના સન ૧૮૬૨ના ૬ ઠ્ઠા આકટનો હવે પછી અમલ બંધ રાખવા બાબતનો આકટ.

સન ૧૮૭૯ના મુંબઈના જમીન મેહેસુલના કાયદાના કેટલાક ભાગો અમદાવાદ, ખેડા, ભરૂચ તથા પંચમાહાલ જિલ્લાઓમાંના કેટલાક વરિષ્ટ જમીન ધારણ કરનારાઓએ ધારણ કરેલી એસ્ટેટને લાગુ પડવાની બાબતમાં શક છે તે દૂર કરવો તથા સદહું એસ્ટેટ નાં મેહેસુલનો વહિવટ કરવા બાબત તથા તેની વેહેંચણી કરવા બાબત વિશેષ ઠરાવ કરવો યોગ્ય છે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

ભાગ ૧ લો.

પ્રથમ નિયમો.

ટુંકું નામ.

૧. (૧) આ આકટને "સન ૧૮૮૮ નો ગુજરાતના તાલુકદારો બાબતનો આકટ" કહેવો.

(૨) તે અમદાવાદ, ખેડા, ભરૂચ તથા પંચમાહાલ જિલ્હાઓનેજ લાગુ પડે છે.

વ્યાખ્યાઓ.

૨. (૧) આ આકટમાં, વિષય ઉપરથી અથવા આસપાસના સંબંધ ઉપરથી બાધ આવતો નહિ હશે તોઃ—

"તાલુકદાર;"

(અ) "તાલુકદાર" આ શબ્દમાં ઠાકોરનો, મેવાસીનો, કસબાતીનો તથા નાયકનો અને જે મૂળ ગામેતી પ્રત્યક્ષ સરકાર પાસેથી જમીન ધારણ કરતો હોય તે મૂળ ગામેતીનો સમાવેશ થાય છે;

"નોંધેલો તાલુકદાર;"

(બ) "નોંધેલો તાલુકદાર" એ શબ્દનો અર્થ જે કોઇ એકના એક તાલુકદારનું નામ અથવા તાલુકદારી એસ્ટેટના કેટલાક સહભાગીદારો પૈકી જે સૌથી વડા અથવા મુખ્ય ભાગીદાર નું નામ સરકારી દફતરમાં સદહું પ્રકારની એસ્ટેટ ધારણ કરનાર તરીકે અથવા સદહું એસ્ટેટ ધારણ

કરનારા જુદા જુદા સહભાગીદારોના વારસ વકીલ તરીકે કાયદેસર નોંધ્યું હશે તે એકનો એક તાલુકદાર અથવા તે સૌથી વડો અથવા મુખ્ય ભાગીદાર;

(ક) "જમા" એ શબ્દનો અર્થ તાલુકદારે સરકારમાં આપવાનું જમીન મેહેસુલ;

"જમા."

(ડ) "બીજાને નામે કરી આપવું" આ શબ્દોનો અર્થ માલકીપણું બીજાને નામે કરી આપવું અને "જે માણુસને નામે કરી આપ્યું હોય તે માણુસ" આ શબ્દોનો અર્થ જે માણુસને નામે માલકીપણું કરી આપ્યું હોય તે માણુસ.

"બીજાને નામે કરી આપવું"; "જે માણુસને નામે કરી આપ્યું હોય તે માણુસ."

(ઇ) "બોજો" આ શબ્દમાં ધરાણીઆ હકનો, ચાર્જનો, બીજાની વસ્તુનો ઉપભોગ કરવાના હક્કની હેણુગીનો, તથા સામાન્ય ખેડુતના અથવા જેને નામે કરી આપ્યું હોય તે માણુસના અથવા તાલુકદારના હિતસંબંધ શિવાયના બીજા કંઈપણ હિતસંબંધનો સમાવેશ થાય છે; અને "બોજાવાળો" આ શબ્દનો અર્થ જે માણુસને બોજાનો હક્ક સ્વાધીન થાય તે માણુસ;

"બોજો;"

"બોજાવાળો;"

(ફ) સન ૧૮૭૯ ના મુંબઇના જમીન મેહેસુલના કાયદામાં જે કોઈ શબ્દની અથવા વાકયની વ્યાખ્યા આપી હશે અને આ આકટમાં ઉપર આપી નહિ હશે તે શબ્દ અથવા વાકયનો અર્થ સદહુ કાયદામાં જેવો કર્યો હશે તેવોજ છે એમ સમજવું.

મુંબઇના જમીન મેહેસુલના કાયદામાં વ્યાખ્યા કરેલા શબ્દો તથા વાકયો.

આ સુધારેલો આકટ સંવત ૧૮૮૯ના માર્ચની તારીખ ૨૫મી થી અમલમાં આવ્યો છે.—

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ આકટની કલમ ૩૧માંનો મજકુર આ આકટ પસાર થતાં પ્હેલાં એવા કોઈ મુળઆમેતીએ પોતાની એસ્ટેટ ઉપર બોજો નાંખ્યો હોય અથવા તે બીજાને નામે કરી આપી હોય તો તેને લાગુ પડે છે એમ સમજવું નહીં, પણ સદરહુ આકટ અન્વયે તેની એસ્ટેટ કોઈ સરકારી અમલદારે વહિવટમાં લીધી હોય તો તે પ્રસંગે તેને લાગુ પડે છે એમ સમજવું.

૨જા ભાગમાં "તાલુકદાર" એ શબ્દનો અર્થ.

(૨) વિષય ઉપરથી અથવા આસપાસના સંબંધ ઉપરથી બાધ આવતો નહિ હશે તો, ૨ જા ભાગમાં, "તાલુકદાર" એ શબ્દમાં દુમાલા નહિ હોય એવી જે એસ્ટેટોનું જમીન મેહેસુલ ઉધડ ધારાથી ઠરાવ્યું હોય તે એસ્ટેટોના કોઇપણ વર્ગના ધારણ કરનારાઓને સદરહુ ભાગના ઠરાવો મુંબઇ સરકારી ગેઝીટમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરીને વખતે વખતે લાગુ પાડવાનું ગવર્નર ઇન કૌંસિલને યોગ્ય લાગે તે ધારણ કરનારાઓનો સમાવેશ થાય છે.

ટીકા:—તાલુકદારી ગામોમાં તાલુકદારોએ આપેલી ઇનામી જમીનને સમરી સેટલમેન્ટ એકટ લાગુ નથી. આવા ગામનો વહીવટ સરકાર પોતાના હાથમાં લે ત્યારે માફીમાં આપેલી જમીન સરકારમાં દાખલ થશે. પરંતુ લોકોના બીજી રીતના હકોનું નુકસાન થવા દેવામાં આવશે નહિં. (સને ૧૮૬૩ના આકટ ૭ ની કલમ ૩).

સન ૧૮૭૯ ના મુંબઇના આકટ ૫ ની ૧૧૪મી કલમનો ભાગ રદ કરવા બાબત.

૩. સન ૧૮૭૯ ના મુંબઈના જમીન મેહેસુલના કાયદાની ૧૧૪ મી કલમ માંહેના "અથવા કોઇ તાલુકદારી એસ્ટેટના" એ શબ્દો રદ કર્યા છે.

ભાગ ૨ જો.

સર્વે તથા સેટલમેંટ બાબત

રેવિન્યુ સર્વે.

તાલુકદારી એસ્ટેટની સર્વે કરવાનું ફરમાવવાનો સરકારને અધિકાર છે.

૪. સન ૧૮૭૯ ના મુંબઇના જમીન મેહેસુલના કાયદાના જે ઠરાવો રેવિન્યુ સર્વેને અથવા સુધારેલી રેવિન્યુ સર્વેને લાગુ પડે એવા હશે તે ઠરાવો મુજબ કોઇપણ તાલુકદારી એસ્ટેટની રેવિન્યુ સર્વે અથવા સુધારેલી રેવિન્યુ સર્વે કરવા બાબત હુકમ ફરમાવવાનું જ્યારે ગવર્નર ઇન્ કૌંસિલને યોગ્ય લાગે ત્યારે તેમ કરવાનો તેમને કાયદાથી અધિકાર છે.

સેટલમેન્ટ પત્રક.

તાલુકદારી એસ્ટેટના સેટલમેન્ટ પત્રકમાં શું શું હોવું જોઇએ.

૫. સદહુ કાયદાની ૧૦૮ મી કલમ મુજબ સર્વે અમલદારે, સદહુ પ્રકારની કોઇપણ સર્વે કરતી વખતે, તૈયાર કરેલાં સેટલમેન્ટ પત્રકમાં, સરકાર બીજી રીતે ફરમાવે નહિ તો, સદહુ કલમમાં નિર્દિષ્ટ કરેલી વિગતને બદલે હેઠલ લખેલી વિગત હોવી જોઇયે, (એટલે.)

(અ) દરેક સર્વે નંબરનું ક્ષેત્રફળ તથા આકાર;

(બ) નોંધેલા તાલુકદારનું નામ, તથા જો સહભાગીદારો હોય તો તે પૈકી દરેક સહભાગીદારનું નામ, તથા તે એસ્ટેટમાં દરેકનો હિતસંબંધ કેટલે સુધી છે તે;

(ક) જો એસ્ટેટ અવિભક્ત હશે તો:

(૧) સઘળા સહભાગીદારોને સામાન્ય હશે એવાં સાધનથી જે નફો મળે તે તેઓમાં કઇ રીતે વેહેંચવો તે રીત;

(૨) દરેક સહભાગીદારે જમાનો, પોલીસ ચાર્જનો, હદનિશાન ઉભાં કરવાના તથા ઠીકઠાક રાખવાના ખર્ચનો, તથા વિદ્યમાન કાળે જે કોઇપણ કાયદો અમલમાં

હોય તે કાયદા મુજબ જે કોઇપણ બીજા ચાર્જને સહ ભાગીદારો સામાન્ય રીતે પાત્ર હોય તે બીજા ચાર્જનો જે ભાગ આપવાનો હોય તે ભાગ;

(૩) સહભાગીદારોએ ખેડુતો પાસેથી કઇ રીતે (ગણોત) ઉઘરાવવું તે રીત;

(ડ) જો એસ્ટેટની વેહેંચણી થઈ હશે અને સહભાગીદારો પોતપોતાના ભાગ જુદા જુદા ધારણ કરતા હશે તોઃ-

(૧) દરેક જુદો ભાગ કેટલો છે તે તથા તેની હદ.

(૨) સદરહુ દરેક ભાગના જુદા જુદા પેટા-ભાગીદારો જો કોઇ હોય તો તેઓની બાબતમાં, જ્યારે કોઇ એસ્ટેટ અવિભક્ત હોય ત્યારે સઘળા સહ-ભાગીદારોની બાબતમાં જે વિગત આપવાની જરૂર છે તેજ વિગત;

(ઇ) એસ્ટેટ અથવા તેનો કોઇપણ ભાગ જે માણસને નામે કરી આપ્યો હોય તે દરેક માણસનું નામ તથા વર્ણન તેમજ તે એસ્ટેટ અથવા તેના કોઇપણ ભાગ ઉપરના દરેક બોજાવાળા માણસનું નામ તથા વર્ણન તથા તે દરેકના હિતસંબંધનો પ્રકાર તથા વિસ્તાર, અને તેમાં હેઠળ લખેલી વાતો સ્પષ્ટ કરી કહેવી જોઇયેઃ-

(૧) સદરહુ પ્રકારનો હિતસંબંધ જેટલા કુલ ક્ષેત્ર ફળ ઉપર લાગુ હોય તે ક્ષેત્રફળ;

(૨) જે માણસને નામે કરી આપ્યું હોય તે દરેક માણસે તથા દરેક બોજાવાળાએ આપવાનું અથવા તેણે લેવાનું જો કાંઇ ભાડું અથવા જમીન મેહેસુલ હોય તો તેની રકમ તથા પ્રકાર;

(૩) સદરહુ હિતસંબંધનો આધાર, એટલે તે બક્ષીસ છે, કરાર છે, રિવાજ છે કે બીજું કાંઇ છે;

(૪) નોકરીની અથવા બીજી જે કોઇ શરતો ઉપર

સદરહુ હિતસંબંધનો આધાર હશે તે શરતો;

(પ) સરકાર વખતે વખતે જે બીજી વિગતો ફરમાવે તે બીજી વિગતો.

તકરારનો નિકાલ.

જે બાબતો ૫ મી કલમ મુજબ નોંધવાની છે તે સંબંધી તકરારનો નિકાલ સર્વે અમલદારે કરવો.

૬. (૧) સદરહુ પત્રક જે સરવૈ અમલદાર બનાવતો હોય તેને એમ માલમ પડે કે આ આકટ મુજબ જે કોઈપણ બાબત તેમાં નોંધવાને તે બંધાયલો છે તે બાબત વિષે કાંઇ તકરાર છે તો તકરાર કરનાર પક્ષકારો પૈકી કોઇપણ પક્ષકારની અરજી ઉપરથી અથવા પોતાની મેળે સદરહુ તકરારની તપાસ કરી તેનો નિકાલ કરવાનો તથા સદરહુ પત્રક તે પ્રમાણે બનાવવાનો તેને અધિકાર છે.

(૨) પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ સરવૈ અમલદારને એમ જણાય કે સદરહુ પ્રકારની કોઇપણ તકરારનો આખરનો ઠરાવ યોગ્ય હકુમતવાળી કોઇ કોર્ટ કરી ચુકી છે ત્યારે તે પત્રકમાં નોંધ કરવી તે સદરહુ ઠરાવ મુજબ કરવી જોઇયે.

કાગળપત્ર રાખવા તથા સુધારવા બાબત.

સેટલમેન્ટના કાગળપત્રો કોણે રાખવા;

૭. (૧) કોઈ તાલુકદારી એસ્ટેટનું સરવૈ સેટલમેન્ટ પૂરૂં થયા પછી સદરહુ પત્રક તથા તેના બીજા કાગળપત્રો કલેકટરે રાખવા જોઇયે, અને તે પત્રકની એકેક નકલ દરેક નોંધેલા તાલુકદારને મફત મળવાનો હક્ક છે, પણ તેની નકલ કરામણીની ફી આપવી પડશે.

વખતે વખતે સુધારવા.

(૨) સદરહુ પત્રક તથા બીજા કાગળપત્રો જ્યાંસુધી સર્વે અમલદારના હવાલામાં હોય ત્યાંસુધી તે સર્વે અમલદારે અને ત્યારપછી કલેકટરે, જે ફેરફાર થાય તે સઘળા તથા તે પત્રકમાં તથા કાગળપત્રોમાં નોંધેલા હક્ક તથા હિતસંબંધ પૈકી કોઈપણ હક્ક અથવા

હિત સંબંધને અસર કરતી દરેક વાત તેમાં નોંધાવવી જોઇએ; તથા તેમાં કાંઈ હસ્તદોષ થયો હોય તો તે તેમજ બીજી કાંઇ ભૂલ તેમાં થઇ છે એમ તેમાં હિતસંબંધ રાખનારા સઘળા પક્ષકારો કબુલ કરતા હોય તે બીજી ભૂલ કોઇપણ વખતે સુધારવી અથવા સુધરાવવી જોઇયે.

સરકાર ઉપર ફરિઆદ ચાલશે નહિ.

૮. (૧) કોઇ સરવે અમલદારનો અથવા કોઇ કલેકટરનો કલમ ૬ઠી અથવા કલમ ૭મી મુજબ કરેલો કોઇપણ ઠરાવ અથવા હુકમ રદ કરવા માટે સરકાર ઉપર અથવા સરકારના કોઇપણ અમલદાર ઉપર કોઇપણ ફરિઆદ ચાલશે નહિ.

પરંતુ પક્ષકારોએ પોતપોતાની દરમ્યાન મેળવેલા હુકમનામાનો અમલ કરવો.

(૨) પરંતુ સદરહુ પત્રક તથા બીજા કાગળપત્રો સુધારવા સારૂ સરવે અમલદારને કે સરવે સેટલમેન્ટ પૂરૂં થયું હોય ત્યારે કલેકટરને પક્ષકારોએ પોતપોતાની દરમીઆન યોગ્ય હકુમતવાળી કોઇ કોર્ટ પાસેથી મેળવેલા હરકોઇ આખરના હુકમનામાની સહીવાળી નકલ સાથે રાખી યોગ્ય રીતે અરજી કરેથી સદરહુ હુકમનામા મુજબ તે પત્રક તથા બીજા કાગળપત્રો સદરહુ સરવે અમલદારે અથવા કલેકટરે વખતે વખતે સુધારવાં જોઇયે.

(૩) પક્ષકારોની અથવા તેઓના સંબંધથી દાવો કરનારા બીજાં માણુસોની દરમીયાન દિવાની કોર્ટમાં કાંઈ ફરિયાદ થાય તેમાં, કલમ ૬ઠી અથવા કલમ ૭મી મુજબ કોઇ સરવે અમલદારે અથવા કલેકટરે કરેલો ઠરાવ અથવા હુકમ તેમાં ઠરાવેલી કંઇપણ બાબત સંબંધી નિર્ણયકારક છે એમ ગણાશે નહિ.

કાગળપત્રમાં કરેલા ફેરફારની પક્ષકારોને ખબર આપવી.

૯. સદરહુ પત્રકમાં તથા બીજા કાગળપત્રોમાં કરેલા દરેક ફેરફારથી અસર થતા પક્ષકારો પૈકી દરેકને તે બાબતની ખબર કંઇપણ ઢીલ કર્યા શિવાય સદરહુ ફેરફાર કરનાર અમલદારે આપવી.

ભાગ ૩ જો.

વહેંચણી કરવી.

જે શખ્સોને વેહેંચણ કરાવવાનો હક્ક છે તે શખ્સો.

૧૦. (૧) કોઇ તાલુકદારી એસ્ટેટના કોઈભાગ ઉપર તેનો હક્ક છે એમ ઠરાવનારૂં કોઈ યોગ્ય હકુમતવાળી કોર્ટનું આખરનું હુકમનામું જે શખસે મેળવ્યું હોય તે દરેક શખસને, તથા જે સહભાગીદારનું નામ સહભાગીદાર તરીકે ૫ મી કલમ મુજબ તૈયાર કરેલા સેટલમેન્ટ પત્રકમાં નોંધ્યું હોય તે દરેક સહભાગીદારને, તથા, સદરહુ પત્રક તૈયાર થતા સુધીમાં, ઉપર કહેલા કોઇપણ ભાગ ઉપરના જે શખસના હક્ક બાબત તેજ એસ્ટેટમાંના કોઇ ભાગ ઉપર દાવો કરનાર બીજા કોઇપણ શખસે તકરાર લીધી નહિ હોય તે દરેક શખસને પોતાનો ભાગ બાકીની એસ્ટેટમાંથી છુટો પડાવવાનો તથા તે ભાગ એક જુદી એસ્ટેટ તરીકે ધારણ કરવાનો હક્ક છે.

(૨) સદરહુ પ્રકારના કોઈપણ બે અથવા વધારે સહભાગીદારોને અથવા શખસોને પોતાના ભાગ બાકીની એસ્ટેટમાંથી છુટા પડાવવાનો તથા તે ભાગો એક જુદી એસ્ટેટ તરીકે એકઠા ધારણ કરવાનો હક્ક છે.

વેહેંચણ કરવા બાબતની અરજી કોને કરવી.

૧૧. વેહેંચણ કરવા બાબતની અરજી તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરને અથવા આ અર્થે આલીજા ગવર્નર ઇન્ કૌંસિલ જે કોઈ બીજા અમલદારને નીમે તે અમલદારને કરવી જોઇયે.

અરજી બાબતનું જાહેરનામું કરવું.

૧૨. (૧) વેહેંચણ કરવા બાબતની અરજી આવ્યા ઉપરથી તે દેખઇતી રીતે વાંધો લેવા લાયક નહિ હોય તો તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે, તે અરજી જે એસ્ટેટ બાબત હોય તે એસ્ટેટ જે તાલુકામાં આવી હોય

તે તાલુકાના મામલતદારની કચેરીમાં તથા જે ગામમાં તે આવી હોય તે ગામમાં પ્રસિદ્ધ ઠેકાણે અથવા સદહું એસ્ટેટની અંદર આવી જતા ગામો પૈકી દરેક ગામમાં, જેમ હોય તેમ, તે અરજી બાબતનું જાહેરનામું ચોહોડી પ્રસિદ્ધ કરવું જોઇયે.

(૨) વળી તેણે જણાયલા સહભાગીદારો પૈકી જે ભાગીદાર અરજી કરવામાં સામિલ થયો નહિ હોય તે દરેક સહભાગીદારના ઉપર એક નોટિસ બજાવવી અને તે નોટિસમાં મુકરર કરેલે દિવસે પોતાની રૂબરૂ તે સહભાગીદારો પૈકી જે કોઇને સદહું વેહેંચણ કરવા બાબત કાંઈ હરકત હશે તેણે જાતે અથવા કોઇ યોગ્ય અધિકારવાળા મુખ્ત્યાર મારફત હાજર થઈ તેની હરકત કહેવાનું ફરમાવવું, અને તે મુકરર કરેલો દિવસ તે નોટિસ કાહાડયાની તારીખથી ત્રીસ દિવસ કરતાં ઓછો અથવા સાઠ દિવસ કરતાં વધારે હોવો ન જોઇયે.

તે અરજી કરવામાં સામેલ નહિ થયા હશે તેવા સહભાગીદારો ઉપર નોટિસ બજાવવી.

૧૩. કંઇપણ કારણને લીધે, કોઇપણ સહભાગીદારની ઉપર નોટિસ હાથોહાથ બજાવી શકાય નહિ ત્યારે સદરહુ પ્રકારનો સહભાગીદાર છેલ્લો કીયા ઘરમાં રહેતો હતો એ જાણ્યામાં હોય તો, તે ઘરના કોઈ પ્રસિદ્ધ ભાગ ઉપર તે નોટીસની એક નકલ ચોડીને અથવા તાલુકદારી સેટલમેન્ટ ઓફિસર અથવા ઉપર કહેલા બીજા અમલદારની નજરમાં બીજી જે રીત યોગ્ય જણાય તે રીતે તે નોટીસ બજાવવી એવો હુકમ તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે કરવો.

નોટિસ સહભાગીદાર ની ઉપર, હાથોહાથ બજાવી શકાય નહિ ત્યારે કેમ કરવું.

૧૪. મુકરર કરેલે દિવસે અથવા તે પેહેલાં કોઇપણ ભાગીદારે વેહેંચણ બાબત કંઇપણ હરકત લીધી હોય અને તે હરકત ધ્યાનમાં લીધા પછી તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરના અથવા ઉપર કહેલા બીજા અમલદારના અભિપ્રાયમાં એમ આવે કે વેહેંચણ ન કરવા જેવાનું કાંઇ સબળ તથા

લીધેલી હરકત સ્વીકારવામાં આવી હોય ત્યારે વેહેંચણ કરવા નીના કેહેવાનો અધિકાર છે.

પુરતું કારણ છે તો તે અરજી નામંજુર કરવાનો તેનો અધિકાર છે; અને તેણે નામંજુર કરવાનાં કારણો દફતરે નોંધી રાખવાં.

ટાઇટલ (હક) બાબતનો સવાલ ઉઠયો હોય ત્યારે કેમ કરવું.

૧૫ (૧) સદરહુ હરકતમાં વેહેંચણ સંબંધી અરજદારના હક્ક બાબત કાંઇપણ સવાલ અથવા ટાઇટલ બાબત બીજો કાંઇપણ સવાલ ઉઠે અને તેનો કોઇ યોગ્ય અધિકારવાળી કોર્ટ તરફથી નિકાલ થઇ શકયો નહિ હોય તો તે સવાલનો કોઇ યોગ્ય અધિકારવાળી કોર્ટથી નિકાલ થતાંસુધી સદરહુ અરજી મંજુર કરવાની ના કહેવાને અથવા તે વખતે એવી કોઈ કોર્ટમાં સદરહુ સવાલનો નિકાલ થવાનો સંભવ હોય એવી કાંઇ ફરિયાદ ચાલતી નહિ હોય તો તે હરકતના ગુણદોષ તપાસવાને તાલુકદારી સેટલમેન્ટ ઓફિસર અથવા ઉપર કહેલો બીજો અમલદાર મુખ્ત્યાર છે.

તાલુકદારીસેટલમેન્ટ ઓફિસરે, અથવા સરકારે નીમેલા અમલદારે ક્યારે તથા કેવી રીતે ઠરાવ કરવો.

(૨) હરકતના ગુણદોષ તપાસવામાં આવે તે પ્રસંગે તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે જરૂરની ચોકશી કર્યા પછી તથા જે પુરાવો આપવામાં આવે તે લીધા પછી તે બાબતનો ઠરાવ કરવો જોઇયે; અને તે ઠરાવમાં, વેહેંચણ થવા માટે અરજ કરનાર પક્ષકાર અથવા પક્ષકારોના તથા એસ્ટેટના બીજા કોઇ સહભાગીદારો હોય તો તેઓના હિતસંબંધ કેવા પ્રકારના તથા કેટલે સુધીના છે તે જણાવવું અને તે ચોકશીનો ખરચ તથા વેહેંચણનો ખરચ કોણે અને શા પ્રમાણમાં આપવો તે ફરમાવવું. અને એ ખરચ જમીન મેહેસુલની બાકી તરીકે વસુલ કરી શકાશે.

ઠરાવ કરતાં પેહેલાં કામ ચલાવવાની રીત.

(૩) સદરહુ પ્રકારની કોઇપણ ચોકશી કરતી વખતે તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીતના કાયદામાં અવલ ફરિઆદો ની તજવીજ કરવા બાબત જે રીત ફરમાવી છે તેજ રીતે કામ

ચલાવવું, અને સદહુ કાયદાના ૪૭મા બાબના ઠરાવો જેટલે સુધી અવલ ફરિયાદમાં કરેલા ફેસલાની ફરી તપાસને લાગુ પડે છે તેટલે સુધી સદહું ઠરાવો તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે કરેલા ઠરાવને લાગુ પડશે. સદહું તપાસમાં ઉત્પન્ન થતો કોઇપણ સવાલ પક્ષકારોની સંમતિથી લવાદીપર સોંપવાને તાલુકદારી સેટલમેન્ટ ઓફિસર અથવા ઉપર કહેલો બીજો અમલદાર મુખત્યાર છે અને સદહું સોંપણને તેજ કાયદાના લવાદો સંબંધી ઠરાવ લાગુ પડશે એમ સમજવું.

તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરના અથવા બીજા અમલદારના ઠરાવ ઉપર અપીલ સાંભળવાનો ડિસ્ટ્રીકટ કોર્ટને અધિકાર છે.

૧૬. (૧) ૧૫મી કલમ મુજબ તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરના અથવા ઉપર કહેલા બીજા અમલદારના કોઇપણ ઠરાવ ઉપર અથવા તેના કોઇપણ ભાગ ઉપર અપીલ, જાણે સદહું પ્રકારનો ઠરાવ જે કોર્ટના ઠરાવ ઉપર અપીલ સાંભળવાનો ડિસ્ટ્રીકટ કોર્ટને અધિકાર હશે તે કોર્ટનું હુકમનામું હોય તે પ્રમાણે ડિસ્ટ્રીકટ કોર્ટમાં ચાલશે.

અને વેહેંચણ કરવાનું અટકાવવાનો સદહું કોર્ટને અધિકાર છે.

(૨) સદહું પ્રકારની અપીલ થયા ઉપરથી તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરને અથવા ઉપર કહેલા બીજા અમલદારને તે અપીલનો નિકાલ થતાંસુધી વેહેંચણ કરવાનું બંધ રાખવા બાબત હુકમ કરવાને તે ડિસ્ટ્રીકટ કોર્ટ મુખત્યાર છે.

વેહેંચણ શીરીતે કરવી તે બાબત.

૧૭. (૧) જ્યારે વેહેંચણ કરવાનો ઠરાવ થયો હોય ત્યારે તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે પક્ષકારોની નજરમાં આવે તો જાતે વેહેંચણ કરવાનું તેમની ખુશી ઉપર રાખવું, તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે ઠરાવેલી મુદતની અંદર વેહેંચણ કરવાને તે પક્ષકારો કબુલ ન થાય અથવા તેઓ વેહેંચણ ન કરે તો તાલુક-

દારી સેટલમેન્ટ ઓફીસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે પંડે વેહેંચણુ કરવી, અથવા તેને યોગ્ય લાગે તો વેહેંચણુ કરવા સારૂ તે પક્ષકારોએ નિમેલા લવાદોને સદર્હુ કામ સોંપવું.

(૨) સદરહુ વેહેંચણુ કરવામાં તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરને અથવા ઉપર કહેલા બીજા અમલદારને તથા તેના હુકમમુજબ કામ કરનાર હરકોઇ શખસને જે એસ્ટેટની વેહેંચણી કરવાની હશે તેની હદ ઠરાવવા સારૂ, જમીનની સરવૈ કરવા સારૂ તથા બીજાં કારણુ સારૂ તે એસ્ટેટમાં પેસવા બાબત જે અધિકાર સરવૈ અમલદારોને સન ૧૮૭૯ ના મુંબઈના જમીન મેહેસુલના કાયદાથી આપ્યા છે તેજ અધિકાર છે.

વેહેંચણી પુરી થાય ત્યારે તે વેહેંચણુ મંજુર રાખવાનો હુકમ કરવો તે બાબત.

૧૮. (૧) વેહેંચણી પુરી થાય એટલે તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે તે મંજુર કરવાનો હુકમ કરવો.

હુકમ બાબત જાહેરનામું.

(૨) સદર્હુ પ્રકારનો હુકમ કર્યા પછી તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે તે વાતનું જાહેરનામું, જે એસ્ટેટના ભાગ કર્યા હોય તે એસ્ટેટ જે તાલુકામાં આવી હોય તે તાલુકાના મામલતદારની કચેરીમાં તથા જે ગામમાં તે આવી હોય તે ગામમાં અથવા સદર્હુ એસ્ટેટમાં આવી જતા ગામોપૈકી દરેક ગામમાં, જેમ હોય તેમ, કોઇ પ્રસિદ્ધ ઠેકાણે ચોહોડી પ્રસિદ્ધ કરવું જોઇયે; અને તે વેહેંચણુ સદર્હુ જાહેરનામાની તારીખ પછીના

વેહેંચણુ કયારે અમલમાં આવશે.

જુન મહિનાની પેહેલી તારીખે અને તે તારીખથી, અથવા સદર્હુ જાહેરનામાંની તારીખ પછીના જુન મહિનાની પેહેલી તારીખ અને અકટોબર મહિનાની પેહેલી તારીખની

દરમીઆન બીજી જે તારીખ તાલુકદારી સેટલમેન્ટ ઓફિસર અ-થવા ઉપર કહેલો બીજો અમલદાર સદરહું એસ્ટેટમાં ખેડાણ હમેશ કઇ ઋતુમાં થાય છે તે ઉપર નજર રાખી ઠરાવે તે તારીખે તથા તે તારીખથી અમલમાં આવશે.

કબજો સ્વાધીન કરવા બાબત.

૧૯. (૧) કોઈપણ સહભાગીદારને ભાગે આવેલો ભાગ અથવા તેનો કોઈપણ ટુકડો તે સહભાગીદારને કોઈપણ દિવાની કોર્ટ કોઇ હુકમનામાની બજાવણીમાં એવો ભાગ અથવા ટુકડો જે રીતે તેને સ્વાધીન કરવાનો સન ૧૯૦૮ના દિવાની કામ ચલાવવાની રીતના કાયદા મુજબ હુકમ કરી શકે તે રીતે સ્વાધીન કર-વાનો ઉપર કહેલી તારીખ પછી કોઇપણ વખતે જો જરૂર પડે તો હુકમ કરવાને તાલુકદારી સેટલમેન્ટ ઓફિસર અથવા ઉપર કહેલો બીજો અમલદાર મુખ્ત્યાર છે.

હરકત અથવા અડ-ચણ થાય તો તેનું શું કરવું.

(૨) તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરના અથવા ઉપર કહેલા બીજા અમલદારના હુકમની બજાવણી કરવામાં જે અમલદારને તે હુકમની બજાવણી કરવાનું સોંપ્યું હોય તે અમલદારને કોઇપણ શખસ હરકત અથવા અડચણ કરે, અથવા કોઇ સહ-ભાગીદારને ભાગે આવેલા ભાગનો અથવા તે ભાગના કોઇપણ ટુક-ડાનો કબજો મેળવતાં તેને કાંઇ હરકત અથવા અડચણ થાય તો સન ૧૮૭૯ના મુંબઇના જમીન મેહેસુલના કાયદાની ૨૦૨ જી કલમ પ્ર-માણે કરેલા કોઇ હુકમની બજાવણી કરવામાં જે હરકત અથવા અડચણ થઇ હોય તેનાં વાજબીપણાં બાબત તપાસ કરવાનાં કારણુ-સર તથા તે હરકત અથવા અડચણ આગળ ચાલુ રહેવાનું બંધ કરવા સારૂ સદરહુ કલમથી કલેકટરને જે પ્રમાણે ચાલવાનો અધિ-કાર આપ્યો છે તે પ્રમાણે તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે ચાલવું.

૨૦. તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરના અથવા ઉપર કહેલા બીજા અમલદારના વેહેંચણ મંજુર રાખવાના ઠરાવ ઉપર અપીલ કમિશનરને સદરહુ પ્રકારની વેહેંચણની મંજુરીના હુકમની તારીખથી એક વર્ષની અંદર કરી હશે તો ચાલશે.

વેહેંચણ મંજુર કરવાના હુકમ ઉપર અપીલ કમિશનર આગળ ચાલશે.

૨૧. કોઇ તાલુકદારી એસ્ટેટની વેહેંચણ કરવામાટેની કંઇપણ ફરિયાદ અથવા અરજી કોઇપણ દિવાની કોર્ટે લેવી નહિ; પણ એવું ઠરાવ્યું છે કે મલિકા માઆઝમાની ન્યાયખાતાની મુંબઇની હાઇ કોર્ટની હકુમતને આ કલમ માંહેના કોઇપણ મજકુરથી બાધ આવે છે એમ સમજવું નહિ.

વેહેંચણ બાબતની ફરિયાદ અથવા અરજી લેવામાં દિવાની કોર્ટને બાધ છે.

ભાગ ૪ થો.

મેહેસુલનો વહિવટ.

તાલુકદારની જમા.

૨૨. (૧) જો કોઇ તાલુકદારની એસ્ટેટ અથવા તેના કોઇ પણ ભાગ ઉપરનું જમીન મેહેસુલ સર્વતઃ અથવા અંશતઃ માફ થયલું નહિ હોય તથા જમીન મેહેસુલ આપવાની તેની પાત્રતાને વિશેષ શરતો અથવા બંધીઓ લાગુ નહિ હોય તો સદરહુ પ્રકારની એસ્ટેટ અથવા તેના ભાગ બાબત સરકારને આપવાની જમા, જો તે એસ્ટેટ અથવા તેના ભાગને સર્વે સેટલમેન્ટ લાગુ કર્યું હોય તો, સદરહુ એસ્ટેટમાં અથવા તેના સદરહુ ભાગમાં આવેલી જમીનોના સરવે આકારોની એકંદર રકમમાંથી સરકારે પ્રત્યેક પ્રસંગે કાંઈ રકમ બાદ કરવાનું ફરમાવ્યું હોય તો તે રકમ બાદ જતાં જે રેહે તે છે એમ સમજવું.

તાલુકદારની જમા કેવી રીતે કરવી.

(૨) સદરહુ પ્રમાણે નક્કિ થયલી જમાની રકમ ત્રીસ વરસથી વધારે નહિ એવી અમુક મુદત સુધી કાયમ રેહેશે એમ જાહેર કરવાનો અધિકાર આલીજા ગવર્નર ઇન કૌંસિલને છે.

જમાની રકમ બાબત જે કબુલાયત તથા સેટલમેન્ટ હાલ અમલમાં હોય તે કાયમ રાખવા બાબત.

૨૩. (૧) કોઈપણ તાલુકદારની જમાની રકમ બાબત અત્યાર સુધીમાં જે કોઇપણ કબુલાયત તેણે કરી હોય અથવા તેની સાથે થઈ હોય અને જે અદ્યાપિ સુધી અમલમાં હોય તે કબુલાયતનાં અથવા સરકારે અથવા સરકારના હુકમ મુજબ કોઇ મુદતસુધી જમાની રકમ બાબત જે કાંઇ સેટલમેન્ટ કર્યું હોય અને જે અદ્યાપિ સુધી અમલમાં હોય તે સેટલમેન્ટનાં કાયદેસરપણાંને આ આકટ માંહેના કોઇપણ મજકુરથી બાધ આવે છે એમ સમજવું નહિ.

(૨) સદરહુ પ્રકારની દરેક કબુલાયતનો તથા સેટલમેન્ટનો અમલ જાણે આ આકટ પાસ નહિ થયો હોય તેવી રીતે થશે.

જમા બાબતની જવાબદારી.

૨૪. (૧) નોંધેલો તાલુકદાર પોતાના ગામની જમા બાબત સરકારને પ્રથમ જવાબદાર છે, અને જો ભાગીદારો હોય તો તે જમા માટે સઘળા સહભાગીદારો એકામતે તથા એકાજતે જવાબદાર છે.

તાલુકદાર કસુર કરે તો બીજા શખસોની પાત્રતા.

(૨) જો નોંધેલો તાલુકદાર જમા આપવા બાબત કાયદેસર રીતે ઠરાવેલી કાનુનો પ્રમાણે જમા આપવાને ચુકે તો તે જમા તેના કોઇપણ સહભાગીદારો હોય તો તેમની પાસેથી અથવા કબજાસહિત કોઇપણ ઘરેણે લેનારે ધારણ કરેલી મિલકતના સંબંધમાં અથવા કનિષ્ટ ધારણ કરનારના અથવા શખસના વાસ્તવિક કબજામાં તે એસ્ટેટ અથવા તેનો કોઇપણ ભાગ હોય તેણે ધારણ કરેલી મિલકતના સંબંધમાં જેટલી જમાલેહેણી હોય તેટલી જમા સદરહુ મુજબ કબજા સહિત ઘરેણે લેનાર પાસેથી અથવા સદરહુ કનિષ્ટ ધારણ કરનાર અથવા સદરહુ શખસ પાસેથી વસુલ કરવાનો અધિકાર છે.

(૩) જમા સદરહુ પ્રકારના કોઇપણ સહભાગીદાર પાસેથી, કબજા સહિત ઘરેણે લેનાર પાસેથી, કનિષ્ટ ધારણ કરનાર અથવા બીજા સખસ પાસેથી વસુલ કરવામાં આવે ત્યારે તાલુકદારને મેહેસુલ આપવાના ઠરાવેલા અથવા મામુલ વખતે અથવા તે વખત પછી જે પૈસા તાલુકદારને તેણે આપ્યા હોય તે સઘળા તેને મજરે આપવા, અને તેની પાસેથી જે રકમ વસુલ કરવામાં આવશે તે તાલુકદારની સાથે તેનો જે હિસાબ હશે તેમાં મજરે મળવાનો તેને હક્ક છે.

બીજા શખ્સો પાસેથી વસુલ કર્યું હોય તે મજરે આપવું.

વેહેંચણ કરી હશે ત્યારે જમા વેહેંચી આપવા બાબત.

૨૫. (૧) જ્યારે વેહેંચણ થઇ હોય અને તાલુકદારી એસ્ટેટ જુદી જુદી ધારણ કરવામાં આવતી હોય ત્યારે તે એસ્ટેટ જે જુદા જુદા ભાગમાં વેહેંચાઇ હોય તે દરેક ભાગની બાબતમાં આપવાની જમા કલેકટરે નક્કી કરવી જોઇયે અને ત્યારપછી એવો દરેક ભાગ ૨૪મી કલમનાં કારણો સારૂ જુદી એસ્ટેટ છે એમ સમજવું.

(૨) પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ એસ્ટેટ જે જુદા જુદા ભાગોમાં વેહેંચાઈ હોય તે જુદા જુદા ભાગોની બાબતમાં આપવાની એકંદર જમા, તે આખી એસ્ટેટ જો હજુ અવિભક્ત રહી હોત તો તેના ઉપર જે જમા આપવી પડત તેના કરતાં વધારે હોવી ન જોઇયે.

સરકારી અમલદારોએ તાલુકદારોની એસ્ટેટોનો વહિવટ કરવા બાબત.

કેટલેક પ્રસંગે તાલુકદારી એસ્ટેટનો વહિવટ પોતાના હાથમાં લેવાનો કલેકટરને અધિકાર છે.

૨૬. (૧) કોઇપણ તાલુકદારી એસ્ટેટના ભાગીદારો વચ્ચે તકરાર પડ્યાના સબબથી અથવા કાંઇ બીજા કારણથી આલીજા ગવર્નર ઇન કૌંસિલને એમ જણાય કે દેશની સુલેહને જોખમ પહોંચવાનું અથવા કનિષ્ટ ધારણ કરનારાઓના સુખને હાની થવાનું કાંઈ કારણ છે

તો સદરહુ એસ્ટેટને જપ્ત કરાવીને તેનો વહિવટ પોતાના હાથમાં લેવો અથવા આ કારણ સારૂ પોતે જે કોઇ એજન્ટ નીમે તેને તે વહિવટ સોંપવો એમ કલેકટરને ફરમાવવાને ગવર્નર ઇન કૌંસિલ મુખ્ત્યાર છે; અને એવો હુકમ સરકારે જે કારણો ઉપરથી ફરમાવ્યો હોય તેની નકલ મળવા બાબત હરકોઇ નોંધેલો તાલુકદાર અથવા સહભાગીદાર અરજ કરે એટલે કલેકટરે તે નકલ તેને આપવી.

(૨) ઉપર કહ્યા પ્રમાણે જપ્ત કરીને કોઈપણ એસ્ટેટ વહિવટમાં લીધી હોય ત્યારે, તેના ભાગદારો અથવા તેઓ પૈકી એક અથવા વધારે ભાગદાર સદરહુ એસ્ટેટનો વહિવટ પાછો મળવા બાબત જિલ્લા માજિસ્ટ્રેટને હરકોઈ વખતે અરજી કરવાને મુખ્ત્યાર છે; અને ઉપર કહ્યા પ્રમાણેની ધાસ્તી રાખવાને હવે કાંઇપણ કારણ નથી એમ તે અરજદારો જિલ્લા માજિસ્ટ્રેની ખાત્રી થાય એવી રીતે સાબિત કરશે તો તે એસ્ટેટનો વહિવટ તાલુકદારને પાછો સોંપવાનો હુકમ કરવાને જિલ્લા માજિસ્ટ્રેટ મુખ્ત્યાર છે.

વેહેંચણી પુરી થતાં સુધી એસ્ટેટનો વહિવટ લેવાનો અધિકાર છે.

૨૭. (૧) કમિશનરની મંજુરી લઇને તાલુકદારી સેટલમેન્ટ આફિસરને અથવા સરકારે નિમેલા બીજા અમલદારને જે એસ્ટેટની વેહેંચણ થતી હોય તે એસ્ટેટ તે વેહેંચણ પુરી થતાં સુધી પોતાના વહિવટમાં લેવાનો અધિકાર છે.

(૨) પરંતુ એમ ઠરાવ્યું છે કે આ કલમ મુજબ મંજુરી મળવા સારૂ કમિશનરને લખાણ કરતાં પહેલાં તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે તેમ કરવાનો પોતાનો ઇરાદો છે એ બાબતની યોગ્ય નોટીસ પક્ષકારોને આપવી, તથા પક્ષકારો પૈકી કોઇપણ પક્ષકાર સદરહુ લખાણ વિરૂદ્ધ હરકતનો કંઇપણ લખેલો મજકુર તેની આગળ રજુ કરે તે તેણે પોતાના લખાણ સાથે કમિશનરને ધ્યાનમાં લેવા સારૂ મોકલવો.

૨૮. (૧) સરકારની મંજુરીથી, તાલુકદારી સેટલમેન્ટ ઓ-

તાલુકદારની અરજ ઉપરથી એસ્ટેટનો વહિવટ લેવાની સત્તા

ફિસરને અથવા આ કામસારૂ સરકારે નીમેલા બીજા કોઇપણ અમલદારને, તાલુકદારની લખેલી અરજ ઉપરથી, સદહું તાલુકદારની એસ્ટેટ તાબામાં લઇને કબુલ થયેલી મુદત સુધી સદરહુ એસ્ટેટ પોતાના વહિવટમાં રાખવાનો અધિકાર છે;

(૧ અ). હિંદુશાસ્ત્ર મુજબ એકત્ર કુટુંબના સહભાગીદાર શિવાયના, તાલુકદારી એસ્ટેટના બીજા કોઇ સહભાગીદાર એવા એસ્ટેટમાં પોતાના ભાગ માટે પેટા કલમ ૧ મુજબ અરજી કરવાને મુખત્યાર છે. (સન ૧૯૧૦ નો ૧ લો.)

(૨) જ્યારે કોઇપણ તાલુકદારની એસ્ટેટ હિંદુશાસ્ત્ર મુજબ અથવા બીજી રીતે સહભાગીદારોએ ધારણ કરી હોય, ત્યારે આખી એસ્ટેટનો એકંદર ઓછામાં ઓછો પોણો ભાગ જેટલો હિત સંબંધ ધારણ કરનારા સહભાગીદારોની સહીની અરજી, પેટા કલમ (૧) નાં કારણ સારૂ, આખું એસ્ટેટના સંબંધમાં તાલુકદારે કરેલી અરજી છે એમ સમજવું.

પણ પ્રથમ એવું ઠરાવ્યું છે કે, તે અરજી ઉપર સહીઓ કરનારા સહભાગીદારોનો એકંદર હિતસંબંધ આખી એસ્ટેટના પોણા ભાગ જેટલો થાય છે કે નહીં તે વિશે ગવર્નર ઇન કૌન્સિલને શક પડે, તો પેટા કલમ (૧) પ્રમાણે આવી કોઈ અરજી ઉપર મંજુરી આપવી નહીં; અને

બીજું એવું ઠરાવ્યું છે કે, એવી કોઇ અરજી ઉપર સહી કરનારા સહભાગીદારો શિવાયના બીજા કોઇપણ સહભાગીદારને પોતાના ભાગનો હિસ્સો પડાવવાનો આ આકટના કોઇપણ મજકુર ઉપરથી હરકત આવે છે એમ સમજવું નહિ.

જ્યારે કોઇ એસ્ટેટ સરકારી અમલદારે પોતાના વહિવટમાં

૨૯. (૧) ઉપરની છેલ્લી ત્રણ કલમો માંહેની ગમે તે કલમ મુજબ કોઈપણ તાલુકદારી એસ્ટેટ સરકારી અમલદારોએ પોતાના વહિવટમાં લીધી હોય ત્યારે સન ૧૮૭૯ ના મુંબઇના જમીન

લીધી હોય ત્યારે સન ૧૮૭૯ના મુંબઇના આકટ ૫ની ૧૬૦ મી કલમ લાગુ પડવા બાબત.

મેહેસુલના કાયદાની ૧૬૦ મી કલમના ઠરાવ તેને લાગુ પડશે.

(૨) પરંતુ એમ ઠરાવ્યું છે કે કલમ ૨૬ મુજબ એસ્ટેટના વહિવટ કરનાર સરકારી અમલદારે સદરહુ એસ્ટેટમાંની કોઇ પણ જમીનના સંબંધમાં ખાતાના હક્કનું કંઇપણ વેચાણ કર્યું હોય અથવા કોઈપણ કબુલાત કરી હોય તે વેચાણ અથવા કબુલાત, તે જે તારીખે કરવામાં આવે તે તારીખથી પાંચ વર્ષ કરતાં વધારે મુદત સુધી નહીં જોઇયે અને ૨૭ મી કલમ મુજબ એસ્ટેટના વહિવટ કરનાર સરકારી અમલદારે સદરહુ પ્રમાણે ખાતાના હક્કનું કાંઇ વેચાણ કર્યું હોય અથવા કાંઇ કબુલાત કરી હોય તે, જે મુલકી સાલમાં સદરહુ અમલદારના વહિવટનું કામ પુરૂં થાય તે સાલની આખર પછી અમલમાં રહેશે નહિ, પણ સદરહુ એસ્ટેટની વેહેંચણ પુરી થાય તે વખતે જે સહ-ભાગીદારના ભાગમાં સદરહુ જમીન આખરે આવે તે સહ-ભાગીદાર તે વેચાણ અથવા તે કબુલાત મંજુર કરે તો જુદી વાત છે.

ફાજલ વસુલની વ્યવસ્થા કરવા બાબત.

(૩) સદરહુ પ્રકારના વહિવટની દરમ્યાન જો કાંઇ ફાજલ વસુલ આવે તો તેમાંથી ચાલુ સાલનું જમીન મેહેસુલ તથા તેની સઘળી બાકીની રકમ તથા તે એસ્ટેટને રેવેન્યુ સરવૈ લાગુ કરવાનું ચોથી કલમ મુજબ ગવર્નર ઈન્ કૌંસિલ ફરમાવે અથવા તેમણે ફરમાવ્યું હોય તો રેવેન્યુ સરવૈ તે એસ્ટેટને લાગુ કરવામાં જે ખરચ થાય તે સુદ્ધાં વહિવટનો ખરચ બાદ કરતાં જે બાકી રહે તે સઘળા સહભાગીદારોમાં તેમના પોતપોતાના ભાગના પ્રમાણમાં તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે પોતાને જે જે મુદત યોગ્ય લાગે તે તે મુદતે વહેંચી આપવું જોઇએ.

જેની એસ્ટેટ વહિવટમાં લીધી હોય એવા તાલુકદારની નાલાયકી.

૨૯ અ. (૧) જે તાલુકદારની એસ્ટેટ સરકારી અમલદારોએ ૨૬ મી અથવા ૨૮ મી કલમની રૂએ પોતાના વહિવટ હેઠળ લીધી હોય તે તાલુકદાર, વહિવટ કરનારા અમલદારની સંમત્તિ વગર, પોતાની મિલકત ઉપર અથવા તેના કોઇપણ ભાગ ઉપર કોઇપણ બોજો તબદીલ કરવાને અથવા ઉત્પન્ન કરવાને અથવા તેમાંનો અથવા તેમાં કોઇપણ હિત સંબંધ તબદીલ કરવાને અથવા ઉત્પન્ન કરવાને, અથવા જે કરાર ઉપરથી પોતાના ઉપર નાણાની જવાબદારી આવી પડે એવો કોઇ પણ કરાર કરવાને નાલાયક છે એમ સમજવું; અને એવો વહિવટ ચાલુ હોય તે દરમિયાન કરેલું કોઇપણ કરજ આપવા સારૂ જે વચન એવો વહિવટ પુરો થયા પછી કર્યું હોય તે વચન ઉપરથી, અથવા એવો વહિવટ ચાલુ હોય તે દરમિયાન કરેલું જે કોઇપણ વચન અથવા કરાર એવો વહિવટ પુરો થયા પછી કાયમ કરી આપ્યું હોય તે ઉપરથી, તેના ઉપર બોજો નાખવાની ફરિયાદ કોઈપણ દિવાની કોર્ટમાં આણી શકાશે નહિ; પછી એવા વચન માટે અથવા કાયમ કરી આપવા માટે નવો મોબદલો લીધો હોય કે ન હોય તેની હરકત નહિ.

(૨) પણ પેટા કલમ (૧) ના કોઇપણ ઠરાવ ઉપરથી એવા કોઈપણ તાલુકદારને લગ્નનો કરાર કરવાને બાધ આવે છે એમ સમજવું નહિ;

પણ એવું ઠરાવ્યું છે કે, એવા તાલુકદારને જે કાયદો લાગુ હોય તે કાયદો જોતાં તથા તેનો દરજ્જો તથા તેની સ્થિતિ જોતાં વહિવટ કરનાર અમલદાર જે રકમ યોગ્ય છે એવો લેખી ઠરાવ કરે તે રકમ શિવાય બીજી કોઇપણ નાણા સંબંધી જવાબદારી એવા તાલુકદારે એવા કરારના સંબંધમાં માથે લેવી નહિ.

મરણ પછી વહિવટ ચાલુ રાખવાનો અખિત્યાર.

(૩) એવા કોઇપણ તાલુકદારના મરણ પછી,

(અ) તેની મિલકતના અથવા તેના કોઇપણ ભાગના વારસા બાબત વાંધો ઉઠે, ત્યારે વહિવટ કરનાર અમલદાર, ગવર્નર ઇન્ કૌંસિલની મંજુરી લઇને, દાવો કરનારાઓમાંનો કોઇપણ એક જણ પોતાનો દાવો એકાદી યોગ્ય અધિકારવાળી દિવાની કોર્ટમાં સાબિત કરે ત્યાંસુધી તે મિલકત પોતાની દેખરેખ હેઠળ રાખવાને, અથવા સઘળા દાવો કરનારા વિરૂદ્ધ ઇન્ટરપ્લીડરની ફરિયાદ માંડવાને મુખત્યાર છે; અને

વારસા બાબત વાંધો ઉઠે ત્યારે,

(બ) તેની મિલકત ઉપર કરજ તથા જવાબદારીનો બોજો ચાલુ હોય, ત્યારે વહિવટ કરનાર અમલદાર, ગવર્નર ઇન્ કૌંસિલની મંજુરી લઇને, એવું કરજ તથા જવાબદારી પતી જાય ત્યાં સુધી, સદરહુ મિલકત પોતાની દેખરેખ હેઠળ રાખવાને મુખત્યાર છે.

મિલકત ઉપર બોજો ચાલુ હોય તે પ્રસંગે.

જે તાલુકદારોની એસ્ટેટ વહિવટમાં લીધી હોય તેમની જવાબદારી નક્કી કરીને પતાવવા બાબત.

૨૯ બ. (૧) જ્યારે એકાદી તાલુકદારી એસ્ટેટ સરકારી અમલદારોએ ૨૬ મી અથવા ૨૮ મી કલમની રૂયે પોતાના વહિવટમાં લીધી હોય, ત્યારે વહિવટ કરનાર અમલદાર, મુંબઈ સરકારી ગેઝેટમાં, અને ગવર્નર ઇન્ કૌંસિલ સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને ફરમાવે તેવી બીજી રીતે, એક નોટીસ અંગ્રેજીમાં તથા દેશી ભાષામાં પ્રસિદ્ધ કરવાને મુખત્યાર છે; અને તે નોટીસમાં તેણે લખવું કે, એવા તાલુકદાર સામે અથવા તેની મિલકત સામે જે કોઇપણ શખસ દાવો કરતો હોય તેણે પોતાનો દાવો તે નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી છ મહિનાની અંદર મને લખી મોકલવો.

જેની એસ્ટેટ વહિવટમાં લીધી હોય તેવા તાલુકદાર ઉપર દાવો કરનારાઓને આપવાની નોટીસ પ્રસિદ્ધ કરવા બાબત.

(૨) જ્યારે વહિવટ કરનાર અમલદારની ખાત્રી થાય કે પેટા કલમ (૧) પ્રમાણે પ્રસિદ્ધ કરેલી નોટીસ મુજબ ચાલવાને કોઇ દાવો કરનાર અશકત હતો, ત્યારે તે સદરહુ નોટીસમાં લખેલી મુદ્દત પુરી થયા પછી કોઇપણ વખતે તેનો દાવો રજુ કરવા દેવાને મુખત્યાર છે; પણ કોઇપણ કાયદામાં, કરારમાં, હુકમનામામાં અથવા ઠરાવમાં વિરૂદ્ધ લખાણ હોય તોપણ, એવા દાવા ઉપર એવી મુદ્દત પુરી થયાની તારીખ પછી તે દાવો રજુ થાય ત્યાં સુધી વ્યાજ ચઢતું બંધ રહેશે.

(૩) (સરકારના દાવા શિવાયનો) એવા તાલુકદાર સામેનો અથવા તેની મિલકત સામેનો જે દાવો પેટા કલમ (૧) ની રૂયે પ્રસિદ્ધ કરેલી નોટીશ પ્રમાણે વહિવટ કરનાર અમલદારને લખી મોકલવામાં આવ્યો નહીં હોય અથવા પેટા કલમ (૨) પ્રમાણે રજુ કરવા દેવામાં આવ્યો ન હોય તે દરેક દાવો, કલમ ૨૯ (ક), પેટા કલમ (૨), રકમ (ક) માં તથા સન ૧૮૭૭ના હિંદુસ્તાનના મુદ્દત બાબતના આકટની ૭ મી અને ૧૩ મી કલમોમાં ઠરાવ્યું છે તે શિવાયને પ્રસંગે, સઘળાં કારણ સારૂ તથા સઘળે પ્રસંગે, પછી એવા વહિવટની દરમિયાન અથવા ત્યારપછી (દાવો કરનારે અથવા તેની મારફત દાવો કરનાર કોઇપણ શખસે એવા કોઇપણ દાવાના સંબંધમાં આણેલી કોઇ ફરીઆદમાં અથવા કામમાં પેટા કલમ (૧) પ્રમાણે પ્રસિદ્ધ કરેલી નોટીસ પ્રમાણે વહિવટ કરવાને તે અશકત હતો એવી કોર્ટની ખાત્રી કરીને સાબીત ન કરે તો) યોગ્ય રીતે અદા કરવામાં આવ્યો છે એમ સમજવું.

દાવો કરનારાઓએ સંપૂર્ણ વિગત અને દસ્તાવેજ રજુ કરવા.

૨૯ ક. (૧) વહિવટ કરનાર અમલદાર લેખી હુકમથી એવું ફરમાવવાને મુખત્યાર છે કે કલમ ૨૯ બ, પેટા કલમ (૧) માં પ્રસિદ્ધ થયેલી નોટીસ પ્રમાણે દાવો રજુ કરનાર દરેક દાવેદારે એવા હુકમમાં જે યોગ્ય મુદ્દત ઠરાવવામાં આવી

હોય તે મુદતની અંદર તેની પુરેપુરી હકીકત રજુ કરવી, અને તે પોતાના દાવાનો આધાર જે દસ્તાવેજ ઉપર રાખતો હોય તે સઘળા દસ્તાવેજ (તેમજ પોતાના હીસાબના ચોપડામાંની નોંધ) તથા એવા દરેક દસ્તાવેજની ખરી નકલ રજુ કરવી જોઇએ;

પણ એવું ઠરાવ્યું છે કે જે બદલ હુકમનામું અથવા ઠરાવ થયો હોય એવી રકમ બદલ સદરહુ દાવો હોય, ત્યારે એવો દાવો કરનાર, પ્રસંગ પ્રમાણે, એવા હુકમનામાની સહીસીકાવાળી નકલ તથા એવું હુકમનામું જે કોર્ટે કર્યું હોય અથવા જે કોર્ટ બજાવતી હોય તે કોર્ટે એવા હુકમનામાની રૂએ કેટલી રકમ વસુલ કરવા લાયક છે તે બાબત આપેલો દાખલો, અથવા ઠરાવની ખરી નકલ તથા તેની રૂએ કેટલી રકમ વસુલ કરવાજોગ છે તે બાબતની કેફિયત એવા વહિવટ કરનારની આગળ રજુ કરશે તો બસ થશે; અને જ્યારે સદરહુ દાવા બાબત ઠરાવ કરવાનું કામ કોઇપણ કોર્ટમાં ચાલતું હોય અથવા તે લવાદ ઉપર સોંપ્યો હોય, ત્યારે સદરહુ દાવો કરનાર, પ્રસંગ પ્રમાણે, ફરિઆદ અરજીની સહી સીકાવાળી નકલ અથવા લવાદનામાની ખરી નકલ રજુ કરશે તો બસ થશે.

(૨) વહિવટ કરનાર અમલદારે એવી રીતે રજુ કરવામાં આવેલા દરેક અસલ દસ્તાવેજ ઓળખી શકાય તે સારૂ તેની ઉપર નિશાની કરીને, અને તેની નકલ ખરી છે તેની ખાત્રી કરીને તે નકલ પોતાની પાસે રાખવી, અને અસલ દસ્તાવેજ દાવો કરનારને પાછો આપવો.

(૩) જ્યારે, કોઇપણ દસ્તાવેજ દાવો કરનારના કબજામાં અથવા નિર્બંધ હેઠળ હોય અને તે પેટા કલમ (૧) ની રૂએ કરેલા હુકમ પ્રમાણે હાજર ન કરે ત્યારે, તે દસ્તાવેજ એવા દાવો કરનારે અથવા તેની વતી દાવો કરનાર કોઇપણ શખસે એવો દસ્તાવેજ જે દાવાને લગતો હોય તે દાવાના સંબંધમાં માંડેલી ફરિયાદમાં એવો દસ્તાવેજ જે તાલુકદારની એસ્ટેટ

વહિવટમાં હોય તે તાલુકદારની વિરૂધ્ધ, એવો વહિવટ ચાલુ હોય તે દરમિયાન અથવા ત્યાર પછી, પુરાવામાં લઈ શકાશે નહિ, પણ જો એવો દાવો કરનાર કોર્ટની ખાત્રી થાય એવી રીતે સાબત કરે કે એવો દસ્તાવેજ એવા હુકમમાં ફરમાવ્યા મુજબ હાજર કરવાનું મારા અધિકારની બહાર હતું તો તે દાખલ કરી શકશે.

દાવાની તપાસ તથા નીકાલ.

૨૯ ડ. (૧) કલમો ૨૯ બ તથા ૨૯ક ના ઠરાવોને અનુસરીને રજુ કરવામાં આવેલા સઘળા દાવા દાખલ કર્યા પછી વહિવટ કરનાર અમલદારે એવા દાવા બાબત ચોકસી કરવી, અને તેમાંના કયા દાવા, પ્રસંગ પ્રમાણે, સર્વતઃ અથવા અશંતઃ દાખલ કરવા જોઇએ અથવા સર્વતઃ અથવા અંશતઃ રદ કરવા જોઇએ તે વાતનો નિકાલ પેટા કલમ (૩) ના ઠરાવને પાત્ર કરવો, અને પોતે કરેલો નિકાલ હિતસંબંધવાળા દરેક દાવો કરનારને લખી મોકલવો.

(૨) જ્યારે વહિવટ કરનાર અમલદારે પેટા કલમ (૧) ની રૂએ કોઇપણ દાવો દાખલ કર્યો હોય, ત્યારે તેને એવા દાવાની રકમ ઘટાડવાની, અથવા આયંદે આપવાના વ્યાજના દરમાં ઘટાડો કરવાની, અથવા તે બન્ને બાબતની લેખી સુચના તે દાવો કરનાર ઉપર મોકલવાનો અધિકાર છે; અને જો એવી સુચના અથવા તેમાં ફેરફાર કરેલી સુચના સદરહુ દાવો કરનાર કબુલ કરે તો, અને તેની કબુલત છેવટે વહિવટ કરનાર અમલદારે, અથવા ગવર્નર ઇન્ કૌંસિલ, સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને આ અર્થે નિમે એવા એસિસ્ટંટ અથવા ડેપ્યુટી કલેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા કોઇપણ મુલકી અમલદારે દફતરમાં નોંધીને તે ઉપર સાખ કરી હોય તો, તે ઉપરથી સદરહુ દાવો કરનાર પુર્ણપણે બંધાશે:

પણ એવું ઠરાવ્યું છે કે, જો વહિવટ બંધ થયા પછી, ઉપર કહ્યા પ્રમાણે ઘટાડેલા દાવાનો કોઇપણ ભાગ પત્યા વગર રહ્યા હોય, તો સદરહુ દાવો કરનારને, પત્યા વગર રહેલો ભાગ અને

ઘટાડેલો દાવો એ બે વચ્ચે જે પ્રમાણુ હોય તેટલુંજ પ્રમાણુ પેટા કલમ (૧) ની રૂએ દાખલ કરવામાં આવેલો અસલ દાવો તથા જે રકમ વચ્ચે હોય તે રકમ વસુલ કરવાનો હક છે એમ સમજવું.

(૩) પેટા કલમ (૨) ના ઠરાવોને પાત્ર, આ કલમમાંના કોઇપણ મજકુરનો એવો અર્થ કરવો નહિ કે જેથી જેની એસ્ટેટ વહિવટમાં લીધેલી હોય, એવા તાલુકદાર સામેનો, અથવા તેની જે મિલકત વહિવટ કરનાર અમલદારને યોગ્ય રીતે સોંપવામાં આવી હોય તે મિલકત સામેનો દાવો વસુલ કરવા સારૂ દિવાની કોર્ટમાં ફરિયાદ માંડવાને હરકત આવે:

પણ એવું ઠરાવ્યું છે કે, આ કલમની રૂએ વહિવટ કરનાર અમલદારે કરેલો નિકાલ એવી કોઇપણ ફરિયાદમાં પ્રતિવાદીની સામે સાબીત કરવો નહીં.

દાખલો દાખલ કરમાં આવે ત્યાં સુધી હુકમનામાની બજાવણી તહકુબ કરવી.

૨૯. ઇ. (૧) કલમ ૨૯ બ, પેટા કલમ (૧) ની રૂએ નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવે એટલે, જેની એસ્ટેટ વહિવટમાં લીધી હોય એવા તાલુકદારની સામે અથવા તેની મિલકતની સામે કોઈપણ હુકમનામાની બજાવણીનું કામ, હુકમનામા મુજબ દાવો યોગ્ય રીતે રજુ કરવામાં આવ્યો છે એવો વહિવટ કરનાર અમલદારનો દાખલો હુકમનામું ધારણુ કરનાર રજુ કરે નહિ ત્યાં સુધી, અથવા હુકમનામાની સહી સીક્કાવાળી નકલ તથા એવા દાખલા માટેની લેખી અરજી વહિવટ કરનાર અમલદારને મળે તે તારીખથી એક મહિનો પુરો થાય ત્યાં સુધી, શરૂ કરવું નહિ, અથવા ચાલુ રાખવું નહિ.

(૨) એવા તાલુકદાર સામે અથવા તેની મિલકત સામે હુકમનામું ધારણુ કરનાર કોઇપણ શખસને વહિવટ કરનાર અમલદાર પાસેથી પેટા કલમ (૧) મુજબનો દાખલો વગર ખરચે મળવાનો હક છે.

(૩) જે હુકમનામાની બજાવણીનું કામ, દાવો યોગ્ય રીતે

રજુ નહિ કર્યાના કારણને લીધે તહકુબ કર્યું હોય અથવા થોડા વખત માટે બંધ કર્યું હોય તે હુકમનામાની બજાવણીની દરખાસ્ત માટે સન ૧૮૭૭ના હિંદુસ્તાનના મુદત બાબતના આક્ટની રૂએ, અથવા દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૨૩૦ની રૂએ ઠરાવેલી મુદ્દત ગણતી વખતે, કલમ ૨૯ (બ), પેટા કલમ (૧) ની રૂએ પ્રસિદ્ધ કરેલી નોટીસની તારીખથી અથવા એવું હુકમનામું એવી નોટીસ પ્રસિદ્ધ થયા પછી કરવામાં આવ્યું હોય તો તેની તારીખથી દાવો યોગ્યરીતે રજુ કર્યાની તારીખ સુધીની મુદ્દત બાદ કરવી જોઇયે.

સરકારને રિપોર્ટ.

"૨૯. (ફ). (૧) જ્યારે કલમ ૨૯ (ડ) ની રૂએ સઘળા દાવાની તપાસ કરવામાં આવી હોય ત્યારે વહિવટ કરનાર અમલદારે જેની એસ્ટેટ વહિવટમાં લીધી હોય એવા તાલુકદારના કરજ તથા બીજા દેવાની એક યાદી ગવર્નર ઇન્ કૌંસિલને મોકલવી, અને ગવર્નર ઈન્ કૌંસિલ જ્યારે સદરહુ મિલકત છુટી કરવાની કોઇપણ આશા ન રહે એવી રીતે ગુંથાઈ ગઇ હોય ત્યારે અથવા બીજા કોઇપણ પુરતા કારણને લીધે મુંબઇ સરકારી ગેઝીટમાં એક હુકમ પ્રસિદ્ધ કરીને એવું ફરમાવવાને મુખત્યાર છે કે, એવા હુકમમાં ઠરાવેલી તારીખે એવી એસ્ટેટનો વહિવટ પાછો ખેંચી લેવામાં આવશે.

(૨) સદરહુ ઠરાવેલી તારીખે—

(અ) સદરહુ વહિવટની મુદ્દત પુરી થશે;

(બ) તે એસ્ટેટના સંરક્ષણ સારૂ અથવા લાભ સારૂ વહિવટ કરનાર અમલદારે જે કાંઈપણ કરાર કર્યા હશે તેમને પાત્ર, તે એસ્ટેટનો કબજો તેના ધણીને પાછો આપવામાં આવશે; અને

(ક) કલમ ૨૯ (બ), પેટા કલમ (૩)માં હવાલો આપેલા દાવા પાછા તાજા થશે.

(૩) પેટા કલમ (૨), રકમ (ક)ની રૂએ તાજા થયેલા દા-

વાઓ વસુલ કરવાની તથા અમલમાં આણવાની ફરિયાદોને લાગુ કરવાની મુદત ગણતી વખતે, સદરહુ વહિવટ જેટલી મુદતસુધી ચાલુ રહ્યો હોય તેટલી મુદત બાદ કરવી.

સન ૧૯૦૫ ના મુંબઇના કોર્ટ ઑફ વાર્ડસના ઠરાવો લાગુ પાડવા બાબત.

"૨૯ (ગ). આ આકટ જે પ્રદેશને લાગુ હોય તે આખા પ્રદેશ માટે અથવા તેના કોઇ ભાગ માટે તાલુકદારી સેટલમેન્ટ આફીસરને કોર્ટ ઑફ વૉર્ડસ તરીકે નિમવાનું જાહેરનામું સન ૧૯૦૫ના મુંબઈના કોર્ટ ઑફ વૉર્ડસના આકટની ૩ જી કલમના વિશેષ ઠરાવની રકમ (ક)ની રૂએ પ્રસિદ્ધ થાય એટલે, સદરહુ સન ૧૯૦૫ ના મુંબઇના કોર્ટ ઑફ વૉર્ડસના આકટના ઠરાવો આ આકટમાંના કોઇપણ ઠરાવને બાધ નહીં આવે તે રીતે અને તેની સાથે બંધ બેસતા હોય તેટલે સુધી, જે કોઇપણ એસ્ટેટ સદરહુ તાલુકદારી સેટલમેન્ટ આફીસરે કલમ ૨૬ અથવા ૨૮ ની રૂએ પોતાના વહિવટમાં લીધી હોય, અથવા જે હવે પછી લે તે એસ્ટેટને અથવા તેના સંબંધમાં, જાણે તે એસ્ટેટ તેની દેખરેખ હેઠળ એવી કોર્ટ ઑફ વૉર્ડસ તરીકે હોય તે પ્રમાણે લાગુ પડશે, અને જે તાલુકદારની એસ્ટેટ વહિવટમાં લીધી હોય તે તાલુકદાર તે આકટના અર્થ પ્રમાણે સરકારી વૉર્ડ છે એમ સમજવું."

પોલીસ અમલદારો તથા તાબાના નોકરો.

૩૦ (૧) ગવર્નર ઈન્ કૌંસિલને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવવાનો અધિકાર છે, એટલે:—

પોલીસ કેટલી જોઇયે તે તથા તેનું મેહેનતાણું સરકારે ઠરાવવું.

(અ) તાલુકદારી એસ્ટેટમાંનાં દરેક ગામમાં કયા કયા પોલીસ અમલદારોની તથા તાબાના નોકરોની જરૂર છે તે ઠરાવવાનો;

(બ) તે પોલીસ અમલદારો તથા તાબાના નોકરો કોણે તથા કઇ કઇ શરતોએ નીમવા તથા તેમને શિક્ષા કરવી તથા બર-

તરફ કરવા તે ઠરાવવાનો;

(ક) દરેક પોલીસ અમલદારને તથા પોલીસ ખાતાના દરેક નોકરને શું મેહેનતાણું આપવું તે ઠરાવવાનો,

પોલીસનો ખરચ શી રીતે વસુલ કરી શકાય.

(૨) પોલીસ બાબતનો ખરચ સરકાર વખતે વખતે ઠરાવે તેવે વખતે તાલુકદારે આપવો જોઇએ, અને સદરહુ પ્રમાણે આપવાની કોઇપણ રકમ જે વખતે તે દેવી થાય તે વખતે તાલુકદાર આપવાને ચુકે તો સદરહુ રકમ જાણે જમાનો ભાગ હોય તેવી રીતે જમા ઉપરાંત સદરહુ તાલુકદાર પાસેથી વસુલ કરી શકાશે.

(૩) જો વેહેંચણુ થઇ હોય અને એસ્ટેટ જુદી જુદી ધારણુ કરવામાં આવતી હોય તો સદહું ખરચ તે એસ્ટેટ જે જુદા જુદા ભાગમાં વિભક્ત થઇ હોય તે તે ભાગોના ધારણ કરનારાઓએ તે એસ્ટેટમાં તેમના પોતપોતાના ભાગના પ્રમાણમાં આપવી પડશે તથા તે પ્રમાણે તેમની પાસેથી વસુલ કરી શકાશે.

ટીકાઃ—કેટલાક તાલુકદારી ગામોમાં રાવણીઆ, મુખી અને આગેવાનોને તાલુકદાર તરફથી પોલીસની નોકરી કરવાના બદલામાં માફીમાં જમીન મળે છે. આવી જમીનને વતનની જમીન કહેવી કે નહીં એ સવાલ ઉત્પન્ન થયો. ઠરાવ થયો કે રાવણીઆ વંશપરંપરાના નોકર નથી. તેથી તેઓ વતનદાર કહેવાય નહીં. મુખી અને આગેવાન લોકોને ગમે ત્યારે રજા આપી શકાય એવા ગણાતીઆ છે. તેઓને પણ વતનદાર કહી શકાય નહીં. આવી જમીનને સન ૧૮૬૩નો આકટ ૭ મો "સમરી સેટલમેન્ટ" લાગુ થતો નથી–તેમજ, સન ૧૮૭૪નો આકટ ૩ જો વતન સંબંધી લાગુ થતો નથી. આવા ઇનામ કબુલ રાખવાં એ, તથા તાલુકદાર અને તેના ઇનામદાર એ બેહુના સંબંધ વચ્ચે હાથ ઘાલવો એ, સરકારની રાજનિતીથી વિરૂદ્ધ છે.

આવા ઇનામદાર ઉપર પોતાના જે જે હકો હોય તે, દીવાની કોર્ટમાં દાદખાં થઇ અમલમાં લાવવા તાલુકદારે તજવીજ કરવી જોઇએ. સરકાર વચ્ચે પડી શકતી નથી. તાલુકદાર પોતાની એસ્ટેટનો સંપુર્ણ માલીક છે, છતાં આવી જમીનને "વતનની મીલકત" ગણવામાં આવે તો, તાલુકદારથી

તે જમીન કોઇ દીવસ ખુંચાવી લઇ શકાય નહીં. એટલે તાલુકદારના હકને નુકશાન થાય. અને તેમ કરવા સરકાર રાજી નથી.

ઠરાવ નં૦ ૪૩૭૮ તા૦ ૧૪-૫-૧૯૧૦.

ભાગ ૫ મો.

પરચુરણ.

તાલુકદારની પોતાની હયાતી પછી તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરની સંમતિ શિવાય તાલુકદારી એસ્ટેટ ઉપરના બોજાને બાધ છે.

૩૧. (૧) કોઇ તાલુકદારે આ આકટ અમલમાં આવ્યા પછી પોતાની એસ્ટેટ અથવા તેના કોઈપણ ભાગ ઉપર તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરની અથવા આ કલમનાં કારણસારૂ ગવર્નર ઇન્ કૌંસિલ જે બીજો અમલદાર નિમે તે બીજા અમલદારની અગાઉથી લેખી સંમતી લીધા શિવાય કંઇપણ બોજો નાંખ્યો હોય તે સદહું તાલુકદારની સ્વાભાવિક હયાતી પછીના કોઇપણ વખતે કાયદેસર ગણાશે નહીં.

અને તાલુકદારના મરણ પછી, એવા તાલુકદાર અથવા તેના કાયદેસર વારસ વકીલ સામે, ઉપર કહેલી મંજુરીથી નાખેલા અથવા આ આકટ અમલમાં આવે તે પ્હેલા નાખેલા બોજા સંબંધી મેળવેલા હુકમનામા શિવાયના બીજા કોઇપણ હુકમનામાની બજાવણીમાં તે તાલુકદારી એસ્ટેટ અથવા તેનો કોઇપણ ભાગ જપ્ત કરવા સારૂ, વેચવા સારૂ અથવા સ્વાધીન કરવા સારૂ ચલાવેલું કોઇપણ કામ, અથવા એવી એસ્ટેટ અથવા ભાગના કબજા અથવા માલકીપણાને બાધ કરે એવી બીજી કોઇપણ પ્રોસેસ, એવી મંજુરી વગર ચલાવવી નહિ અથવા ચાલુ રાખવી નહિ.

અને ગવર્નર ઇન્ કૌંસિલની મંજુરી શિવાય બીજાને નામે

(૨) આ આકટ અમલમાં આવ્યા પછી કોઈ તાલુકદારી એસ્ટેટ અથવા તેનો કોઇપણ ભાગ અથવા તેમાંનો કાંઇપણ હિસ્સો અથવા હિતસંબંધ ગવર્નર ઇન્ કૌંસિલની અગાઉથી મંજુરી લીધા

કરી આપવામાં આવે એવી સઘળી બાબતોને બાધ છે.

શિવાય બીજાને નામે કરી આપ્યો હશે તો તે કાયદેસર ગણાશે નહિ, અને એ મંજુરી આપવી તે, જે પ્રદેશ બીજાને નામે કરી આપ્યો હોય તે પ્રદેશને સંબંધે જમાના તથા ગામ ખરચના તથા પોલીસ ખરચના દેવા થયલા ભાગની સઘળી જવાબદારી ત્યાર-પછી સદહું તાલુકદારને શિર નહિ પણ જેને નામે કરી આપ્યું હોય તેને શિર રહેશે એવી શરત કર્યા શિવાય આપવી નહિ.

સન ૧૮૬૩ના મુંબઇના ૭મા આકટની ૩જી કલમ મુજબના સરકારના હક્ક કાયમ રાખ્યા છે.

૩૨. (૧) ૩૧મી કલમ મુજબ આપેલી કોઇપણ સંમતીથી અથવા મંજુરીથી સન ૧૮૬૩ના મુંબઇના ૭મા આકટની (એટલે ઇંડિઆની કૌંસિલનો સન ૧૮૫૨નો ૧૧મો આકટ મુંબઇ ઇલાકાના જે ભાગોને લાગુ નથી તે ભાગોમાં જમીનનો ધારો આપવાની હમને માફી છે એ રીતે જે લોકો દાવો કરે છે તેઓના દાવાનો સંક્ષેપ રીતે ઠરાવ કરવા બાબત અને સદહું પ્રકારની માફી આગળ સરકાર કેવી શરતથી કબુલ કરશે તે સંબંધી નિયમ ઠરાવવા બાબતના આકટની) ૩જી કલમ મુજબના સરકારના હક્કને કાંઇ બાધ આવે છે એમ સમજવું નહિ.

સન ૧૮૮૧ના ૨૧મા આકટની ૨૮મી તથા ૨૪મી કલમો કાયમ રાખી છે.

(૨) અને, ૩૧મી કલમ માંહેનો કોઇપણ મજકુર કોઇપણ ઠાકોરની જે મિલકતને સન ૧૮૮૧ના ભરૂચ તથા ખેડાના કરજદાર એસ્ટેટોના આકટની ૨૮મી કલમ લાગુ પડતી હશે તેને લાગુ પડશે નહિ, અથવા તેથી કોઇપણ ઠાકોરની સ્થાવર મિલકતના સદહું આકટની ૨૪મી કલમ મુજબના વહિવટદારના અધિકારને બાધ આવે છે એમ સમજવું નહિ.

૩૩. (૧) સન ૧૮૭૯ના મુંબઇના જમીન મેહેસુલના કાયદા

જમીન મેહેસુલનો કાયદો તાલુકદારોની એસ્ટેટને લાગુ પડવા બાબત

ની કલમો ૩૮ થી ૪૦, બંને સુદ્ધાં, ૪૪, ૬૦ થી ૬૭, બંને સુદ્ધાં, ૭૬, ૮૨, ૮૫, ૧૦૯ ૧૧૦, ૧૧૬, ૧૨૭ થી ૧૩૬, બંને સુદ્ધાં, ૧૬૩, ૨૧૬ તથા ૨૧૭ માંહેનો કોઇપણ મજકુર જે એસ્ટેટને આ આકટ લાગુ છે તેને લાગુ પડે છે એમ સમજવું નહિ.

(૨) સદરહું કાયદાના ઠરાવ જ્યારે સદરહું પ્રકારની કોઇ એસ્ટેટને લાગુ પાડવામાં આવે ત્યારે તે હેઠળ લખેલા ફેરફારને પાત્ર રહેશે, (એટલે):—

(અ) કલમ ૩ ની રકમ (૧) માંહેના "અર્થ" એ શબ્દ પછી "તાલુકદારી સેટલમેન્ટ ઓફિસર તથા સન ૧૮૮૮ ના ગુજરાતના તાલુકદારો બાબતના આકટ અન્વયે કોઇ અધિકાર ચલાવવાને અથવા કાંઇ કર્તવ્ય કામ કરવાને ગવર્નર ઇન્ કૌંસિલે જે અમલદાર નીમ્યો હોય તે દરેક અમલદાર અને" આ શબ્દો દાખલ કરવા;

(બ) ૫૪ મી કલમમાં "૧૩૬ મી કલમ પ્રમાણે" એ શબ્દો પછી "અથવા સન ૧૮૮૮ના ના ગુજરાતના તાલુકદારો બાબતના આકટ પ્રમાણે" એ શબ્દો દાખલ કરવા;

(ક) ૪૬ મી, ૮૮ મી, ૮૯ મી તથા ૯૪ મી કલમમાં "દુમાલા જમીનનો ધારણ કરનાર" તથા "ધારણ કરનાર" એ શબ્દો જ્યાં જ્યાં આવતા હોય ત્યાં ત્યાં તે શબ્દોને બદલે "તાલુકદાર" એ શબ્દ દાખલ કરવો;

"(ક ક) કલમ ૭૯ અ, રકમ (અ) માં નીચેના શબ્દો દાખલ કરવા, એટલે:—

જે સન ૧૮૮૮ ના ગુજરાતના તાલુકદારો બાબતના આકટના કોઇપણ ઠરાવનું ઉલ્લંઘન કરીને તે વાપરતો હશે અથવા ભોગવતો હશે તે જમીન, અથવા".

(ડ) ૮૮ મી કલમમાં (ક) થી તે (ફ) સુધીની રકમો અને વિશેષ ઠરાવ મુકી દેવા.

(ઇ) કલમ ૧૧૧ ને બદલે નિચે લખેલી કલમ દાખલ કરી છે એમ ગણવું. એટલે:—

જે તાલુકદારી એસ્ટેટ થોડી મુદત સારૂ સરકારના વહિવટમાં હોય તેનાં મેહેસુલના વહિવટ બાબત.

૧૧૧. કોઇપણ તાલુકદારી એસ્ટેટ થોડી મુદત સારૂ સરકારના અમલદારોના વહિવટમાં આવે ત્યારે, સને ૧૮૮૮ ના ગુજરાતના તાલુકદાર બાબતના આકટની કલમ ૨૯ ને વિશેષ ઠરાવ જે કોઇપણ બાબતમાં લાગુ પડે તે બાબતમાં તે વિશેષ ઠરાવને અનુસરીને, કલેકટરને, તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરને અથવા આ અર્થે સરકારથી નિમાયલા બીજા કોઇ અમલદારને નિચે પ્રમાણે કરવાનો અધિકાર છે, એટલે—સર્વે સેટલમેન્ટથી ઠરાવેલા દરે અથવા તેને યોગ્ય લાગે તેવા કોઇ બીજા ઠરાવેલા દરે સદરહુ એસ્ટેટમાંની જમીન સાંથે આપવાનો, અને પડતર જમીનના ખાતાં હરાજીથી વેચવાનો, અને તાલુકદારી એસ્ટેટમાં નહિ આવેલી દુમાલા નહિ હોય એવી જમીનના વહિવટ સારૂ કરેલી કાનુને જેટલે સુધી લાગુ પડી શકે તેટલે સુધી તથા સદ્હુ એસ્ટેટ સરકારી અમલદારના વહિવટમાં જેટલી મુદતસુધી રહે તેટલી મુદત સુધી, તે કાનુને મુજબ સદ્હુ એસ્ટેટના મેહેસુલનો બીજી રીતનો વહિવટ ચલાવવાનો કાયદેસર રીતે અધિકાર છે; તથાપિ એમ ઠરાવ્યું છે કે સદહું પ્રકારની એસ્ટેટના તાલુકદારે જમીન સંબંધી કંઇપણ લખેલી કબુલાત કરી આપી હોય તે કબુલાતથી જેટલે સુધી સદહું જમીન ઉપર સરકારના કાયદેસર હક્કને નુકસાન નહિ થાય તેટલે સુધી, તે કબુલાતને આ કલમ મુજબ ચલાવેલી કોઇપણ તજવીજથી બાધ આવશે નહિ; અને વળી એવું ઠરાવ્યું છે કે સરકારી અમલદારના વહિવટમાંથી સદહું એસ્ટેટ છુટે ત્યારે તેનો કબજો તથા ભોગવટો, સને ૧૮૮૮ ના ગુજરાતના તાલુકદાર બાબતના આકટની કલમ ૨૯માં બીજી રીતે ઠરાવ્યું હોય તે શિવાયના પ્રસંગે આ કલમ મુજબ જે કંઇપણ પટા તથા ખાતાના હક્ક આપ્યા હોય તેને પાત્ર રહીને, તે તાલુકદારને પાછો મળશે.

(ફ) ૧૧૩ મી કલમમાંની રકમ (૩) મુકી દેવી.

(ગ) ૧૪૭મી કલમમાં "બીજી કોઇ કલમના ઠરાવ પ્રમાણે" એ શબ્દો પછી "અથવા સન ૧૮૮૮ના ગુજરાતના તાલુકદારો બાબતના આકટ પ્રમાણે" એ શબ્દો દાખલ કરવા.

(હ) કલમ ૧૫૦ની રકમ (ફ) માંનો "દુમાલા" એ શબ્દ મુકી દેવો.

(જે) કલમ ૧૬૦ માં 'સદહું પ્રમાણે જપ્ત કરેલાં કોઇ ગામની અથવા ગામના ભાગની જમીન સરકારમાં પાછી આવશે, અને તેના" આ શબ્દો બદલે "સદહુ પ્રમાણે જપ્ત કરેલાં કોઇ ગામની અથવા ગામના ભાગની જમીનના" આ શબ્દો વાંચવા.

(કે) ૧૬૨ મી કલમમાંના "જપ્તી પછીના આગસ્ટ મહિનાની ૧લી તારીખથી બાર વરસની અંદર હરકોઇ વખતે" એ શબ્દો મુકી દેવા.

(લ) કલમ ૨૧૪ માંની રકમ (ફ) મુકી દેવી.

(મ) સામાન્યરીતે "તાલુકદાર" એ શબ્દ "ખાતાદાર" એ શબ્દને બદલે, "નોંધેલો તાલુકદાર" એ શબ્દો "નોંધેલો ખાતાદાર" એ શબ્દોને બદલે, તથા "તાલુકદારની ધારણ કરેલી જમીન" અથવા એ અર્થના બીજા જે કોઇ શબ્દો આસપાસના સંબંધથી જરૂરના જણાતા હશે તે શબ્દો "ખાતુ" એ શબ્દને બદલે દાખલ કરવા.

અને વળી જે અર્થે મુંબઇનો સન ૧૮૬૨નો ૬ઠો (અમદાવાદ જિલ્હામાંના તાલુકદારોની સ્થિતિ સુધારવા બાબત તથા તેઓને કરજમાંથી છોડવવા બાબતનો) આકટ નવી એસ્ટેટોને જે વખત એ અંદર લાગુ કરી શકાય તે વખતની હદ્દ બાંધવી યોગ્ય છે; તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

સન ૧૮૬૨ના મુંબઇના ૬ઠા આકટના અમલની મુદ્દત.

૩૪. સદહું સને ૧૮૬૨ના મુંબઈના ૬ ઠ્ઠા આકટની ૧ લી કલમ પ્રમાણે કોઈપણ નવો ઠરાવ આ આકટ જે તારીખે અમલમાં આવે તે તારીખથી છ મહીના વીતી ગયા પછી કોઇપણ વખતે કરવો ન જોઇયે.

સમાપ્ત.

EXPERIENCES OF

A MAMLATDAR--MAGISTRATES LIFE.

Price Rs. 1-8-0 reduced to Rs. 0-12-0.

J. De. C. Atkins Esqr. I. C. S. Commissioner N. D. writes:—I have read parts of the book with much interest. I think books of personal experiences, like this, are exceedingly instructive and should be glad to see your example followed by others.

P. J. Mead. Esqr. I. C. S. Collector Surat, writes:—Your autobiography interested me as a remarkably frank account of a Revenue Officers career.

Sir John Jardine I. C. S. (retired)' M. P. writes:—Very good and interesting.

Sir John Stanley, Chief Justice, N. W. P. writes:—Very interesting.

The Gujarati, Bombay, writes:—An interesting book...deals with a variety of matter. Mr. Desai's commentary upon the rules laid down by the Government is brief but telling.

The Indu Prakash, Bombay, writes:—Is the first book of its kind at least on this side of India, we have ever seen written by a native. An attempt to give the benefit of one's experience to the public is, of course, laudable. The book is on the whole well written.

The Phœnix, Karachi, writes:—An excellent book.

પોલીસ પટેલ

અથવા

પોલીસ પટેલને ઉપયોગી કાયદા વિગેરે બાબતનો સંગ્રહ.

પુસ્તક વિષે અભિપ્રાયો.

મુંબાઇ હાઇકોર્ટના જડજ નામદાર પારસન્સ સાહેબ તા૦ ૭–૮–૯૯ ના પત્રમાં લખે છે કે આ પુસ્તક ઘણો ફેલાવો પામશે, કારણ, જેને માટે એ પુસ્તક તૈયાર કરેલું છે તેઓને એ ઉપયોગી થઇ પડશે એમાં કંઇ શક નથી.

મેહેરબાન સુરત જીલ્લાના કલેકટર સાહેબ,

પોતાના તા૦ ૩૦–૭–૯૯ના કાગળમાં લખે છે કે, તમારૂં તૈયાર કરેલું પોલીસ પટેલ નામનું પુસ્તક વખાણવા લાયક છે, અને જે પોલીસ પટેલો પોતાની ફરજ હોંશીઆરીથી અને કાયદેસર રીતે બજાવવા ચાહતા હોય તેમને તે ઘણુંજ ઉપયોગી થઇ પડશે. આ પુસ્તક લાંબા વખતની ખોટ પુરી પાડે છે અને ગામના પટેલોનો વહિવટ સુધારવામાં ઘણું ઉપયોગી છે. વીગેરે.

મેહેરબાન ભરૂચ જીલ્લાના કલેકટર સાહેબ,

પોતાના તા૦ ૧૦–૨–૧૨ના કાગળ નંબર ૮૭૯ માં લખે છે કે, "પોલીસ પટેલ" નામનું તમારૂં પુસ્તક, પટેલોને તેમની ફરજ બજાવવામાં ઘણું મદદગાર થઇ પડશે, અને દરેક પટેલે એ પુસ્તકની એક એક નકલ રાખવી જોઇએ.

મેહેરબાન પંચમાહાલ જીલ્લાના ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ સાહેબ,

પોતાના તા૦ ૧૫–૨–૧૨ ના કાગળ નંબર ૧૮૯ માં લખે છે કે, (પોલીસ પટેલ નામનું પુસ્તક) ઉમદા છે, અને સારી રીતે ગોઠવેલું છે.

મેહેરબાન ખેડા જીલ્લાના કલેકટર સાહેબ,

પોતાના તા૦ ૩૦–૩–૧૨ના કાગળ નંબર ૮૫૪ માં લખે છે કે, તમારૂં પોલીસ પટેલ નામનું પુસ્તક ઘણુંજ ઉપયોગી છે. એ પુસ્તકની એક એક પ્રત ખેડા જીલ્લાના દરેક પોલીસ પટેલને સરકાર તરફથી અપાવવા, સરકારમાં લખવા વિચાર છે. વીગેરે—